Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

ઉત્તર ગુજરાતનું લોકપ્રિય દૈનિક

# રખેવાળ

વર્ષ : 33 અંક : ૧૬૬
તા.૨૧-૦૭-૨૦૧૭,શુક્રવાર
સંવત ૨૦૭૩ અષાઢ વદ - ૧૩
પાના : ૮ કિંમત રૂ.૨-૦૦

સુર્યોદય : ૦૬:૦૫ સૂર્યાસ્ત : ૦૭:૨૫

તાપમાન
ડીસા ૩૨.૪

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ | ૩૨.૪ | વડોદરા | 33.3 |
| ગાંધીનગર | ૩૫.૦ | સુરત | ૩૦.૭ |
| રાજકોટ | ૩૩.૬ | નલિયા | ૩૪.૪ |

ચાંદી : ૩૭૮૦૦ સોનુ : ૨૯૧૦૦

P.R.No.GBK/06/2015-17 RNI NO.20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઇ શેઠ પો.બો.નં. ૧,માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪,૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન - ૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# રામનાથ કોવિંદ ૧૪માં રાષ્ટ્રપતિ બન્યા

## એનડીએના ઉમેદવાર રામનાથ કોવિંદને ૬૫.૬૫ ટકા અને મીરાકુમારને ૩૪.૩૫ ટકા મત મળ્યા : કુલ ૯૯ ટકા મતદાન

નવી દિલ્હી,તા. ૨૦

એનડીએના ઉમેદવાર રામનાથ કોવિંદે આજે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ધારણા પ્રમાણે જ જોરદાર સપાટો બોલાવ્યો હતો. કોવિન્દ હવે ૨૫મી જુલાઈના દિવસે દેશના ૧૪માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે. કોવિંદે યુપીએના ઉમેદવાર મીરા કુમારન ૩૪.૩૫ ટકા મતથી હાર આપી હતી. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જીતી ગયા બાદ રામનાથ કોવિંદે કહ્યુ હતુ કે તેઓ તેમને ટેકો અન સમર્થન આપવા માટે તમામનો આભાર માને છે. ૧૭મી જુલાઈના દિવસે રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન થયુ હતુ. મતગણતરીની પ્રક્રિયા આજે સવારે શરૂ થયા બાદ ભારે ઉત્સુકતા શરૂઆતથી દેખાઈ હતી. આખરે ધારણા પ્રમાણે જ કોવિંદે બાજી મારી હતી. સવારે ૧૧ વાગ સંસદ ભવનમાં મતગણતરીની શરૂઆત થઈ હતી. નવા રાષ્ટ્રપતિ ચૂંટી કાઢવા માટે આશરે ૯૯ ટકા મતદાન થયુ હતુ. મતગણતરીમાં કોવિંદને ૬૫.૬૫ ટકા મત મળ્યા હતા. જ્યારે યુપીએના ઉમેદવાર મીરા કુમારને ૩૪.૩૫ ટકા મત મળ્યા હતા. રામનાથ કોવિંદને ૭૦૨૪૪ની કિંમતના ૨૯૩૦ મત મળ્યા હતા જ્યારે મીરાકુમારને ૩૬૭૩૧૪ની કિંમતના ૧૮૪૪ મત મળ્યા હતા. ૭૭ મત અમાન્ય જાહેર થયા હતા. રાષ્ટ્રપતિની ચૂંટણી માટના રિટર્નિંગ ઓફિસર દ્વારા આ મુજબની જાહેરાત કરાઈ હતી. ૧૭મી જુલાઈના દિવસે મતદાન યોજાયું હતું. મતગણતરીની શરૂઆત થયા બાદ શરૂઆતથી જ



રામનાથ કોવિંદે મીરાકુમાર ઉપર લીડ મેળવી લીધી હતી. પ્રથમ રાઉન્ડમાં કોવિંદને ૬૦૬૮૩ વોટ વેલ્યું મળ્યા હતા જ્યારે મીરાકુમારના ખાતામાં ૨૨૯૪૧ વોટ વેલ્યુ ગયા હતા. પ્રથમ રાઉન્ડના આંકડા મુજબ એનડીએ ઉમેદવાર કોવિંદને ૫૫૨ સાંસદોએ મત આપ્યા હતા જ્યારે મીરાકુમારની તરફેણમાં ૨૨૫ સાંસદોએ મત આપ્યા હતા. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સૌથી વધારે

(અનુસંધાન પેજ ૬ પર)

### વિચાર વૈભવ

## મુન્નાભાઈ શીખતા રહો

આજીવન શીખતા રહેવા માટે વિનમ્રતા જોઈએ, જિજ્ઞાસા અને ધીરજ તથા નૂતન જાણકારી માટેની તાલાવેલી હોવી જોઈએ. નોકરી, વ્યાપાર કે વ્યવસાયમાં સુખચેનથી ગોઠવાઈ ગયા પછી શીખવાની તૈયારી બહુ ઓછાની હોય છે. આપણે જે કાર ચલાવીએ એનું થોડું મિકેનિઝમ શીખી લઈએ, બાઈક હોય તો ગેરેજવાળા પાસે અવારનવાર જઈને એનું રીપેરીંગ જાતે શીખીએ. કમ્પ્યુટરો પ્રલયની જેમ આવ્યા, સહુ શીખે છે, આપણે ય શીખીએ, પ્રત્યન કરીએ. ન આવડે ત્યાં સુધી મુંઝવણ, આવડ્યા પછી તો કામકાજની સરળતા વધે, હિસાબકિતાબ, ઓફિસ કામ બધામાં કમ્પ્યુટર એક સાથી. શીખવાની તો કેટલી બધી બાબતો આપણી આસપાસ છે. ભાવનગર કલેક્ટર ઓફિસના પટ્ટાવાળાને આઠ હજાર વનસ્પતિના ઈંગ્લીશ-ગુજરાતી નામ અને ઓળખ આવડે છે. જેને શીખવાની ધગશ છે. એ તો શીખ્યા જ કરે છે. થોડા સારા પુસ્તકો વસાવીને ભાષાઓ, ટેકનોલોજી, વિજ્ઞાન, આયુર્વેદ, આરોગ્યશાસ્ત્ર, શરીર વિજ્ઞાન, આહાર વિદ્યા શીખી શકાય છે. શીખેલું કદી એળે જતું નથી.

# અમદાવાદમાં ત્રણ કલાકમાં ૪ ઈંચ વરસાદ



અમદાવાદ શહેરમાં આજે બપોર બાદ ભારે ગાજવીજ સાથે શરૂ થયેલા વરસાદે શહેરના તમામ વિસ્તારોમાં જળબંબાકારની પરિસ્થિતિ સર્જી દીધી હતી.શહેરમાં બપોરે ચારના સુમારે શરૂ થયેલા અનરાધાર વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ફરી વળતા શહેરના મીઠાખળી અને અખબારનગર અંડરપાસ સહીતના તમામ અંડરપાસ બંધ કરવાની મ્યુનિસિપલ તંત્રને ફરજ પડવા પામી હતી. આંબાવાડીમાં વીજ કરંટ લાગતા બે મહીલાના મોત થવા પામ્યા છે.અમદાવાદ શહેરમાં બપોરે ચારથી સાત સુધીમાં સાડા ત્રણ ઈંચ જેટલો વરસાદ થવા પામતા અમદાવાદના અનેક વિસ્તારો બેટમાં ફેરવાઈ જવા પામ્યા હતા.આ અંગેની વિગત એવી છે કે,આજે દિવસ દરમિયાન

(અનુસંધાન પેજ ૬ પર)

### મુખ્યમંત્રી વિજયરૂપાણી અને આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીનો નિર્ધાર

# રાજ્યના ગ્રામજનોના આરોગ્યને હવે વધુ સશક્ત આધાર મળશે

નાગરિકોનું જીવન ધોરણ ઉપર લાવવા કટ્ટીબદ્ધતાનું નિદર્શન કરતી ગુજરાત સરકાર ઉપરા ઉપરી ગરીબો માટે કલ્યાણકારી યોજનાઓનું અમલીકરણ-જાહેરાતો કરી રહી છે, હજી ગઈકાલે કડીયા નાકે મજૂરી કરતાં નાગરિકોને માત્ર રૂ. ૧૦ માં ભરપેટ ભોજન મળે તેવી ગરીબલક્ષી યોજનાનો શુભારંભ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કરાવ્યો હતો તો આજે આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ ગુજરાતના ગામે-ગામ ફેલાયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના વિસ્તારની મોટી જાહેરાત કરી હતી. શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતુ કે આગામી સમયમાં ગુજરાતના ગામજનોને પણ ઘરઆંગણે વધુ સારી આરોગ્યસેવા મળી રહે તે હેતુથી વધુ ૬૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને ગુજરાત સરકારે મંજૂરી આપી છે, આમ ગુજરાતમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા વધીને હવે ૧૪૫૩ પહોંચશે.

**મંજૂર થયેલ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC)ની યાદી**

| તાલુકો | પીએચસી | | | | |
|---|---|---|---|---|---|
| | | સરસ્વતી | એદલા | જેસર | અયાવેજ |
| ધંધુકા | આકરૂ | સિધ્ધપુર | મેલોજ | મહુવા | ભાદરોડ |
| ગલતેશ્વર | અંઘાડી | તલોદ | રોઝડ | બોટાદ | સરવા |
| નડીયાદ | અરેરા | બાયડ | તેનપુર | બોટાદ | ઝમરાળા |
| બોરસદ | દહેવણ | માલપુર | રંભોડા | તલાલા | બોરવાવી ગીર |
| ચોટીલા | સણોસરા | દાંતીવાડા | ઉત્તરપુરા | ઉના | ભાચા |
| ચુડા | કંથારીયા | દાંતીવાડા | આરખી | ધોરાજી | કલાણા |
| ધાંગધ્રા | કુડા | ધાનેરા | રામપુરા મોટા | ગોંડલ | વાંસાવડ |
| મૂળી | રાયસંગપર | ધાનેરા | ધરણોધર | ગોંડલ | ત્રાકુડા |
| થાનગઢ | મોરથલા | કાંકરેજ | મોટા જામપુર | જેતપુર | ખીરસરા |
| વઢવાણ | વસ્તડી | લાખણી | પેપળુ | જામનગર | દરેડ |
| દહેગામ | પાટનાકુવા | સુઇગામ | લીમ્બાળા | જામજોધપુર | પરડવા |
| માણસા | વેડા | થરાદ | રામ્પુરા | ભાણવડ | મોડપર |
| કલોલ | ધાનજ | થરાદ | આસોદર | ભાણવડ | મોરઝર |
| હારીજ | જસવંતપુરા | વાવ | ભાટવરવાસ | કલ્યાણપુર | પીંડારા |
| પાટણ | બોરસણ | વાવ | અછુવા | ખંભાળીયા | બજાણા |
| સમી | વેડ | ડીસા | દામા (રામપુરા) | અબડાસા | ડુમરા |
| સમી | મોટા જોરાવરપુરા | ગોધરા | કરસાબા | ભૂજ | સુખપર |
| સાંતલપુર | ધોકાવાડા | બાલાશિનોર | ગુંથલી | નખત્રાણા | રવાપર |
| સરસ્વતી | વામૈયા | કામરેજ | કઠોદરા | હળવદ | જુના દેવળીયા |
| | | | | ટંકારા | નેસડા |

અહીં એ બાબત નોંધવા જેવી છે કે પ્રતિ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નિર્માણ પાછળ જ એક કરોડ જેટલી માતબર રકમનો ખર્ચ થતો હોઈ એક સાથે જાહેર કરેલ આ ૬૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નિર્માણ પાછળ રાજ્ય સરકાર પ્રથમ તબક્કે ૬૦ કરોડ જેટલો ખર્ચ કરશે. CHCના ઉપલબ્ધ માળખાને સમાંતર મંજૂર કરવામાં આવતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC)થી વધુને વધુ નાગરિકોને એક સંકલિત સ્વાસ્થ સુવિધાઓ પૂરી પાડે તેવી એકબીજા સાથે સંકળાયેલ સશક્ત રાજ્યવ્યાપી વ્યવસ્થા આ ગુજરાત સરકાર ઉભી કરવા માંગે છે તેમ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતુ. આરોગ્યમંત્રીએ જણાવ્યું હતુ કે ગુજરાતે છેલ્લા દશ વર્ષમાં પોતાના આરોગ્ય બજેટમાં સાત ગણો વધારો કર્યો છે અને તેની સાથે મુખ્યમંત્રી અમૃતમ જેવી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકને મળે તેવી વ્યવસ્થા પણ ઉભી કરી છે કે જેના પરિણામે ગુજરાત જાહેર આરોગ્યને લગતા કોઈપણ પડકારોને પહોંચી વળવા સક્ષમ બન્યુ છે.

# અંબાજીના કોટેશ્વર નજીકથી ૧૧ ફુટ લાંબો અજગર ઝડપાયો

## વન વિભાગ દ્વારા સુરક્ષીત છોડી મૂકાયો



હિતેન્દ્ર અગ્રવાલ

અંબાજી : અંબાજી નજીક આવેલા તીર્થ સ્થળ કોટેશ્વરનાં બોર્ડર વિસ્તારમાંથી ૧૧ ફુટ જેટલો લાંબો અજગર દેખાતા લોકોમાં ભારે હાહાકાર સાથે ડરનો માહોલ સર્જાયો હતો. ત્યારે અંબાજીમાં રહેતાં ને ધોબીનું કામ કરતાં કમલેશ સાંખલા કે જેમણે અનેક પ્રકારનાં નાનામોટા સાપ પકડીને લોકોના જીવ બચાવ્યા છે. તેને કોટેશ્વર બોલાવતા તેણે આબાદ રીતે આ ૧૧ ફુટ લાંબા ને વજનદાર અજગરને પકડીને લોકોનાં જીવ બચાયા હતા. એટલુંજ નહીં બધાની વચ્ચે અજગરને પકડી લોકોનો ડર દુર કરવાનો પણ પ્રયાસ કર્યો હતો. જોકે આ અજગર કોટેશ્વર નજીકની રાજસ્થાન બોર્ડર લગત હોવાથી માઉન્ટઆબુથી જંગલ ખાતાના કર્મચારીઓને બોલાવી તેમને સુપરત કરવામાં આવ્યો હતો.

# ભાચલવાના શિક્ષકના નામે બોગસ ક્રેડીટકાર્ડથી રૂા.૧.૪૨ લાખ ઉપડ્યા

## હોમલોન માટે અરજી મુક્તા તેમના નામે ક્રેડીટ કાર્ડ બંધ હોવાનું જણાયું

ડીસા : જેમ જેમ દેશમાં ડીજીટલાઈઝેશન અને ઓનલાઈન બેંકિંગ વ્યવહારો વધતા જાય છે તેમ તેમસાયબરક્રાઈમનાગુનાઓમાંપણ વધારો થતો જાય છે. ડીસા તાલુકાના ભાચલવા ગામની પ્રા.શાળામાં ફરજ બજાવતા શિક્ષકના નામે તેમની જાણ બહાર કોઈએ ક્રેડીટકાર્ડ બનાવી તેનાથી રૂા.૧,૪૨ લાખની ખરીદી કે વ્યવહાર કરી લીધો હોવાનું ધ્યાને આવ્યું છે. શિક્ષકે હોમલોન માટે અરજી મુક્તા સિવિલ રીપોર્ટમાં આ ચોકાવનારો ખુલાસો થયો હતો. ઉલ્લેખનીય છે કે રૂા.૧,૪૨ લાખ છેક વર્ષ ૨૦૦૬ માં ઉપડ્યા હતા. તેની જાણ છેક હવે થઈ છે. ઓનલાઈન બેકિંગ વ્યવહારોનું ચલણ વધતાં ઠગાઈના કિસ્સોઓ પણ વધી રહ્યા છે. આવોજ કિસ્સો ડીસાના શિક્ષક સામે બનવા પામ્યો છે. આ અંગેની વિગત એવી છે કે 'ડીસા તાલુકાના ભાચલવા ગામની પ્રા.શાળામાં ફરજ



ભરત સુંદેશા

બજાવતા વરસંગભાઈ ગોવાભાઈ ચૌધરીએ તાજેતરમાં ડીસા સ્ટેટબેંક ઓફ ઈન્ડીયામાં પોતાની હોમલોન માટે અરજી કરી હતી. જેમાં બેંક દ્વારા તેમનો સીવીલ રીપોર્ટ કઢાવતાં ચોકાવનારી બાબત ધ્યાને આવી હતી.

તેમના નામે ક્રેડીટ કાર્ડ ઈસ્યુ થયેલું છે અને ૧૩ માર્ચ ૨૦૦૬ ના રોજ રૂા.૧,૪૨ લાખની ઉધારી બોલે છે. તે સિવાય ચારથી પાંચ વખત ક્રેડીટ કાર્ડનો ઉપયોગ થયેલો છે. વરસંગભાઈએ કદાયી ક્રેડીટ કાર્ડ કઢાવ્યું નથી. તેઓ સીવીલ રીપોર્ટ જોઈ અચંબામાં પામ્યા હતા અને તપાસ કરવા જતાં એસ.બી.આઈ. ના અધિકારીઓએ સીવીલ રીપોર્ટ બનાવતી કંપનીમાં તપાસ કરવા જણાવ્યુંહતું.

જેથી તેમણે ડીસા ઉત્તર પોલીસ મથકે લેખીત અરજી આપી પોતાની સાથે થયેલ ઠગાઈની ફરિયાદ કરતાં ઈન્ચાર્જપી.આઈ.એસ.ડી.ચૌધરીએ તપાસહાથધરીછે.

# છાપી હાઈવે ઉપરના પાંચ નાસ્તા હાઉસને બંધ કરાયા

## પ્રાંત અધિકારીએ સરપ્રાઈઝ ચેંકીંગ કરતાં એક હોટલ ત્રણ ઢાબા સીલ

પ્રતિ. છાપી : વડગામ તાલુકાના છાપી હાઈવે ઉપર આવેલી હોટલો તેમજ ખાણી - પીણીના સ્ટોલો ઉપર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરપ્રાઈઝ ચેંકીંગ હાથ ધરવામાં આવી હતી. ચેંકીંગ દરમ્યાન અનેક ક્ષતિઓ જણાઈ આવતાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ વડગામના છાપી હાઈવે ઉપર પ્રાંત અધિકારી આર.કે.પટેલના નેતૃત્વ નીચે છેલ્લાં બે દિવસથી હાઈવે સ્થિત હોટલો તેમજ ખાણી પીણીના સ્ટોલો ઉપર ચેંકીંગ હાથ ધરવામાં આવી હતી. દરમ્યાન ધારેવાડા હાઈવે ઉપર આવેલ હોટલ રાજ ખેતેશ્વરમાં ગંભીર પ્રકારની ક્ષતિઓ સાથે સ્વચ્છતાનું પાલન તેમજ એકસપાયર તારીખના ખાદ્યપદાર્થના પેકીંગો મળી આવતા તેનો નાશ કરવા સાથે હોટલને સીલ કરી દેવામાં આવી હતી જ્યારે તુલસી ઢાબા, અતિતિઢાબા અને આઝાદ ઢાબા લાયન્સન્સ વગર ચાલતી હોવાનું ધ્યાને આવતા તેને પણ સીલ કરી દેવામાં આવ્યા હતા. જ્યારે ખાણી પીણીના સ્ટોલો ઉપર પણ તપાસ હાથ ધરતા સ્વચ્છતાના નિયમોનું પાલન થતું ન હોવાથી તાત્કાલિક અસરથી બંધ કરાવી દેવામાં આવ્યા હતા. સરપ્રાઈઝ ચેંકીંગ દરમ્યાન વડગામ મામલતદાર જી.વી. પંચાલ ફુડ ઈન્સપેકટર પી.એસ.પટેલ તેમજ પ્રજાપતિને સાથે રાખી ખાદ્ય પદાર્થોના નમુના લઈ ચકાસણી માટે મોકલી આપ્યા હોવાનું જાણવા મળે છે. સરપ્રાઈઝ ચેકીંગને લઈ હોટલ વ્યવસાય સાથે સંકળાયેલા ઈસમોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

# વડાવળમાં વાવાઝોડા સાથે વરસાદથી વ્યાપક નુકસાન

## શેડ અને તબેલાના પતરા હવામાં ફંગોળાયા : કોઈ જાનહાનિ ન થતાં ગ્રામજનોને હાશકારો

પ્રતિનિધિ વડાવળ

દિવસભર ભારે ઉકળાટ અને બફારા બાદ ડીસા પંથકમાં બપોરના સુમારે ચડી આવેલા કાળા ડિબાંગ વાદળો તોફાની પવન સાથે ધોધમાર વરસાદ વરસી પડ્યો હતો. ત્યારે ફુંકાયેલ મીની વાવાઝોડાના કારણે વડાવળ સહીત આજુબાજુના ગામોમાં વ્યાપક નુક્શાન થવા પામ્યું છે.

ગતરોજ બપોરના સુમારે આકાશમાં કાળા ડિબાંગ વાદળો વચ્ચે ડીસા તાલુકાના વડાવળ ગામમાં હાઈવે વિસ્તાર પર આવેલા ખેતર વિસ્તારોમાં જોરદાર પવન ફુંકાયો હતો. પવનની ગતિ એટલી તેજ હતી કે કોલ્ડસ્ટોરેજની સાઈડમાં બનાવેલ પતરાનો સેડ કાગળની જેમ ઉડી જવા પામ્યો હતો. તો વળી વડાવળના ખેડૂતે બનાવેલ તબેલાના સિમેન્ટના પતરાઓ પણ પત્તાની મહેલની કકડભુસ થઈ જતાં સેડના તમામ પતરાઓ તૂટી જવા પામ્યા હતા. જોકે તબેલામાં ઉભેલી ભેંસોનો ચમત્કારીક બચાવ થવા પામ્યો હતો. આ ઉપરાંત અનેક વૃક્ષો પણ ધરાશાઈ થવા પામ્યા હતા. તેથી વડાવળમાં ફુકાયેલ વાવાઝોડાના પગલે વ્યાપક નુક્શાન થવા પામ્યુ છે.



કોલ્ડ સ્ટોરેજના પતરા ઊડ્યા



રહેણાંક મકાનના છાપર ઊડ્યા

નરસિંહ દેસાઇ

# ધાનેરાના થાવર નજીક સ્કોર્પીયો ગાડીની લૂંટથી પંથકમાં ચકચાર

## ત્રણ શખ્સો ડ્રાયવરને ઉતારી ગાડી લઈ ભાગી છૂટ્યા

પાલનપુર : પૂનાથી પાલનપુર મોત પ્રસંગે જવાના બહાને સ્કોર્પિયો ગાડી ભાડે કરીને આવેલા ત્રણ શખ્સો રાતના સુમારે ધાનેરાના થાવર નજીક ડ્રાયવરને ધક્કો મારી ઉતારી ગાડી લઈને રાજસ્થાન તરફ ભાગી છુટ્યા હતા. બનાવની જાણ થતા પોલીસે તપાસ હાથ ધરી છે. બનાવની હકીકત એવી છે કે ગણેશભાઈ દતોણા લાલે (મરાઠી) ધંધો રીચારેસ્ટ ઈસ્ટ, રહે.પૂના બોચરીને પોતાની સ્કોર્પીયો ગાડી એમ.એચ.૧૪.ડી-એકસ.૬૭૧૨ ગત તા.૧૯/૭/૧૭ ના રોજ તેના મિત્રે એક શખ્સના કાકા ગુજરી ગયા છે અને તેમને છોડવા પાલનપુર જવાનું છે તેમ જણાવતાં ગણેશભાઈ પોતાની સ્પોર્પીયો ગાડી લઈને ત્રણ ઈસમોને પાલનપુર સુધી લાવેલ પરંતુ રસ્તામાં ડ્રાયવરનો વિશ્વાસ કેળવી ગાડી ચલાવવા ત્રણ પૈકી એક જણાએ લીધેલ આ ત્રણે જણાના નામઠામ પૂછતાં પ્રદીપ, અનિલ, અને ત્રીજાનું નામ જણાવેલ નહી તે દરમિયાન પ્રદીપે જણાવેલ કે તમે થાલ ગયા હશો હવે મને ગાડી ચલાવવા આપો તેમ કહેતા તેને ગાડી ચલાવવા આપેલ. તે દરમિયાન પાલનપુર આવેલ ત્યારે કહેલ કે પાલનપુર આવી ગયું છે તો તેઓએ કહેલ કે આગળ ગામડે જવાનું છે તમ કહી ગાડી ધાનેરાના થાવર નેનાવા ત્રણ રસ્તા સુધી રાત્રીના બે વાગ્યાના સુમારે ગાડી લાવી ઉભી રાખી ડ્રાયવરને જણાવેલ કે અમારૂ ઘર આવી ગયું છે તેમ કહી તેની

(અનુસંધાન પેજ ૬ પર)

સૂર્યોદય - ૬.૦૦ સૂર્યાસ્ત - ૭.૨૮

## તિથિદર્શન

અષાઢ વદ-૧૩ શુક્રવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ અષાઢ વદ : તેરસ શુક્રવાર નક્ષત્ર : રોહીણી સાંજે ૫.૪૫ પછી મૃગશીર્ષ યોગ: વૃદ્ધિ કરણ:કૌલવ આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક.છ.ઘ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

**- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

**- સુરેશ પ્રા.ભટ્ટ**

### પૂજ્યોઅપિ યદગમ્યોઅપિ ગમ્યતે વંન્ધતે યદ્વનધોઅપિ સ પ્રભાવોધનસ્ય સ

ભાવાર્થઃ- જે પૂજવાલાયક ન હોય છતાં પૂજાય છે, જે ઊંડા- ગુજ્જા અને છૂપારુસ્તમ જવા અગમ્ય હોય છતાં તેમની સફળતા અને સાદગીના વખાણ થાય છે, જે વંદનીય ન હોવા છતાં બધાં તેમને વંદન કરે છે અને એ જાતે પણ જાણે પાત્ર હોય એમ વંદનનો સ્વીકાર પણ કરે છે, આ ધનનો પ્રભાવ છે. સત્તા અને સમૃદ્ધિને કારણે જે લાયક ન હોય એવાને પણ સન્માન મળતાં હોય છે. આજે ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણીઓ ચાલે છે. એમાં ગુનેગારો અને ગુંડાઓને પણ ચૂંટણીમાં ઊભા રહેવા માટે પાત્ર સમજી ટિકિટ આપવામાં આવી છે. આવા લોકો પોતાના બાહુબળ અને ધાક-ધમકીથી જીતી પણ જશે. માત્ર જીતશે એટલું જ નહીં, પ્રધાનપદ પામી પૂજનીય સ્થાન પણ પ્રાપ્ત કરશે.

આજે દુનિયા ઊગતા સૂર્યને પૂજે છે, જેમાં બે બદામની પણ આવડત નથી, જેને પૈસા ખાતાં પણ નથી આવડતું એવા લોકો 'વંદનીય' નેતા બની પ્રજા પર રાજ કરે છે. ધન- સત્તા- સમૃદ્ધિને કારણે અબુધ અને ના- લાયક પણ લાયકાત મેળવી લે છે. ધનથી નામ, સત્તા, પદવી, ડિગ્રી બધું જ મળે છે.

## આપની આજ

**- કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**મેષ : (અ.લ.ઈ.) મોટે આવેલો કોળીયો છીનવાઇ જાય. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું હિતાવહ.**
**વૃષભ : (બ.વ.ઉ.) સંપત્તિને લગતા કાર્યો સફળ થાય. આરોગ્ય અંગે સંભાળવું.**
**મિથુન : (ક.છ.ઘ.) માનસિક ચિંતા અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.**
**કર્ક : (ડ.હ.) નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પ્રવાસમાં વિઘ્ન આવે.**
**સિંહ : (મ.ટ.) પ્રવાસથી લાભ થાય. પરિશ્રમનું શુભ ફળ મળે.**
**કન્યા : (પ.ઠ.ણ.) કૌટુંબિક ચિંતા વિશેષ રહે. ગૃહવિવાદના ભોગ બનવું પડે.**
**વૃશ્ચિક : (ન.ય.) સમસ્યાનો ઉકેલ મળે. ઉન્નતિની આશા ફળદાયી નીવડે.**
**તુલા : (ર.ત.) ગુપ્ત ચિંતા સતાવે. મનમાં મૂંઝવણ રહે.**
**ધન : (ભ.ફ.ધ.) ધાર્યા કાર્યોમાં વિલંબ થાય. આર્થિક લેવડ-દેવડમાં સાવચેત રહેવું.**
**મકર : (ખ.જ.) ખર્ચનો પ્રસંગ બને. પડવા-વાગવાથી સંભાળવું.**
**કુંભ : (ગ.શ.સ.) કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ બર આવે.**
**મીન : (દ.ચ.જ.થ.) કૌટુંબિક ક્ષેત્રે પ્રતિકૂળતા રહે. હિતશત્રુઓથી સાવધ રહેવું.**

## આજનો દિન મહાન

**- યશવંત કડીકર**

સાહિત્યિક પ્રતિભા અને કલાવિષયક રસદ્રષ્ટિ ધરાવતા ડા. જેમ્સ હેન્રી કઝિન્સની જન્મજયંતી છે. એમનો જન્મ બેલફાસ્ટમાં તા. ૨૨-૭-૧૮૭૩ ના રોજ થયો હતો. પણ ભારતને પોતાનું વતન માનીને એમણે ૪૦ વર્ષ અહીં જ ગાળ્યા. જન્મે આઈરિશ છતાં તેની બેસન્ટના બોલાવ્યા તે હિંદ આવ્યા. આવા મહામાનવનું તા. ૨૦-૨-૧૯૫૬ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## ભાભર જુના સેન્ટર કક્ષાનો રમતોત્સવ નેસડા પ્રા.શાળામાં યોજાયો

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર જુના પે.કે. શાળા તળે આવતી નેસડા પ્રાથમિક શાળામાં તા. ૧૮/૭/૧૭ ને મંગળવારના રોજ સેન્ટર કક્ષાનો રમતોત્સવ યોજવામાં આવ્યો. યજમાન શાળા નેસડાના આચાર્ય રાણાભાઈ પી.પટેલ તથા સ્ટાફગણના સાથ- સહકારથી રમતોત્સવ ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં યોજાયો. ભાભર જુના સેન્ટરની ચૌદ શાળાના ૧૫૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ દોડ, લાંબીકૂદ, ઊંચી કૂદ, ગોળાફેંક, ચક્રફેંક, કબડ્ડી, ખો-ખો જેવી રમતોમાં ભાગ લઈ વિજેતા બન્યા અને ઝોન કક્ષાના રમતોત્સવ માટે પોતાનું સ્થાન મજબુત બનાવ્યું. પેટા શાળામાંથી આવેલ તમામ શિક્ષકોએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ખૂબ જ સારી રીતે નિભાવી. તમામ બાળકોને ઠક્કર રોહિતકુમાર મુકુંદરાય તરફથી બટૂક ભોજન આપવામાં આવ્યું. તમામ બાળકોને સુરેશભાઈ કે. રાઠોડ અને ચમનલાલ બી. ઠક્કર તરફથી બોલપેન પ્રોત્સાક ઈનામરૂપે આપવામાં આવી. છેલ્લે સેન્ટર શાળાના આચાર્ય પ્રભુભાઈ કે. રામીએ સાથ સહકાર આપનાર સૌનો ખૂબ આભાર માન્યો.

## વડગામ આર્ટસ અને કોમર્સ કોલેજમાં 'વિશ્વ વસતી દિવસ' ઉજવાયો

તા.પ્રતિનીધિ વડગામ

યુ.એચ. ચૌધરી આર્ટસ કોલેજ અને કોમર્સ કોલેજ વડગામના '૧૧ જુલાઈ વિશ્વ વસતી દિવસ' અંતર્ગત તા. ૧૭ મી જુલાઈના રોજ એક વ્યાખ્યાન યોજાયુ હતું. તા. ૧૯ મી જુલાઈના રોજ આ વિષય પર કોલેજ કક્ષાની વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી. તેમાં મંચ સ્થાને બનાસકાંઠા આરોગ્ય અધિક્ષક ત્રિવેદી, વડગામ પ્રા.આરોગ્ય વી.એ.ગઢવી, વડગામ આયુર્વેદિક ડૉ.મહેબુબભાઈ, આર્ટસ કોલેજના પ્રિ.ડૉ.એલ.વી. ગોળ અને સ્ટાફગણ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં પ્રિન્સીપાલએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. ઉપસ્થિત અધિકારીઓ ઉપરોક્ત વિષય પર રસપ્રદ વક્તવ્યો આપ્યા હતા. આ કાર્યક્રમમાં યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ચૌધરી ગણેશ, દ્વિતીય ક્રમે મોદી દર્શન અને તૃતીય ક્રમે પરમાર ધીરજ આવેલ. આ ત્રણે નંબરોને રોકડ પુરસ્કારો આપવામાં આવ્યા હતા.

## ડી.જે.એન.મહેતા હાઈસ્કૂલ જૂના ડીસાનું ગૌરવ

ડીસા

શાળાના વિદ્યાર્થીઓની પ્રતિભાવનાઓથી સદાય અગ્રેસર રહેતી સંસ્થા ડી.જે.એન. મહેતા હાઈસ્કૂલ જુના ડીસાની સિધ્ધિમાં ચાર ચાંદ શાળાની કન્યાઓએ ચાલુ સાલે લેવાયેલ એસ.એસ.સી. અને એચ.એસ.સી. ની પરીક્ષામાં અગ્રેસર રહીને લગાવ્યા છે.એસ.એસ.સી માં આ વખતે ત્રણ કન્યાઓએ શાળાને ગૌરવ અપાવ્યુ છે.ધો-૧૦ માં પ્રથમ નંબરે પુનડીયા કાજલબેન પ્રભુભાઈ(૭૬.૧૬ ટકા), દ્વિતીય નંબરે વાઘેલા પ્રાંજલ મનુભાઈ(૭૩.૫૦ ટકા)તથા તૃતીય નંબરે ચાવડા અપમનબાનુ મહંમદ વાસીફખાન(૭૩.૩૩) જ્યારે ધો-૧૨ માં પ્રથમ નંબરે અનાવાડીયા રંજનબેન નરેન્દ્રકુમાર(૮૩.૫૭ ટકા), દ્વિતીય નંબરે મોદી અંકીતાબેન એ.(૮૨.૭૧ ટકા) તથા તૃતીય નંબરે સાંખલા કિંજલબેન સી.(૭૫.૮૬ ટકા) એ મેળવીને સાચા અર્થમાં કન્યા કેળવણી અભિયાનને સાર્થક કરી બતાવ્યું છે અને શાળા તથા સમગ્ર ગામને ગૌરવ અપાવ્યું છે.શાળાના આચાર્ય પી.વી.મહેતા તથા સમગ્ર શાળા પરીવારે આ કન્યાઓને અભિનંદન પાઠવીને શાળાના બાળકો શાળા તથા સમગ્ર ગામનું નામ રોશન કરે તેવા શુભાશિષ આપ્યા હતા.હાઈસ્કૂલનું માર્ચ ૨૦૧૭ માં એચ.એસ.સી.નું પરીણામ ૮૭.૫૦ ટકા આવેલ છે.

## ઉણ વિદ્યા સંકુલમાં અનેક પ્રવૃત્તિ સાથે નવા સત્રનો પ્રારંભ

તા. પ્રતિનિધિ થરા

ઊણ વિભાગ કેળવણી મંડળ સંચાલિત ધો. ૬ થી ૧૨ સુધી આર્ટ્સ કોમર્સ અને સાયન્સ કોલેજ સુધીનો અભ્યાસ ચાલે છે. જે સત્રારંભે પ્રવેશોત્સવ જેમાં પૂર્વ ધારાસભ્ય મગનસિંહ વાઘેલા, મંડળના ઉપપ્રમુખ હનુભા વાઘેલા તથા મંત્રી વિનોદભાઈ, સહ મંત્રી નવિનભાઈ અને ગ્રામજનો તથા શૈક્ષણિક સ્ટાફની હાજરીમાં ધો.૯માં નવા દાખલ થનાર છાત્રોને સરકાર દ્વારા મળેલ પુસ્તકો તથા કુમકુમ તિલક તથા બહેનોને સરકાર દ્વારા મળેલ સાયકલોનું વિતરણ તથા અમૃતભાઈ આલ રાજપુર તરફથી દરેક વિદ્યાર્થીઓને નોટબુકો ભેટ આપવામાં આવી તેમજ સહભ્યાસિક પ્રવૃત્તિમાં ગૃહ વિભાજન કરી ગૃહ નેતા ચુંટી અને અવલોકન સ્પર્ધા યોજવામાં આવી. વિદ્યાલયમાં એસ. એસ.સી. બોર્ડનું સેન્ટર મળેલ જેનું પરિણામ ૬૩ ટકા તથા ધોરણ ૧૦ નું પરિણામ ૬૫ ટકા તથા ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ ૭૮.૭૮ ટકા તથા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧ ટકા જેટલું આવેલ છે. તેમજ તા. ૨૯/૦૬/૨૦૧૭ના રોજ અભ્યાસક્રમ વિદ્યાર્થીઓમાં જેમનો જન્મ દિવસ હસે તે બાળકોએ મંડળના પ્રમુખ એ. કે. ઘેલા તથા મંડળના હોદ્દેદારોની ઉપસ્થિતમાં વિશ્વ શાંતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું તેમાં બાળકોને આશીર્વાદ આપવામાં આવ્યા તેમાં હરેશભાઈ ઠકકરે સુંદર આયોજન કર્યું. તમામ પ્રવૃત્તિઓમાં શાળાના સ્ટાફ-મિત્રોનો સંપૂર્ણ સહયોગ સાથે તમામ પ્રવૃત્તીઓ યોજવામાં આવી. જેમાં શાળાના આચાર્ય બી.એમ. પંડ્યાએ માર્ગદર્શન આપ્યું.

## કરૂણાપ્રધાન દેશ કસાઈ પ્રધાન દેશ બને તે કેમ ચાલે!!: રાજરક્ષિતવિજયજી મ.સા.

ડીસ

શ્રી વાસુપૂજ્ય જિનાલય મહાવીર નગર સૌ. નવસારીમાં સત્સંગ સભાને સંબોધન કરતાં પંન્યાસ ભવ્યકીર્તિવિજયજીએ જણાવ્યું કે પ્રત્યક્ષ માતાપિતાનો ઉપકાર જે યાદ ન રાખે તે પરોક્ષ ભગવાનનો ઉપકાર યાદ કેવી રીતે કરશે?? માતાપિતાની સેવા એ પાયો છે. ભગવાનની ભક્તિ એ ઈમારત છે. પાયા વિનાના ઈમારતની કિંમત નથી તેમ માતાપિતાની સેવાની ઉપેક્ષા સાથેની પ્રભુ ભક્તિની કોઈ કિંમત નથી. માતા પિતાની આજ્ઞાનું પાલન કરનારો જ પ્રભુ આજ્ઞા પાલન માટે સક્ષમ બની શકે છે.

પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ કહ્યું કે, આર્ય દેશમાં પાપ પ્રત્યે નફરત ખૂબ જ હતી. સાપ કરતાં પણ પાપથી ખૂબ જ ડરતાં હતાં, તેથી જ મકાન બનાવતો કડીયો પ્રથમ ઈંટ શેઠ પાસે મુકાવતો અને કહેતો કે આ મકાનમાં થનારા પાપો તમારા શીરે રહેશે. ઘરડી થતી ડોસીમાં પણ ચપ્પુ, છરી, ઘંટી જેવા હિંસક સાધનોનું વિસર્જન કરતી. કારણ કે મારા મૃત્યુ પછી જીવહિંસાની પરંપરા ન ચાલે.. પરંતુ દુઃખ સાથે કહેવું પડે કે અહિંસા પ્રધાન હિન્દુસ્તાનમાં આજે હિંસાનો હડકવા ફેલાયો છે. ચારે તરફ લાખો- કરોડો પશુઓને બેરહેમીથી કતલખાનામાં કાપી નાખતા લોકોના હાથ પણ ધ્રુજતા નથી. બાંગલાદેશની સરહદ પર રોજની ૩૦ હજાર ગાયોની થઈ રહેલ હેરાફેરી અને બદલામાં આવી રહેલ એ.કે.૪૭ અને યુવાનોને ખતમ કરનાર ડ્રગ્સની સરકારને જાણકારી હોવા છતાં આ અંગે કડક પગલાં ક્યાં લેવાય છે?? પાંજરાપોળમાં આશ્રય રહેલા પશુઓ માટે સબસીડીના ગલ્લા તલ્લા થાય છે અને માંસ નિકાસમાં ગોઠવાયેલા વેપારીઓને ૧૩-૧૩ પ્રકારની સબસીડી આપવામાં સરકારને અબોલ પ્રાણીઓની કારમી ચીસ સંભળાતી નથી!! મારો- મારોનો આ અવાજ માત્ર પશુઓ- પ્રાણીઓ સુધી નહિં..પરંતુ પેટના બાળકને (ગર્ભપાત) મારો, વૃદ્ધ માતાપિતાને મરસી ફૂલડેથ દ્વારા મારો.. કરૂણાપ્રધાન દેશ આજે કસાઈ પ્રધાન દેશ બને તે કેમ ચાલે?? દરેક જીવોને જીવવાની ઈચ્છા છે. આપણું કામ જીવાડવાનું છે. મારવાનું કામ યમરાજનું છે..

પૂજ્યશ્રીની પ્રવચન ધારામાં સેંકડો ભાવુકો ઉમટી રહ્યા છે. જીવન પરિવર્તન કરી જીવન ધન્ય બનાવે છે.

## ડીસા માલતદાર કચેરી પ્રાંગણમાં વૃક્ષારોપણ




**ડીસા લાયન્સ કલબ અને હવામાન વિભાગના સંયુક્ત ઉપક્રમે મામલતદાર કચેરીના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું જે પ્રસંગે હવામાન અધિકારી મહેન્દ્રભાઈ ચૌધરી સહિત સ્ટાફ અને લાયન્સ કલબના હોદેદારો હાજર રહ્યા હતા.**

## સામઢીમાં પશુ સારવાર કેમ્પ યોજાયો




પાલનપુર તાલુકાના સામઢી રાણાજીવાસ ગામે પશુ સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં વેટરનરી ડૉ. જગાભાઈ પટેલ, ડૉ. મિશ્રા (ગઢ) અને ડૉ. હેમંત પટેલ દ્વારા ૭૫ ભેંસ, ૧૫ ઊંટ અને ૧૦૦ ઉપરાંત ઘેટા - બકરાંની સારવાર કરવામાં આવી હતી.

## ડીસાની કે.બી. અગ્રવાલ હાઈસ્કુલમાં વર્ષાઋતુ ગીત સ્પર્ધા યોજાઈ



ડીસા

ડીસાના કે.બી. અગ્રવાલ હાઈસ્કુલમાં વર્ષાઋતુ ગીત સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાના ૬ બાળકોએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં શાળામાં અભ્યાસ કરતા પટેલ વૃતિ, દવે મેઘા, ચિરાગ ઠાકોર, રાડેચા હિતાશી, પઢીયાર અરૂણા તથા સુહાની માળીએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું આયોજન શાળાના સંગીત શિક્ષક રેશમાબેન મેમણ તથા પુનિતભાઈ પરમારે કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા નટુભાઈ વ્યાસ તથા શાળાના આચાર્યે સતારભાઈ શેખ, બકુલભાઈ પરમાર, તથા શિક્ષક નાજીમ સહિત શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

## વડગામમાં ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો




તા.પ્રતિનિધિ વડગામ

વડગામ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગત શનિવારે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ વડગામ તાલુકા દ્વારા પ્રો.ડૉ.કિશોરસિંહ સોલંકીની અધ્યક્ષતામાં ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો હતો. અગ્રણી અભેરાજભાઈ ચૌધરી, તા. શિક્ષણાધિકારી જી.એન.દેશમુખ, અને મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું, સમગ્ર કાર્યક્રમમાં તાલુકાના રાષ્ટ્રિય શૈક્ષિક સંઘના તમામ હોદ્દેદારો તેમજ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન રતુભાઈ એમ. ગોળે કર્યું હતું.

## થરાદના સવપુરા અને રામપુરામાં ધારાસભ્યના હસ્તે વિકાસકામો




થરાદ

થરાદના ધારાસભ્ય પરબતભાઇ પટેલે ગુરુવારે તાલુકાના સવપુરા ગામમાં સર્વશિક્ષા અભિયાન અંતર્ગત બનેલા છ કલાસરૂમો ધરાવતા પ્રાથમિકશાળાના નવા બિલ્ડીગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.સાથે સાથે તાલુકાના રામપુરા ગામમાં રૂ.૮૦ લાખના ખર્ચ બનનાર પ્રાથમિકશાળાના મકાનનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું.તદુપરાંત ધારાસભ્ય દ્વારા રામપુરા ગામમાં સરકાર દ્વારા મંજૂર કરાયેલ સરકારી દવાખાનુ (.ॐ.ઝ.)તથા વિધુત બોર્ડ ના ૬૬ દ્ધ.ફ.સબસ્ટેશનની પણ જાહેરાત કરવામાં આવી હતી.તાલુકાના ગામોમાં સરકાર દ્વારા ઉભી કરવામાં આવેલી માળખાકીય સુવિધાઓથી રામપુરા તથા સવપુરા સહિત આજુબાજુના ગામોના લોકોમાં પણ આનંદની લાગણી ફેલાવા પામી હતી.આ પ્રસંગે થરાદ તાલુકા ભાજપના પ્રમુખ રૂપસીભાઇ પટેલ,ભાજપના પુર્વ જીલ્લા કોષાધ્યક્ષ ઓખાભાઇ પટેલ (ભગત),ટી.પી.ઓ. આર વી બોચીયા,બીટ કેળવણી નિરીક્ષક બી એન ગુર્જર,એન્જીનીયર્સ સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કેપ્શનઃ થરાદના સવપુરા અને રામપુરા ગામમાં ધારાસભ્યના હસ્તે વિકાસકામોના લોકાર્પણ તને ખાતમુહર્ત કરાયાં હતાં.

## તાણા શિશુમંદિર ખાતે સમસ્યા અને સમાધાનનો ત્રિદિવસીય સત્સંગ યોજાયો




તાલુકા પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરા- તાણા રોડ પર આવેલ શિશુમંદિર હોલમાં બી.એ.પી.એસ. સ્વામી નારાયણ સત્સંગ મંડળ- થરા પૂ.મહંત પ્રમુખ સ્વામી મહારાજ પ્રેરકના સહયોગથી ગત સપ્તાહમાં ''સમસ્યા અને સમાધાન'' વિષય પર પૂ.ઉત્તમપ્રિય સ્વામીના કંઠે ત્રિદિવસીય સત્સંગ યોજાઈ ગયો. જેમાં થરા તાણા નગરના ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સત્સંગનો લાભ લીધો હતો. અરવિંદભાઈ ઠક્કર, અચરતલાલ ઠક્કર સહિત મહાનુભાવો હાજર રહ્યા હતા.

## સામઢીનો મુખ્ય રોડ વરસાદી પાણીમાં ગરકાવ




પ્રતિ. સામઢી

પાલનપુર તાલુકાના સામઢી રાણાજીવાસ ગામથી નાઢાણીવાસ સુધીનો મુખ્ય રસ્તો વરસાદી પાણીમાં ગરકાવ થઈ ગયો છે. જેના કારણે ખાસ કરીને શાળાએ જતા બાળકો અને રાહદારીઓને પાણીમાં ચાલવાની નોબત આવી છે. ગામનો મુખ્ય રસ્તો હોઈ ગ્રામજનો ભારે હાડમારીઓ વેઠે છે જેને ધ્યાને લઈ વરસાદી પાણીનો નિકાલ કરવાની લોકમાંગ ઉઠવા પામી છે.

## થરામાં મતદાર જાગૃતિ રેલી યોજાઈ




તા.પ્રતિનિધિ થરા

ચૂંટણી પંચ દ્વારા તા.૧/૭/૧૭ થી ૩૧/૭/૧૭ સુધી ઘનિષ્ઠ મતદારયાદી સુધારણા અંતર્ગત તમામ બુથોની મતદારયાદીમાં બી.એલ.ઓ દ્વારા મતદારોના નવા નામ તા. ૧/૧/૧૮ ના અઢાર વર્ષ પુરા થતા હોય તેમની નવી નોંધણી તથા નામ/ અટક/ જાતિ વગેરે સુધારણા માટેનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. તેના અંતર્ગત મતદાર જાગૃતિ માટે સેક્શન અધિકારી તથા થરા- સદુજીવાસ- અને તાણા ગામના તમામ બી.એલ.ઓ સહિત બાળકોની વિશાળ રેલી બેનરો સહિત થરા-૧ પેકેન્દ્ર શાળાથી શરૂ કરીને વાળીનાથ- બહુચર માતા- ગામ- જુના ગંજ- મસ્જીદ શેરી- જૈન શેરી- હાઈસ્કુલ રોડ થઈ થરા નગરપાલિકા પરત આવી હતી. જ્યાં નગરપાલિકાના પ્રમુખ વિનાજી ઠાકોર તથા ઉપપ્રમુખ ધીરજભાઈ શાહે રેલી સાથે રહી બી.એલ.ઓ.ને બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા. તથા નગરપાલિકા દ્વારા થરા ગામમાં આ બાબતે માઈક ફેરવી જાહેરાત કરવામાં આવશે તેવુ જણાવ્યું હતું. આ રેલીમાં બાળકો સહિત બીએલઓ સેક્શન અધિકારી ધીરૂભાઈ પ્રજાપતિ, બી.એલ.ઓ પ્રકાશ પટેલ, કાળુભાઈ ચૌધરી, ભરતભાઈ સુથાર, વિરભણભાઈ જોષી, જિગ્નેશ પટેલ, આસીફ મોરવાડીયા, નિરંજન ચૌહાણ, સુલતાનભાઈ કોઠારી, સંદિપભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, અને તાણા ગામના તમામ બી.એલ.ઓ.એ ઉત્સાહથી ભાગ લીધો હતો.

## કુંભાસણ ગામમાં દાનની સરવાણી વહાવતા દાતાઓ

કુંભાસણ પ્રાથમિક શાળામાં સરપંચ ધીરજભાઈ મોદી ના અધ્યક્ષસ્થાને એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દાનવીર સુરેશભાઈ પેથાણી જે છેલ્લા ઘણા વર્ષોથી દર વર્ષે વર્ગદીઠ પ્રથમ ત્રણ નંબરે આવતા તમામ બાળકોને પુરસ્કાર આપતા રહે છે તેઓ પણ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં હાજરી ની સાથે તેઓએ શાળા નો કોટ ડબલ ઊંચો કરી આપવા,બાળકો માટે પ્રાર્થના માટે આરાધના હોલ તેમજ ગામમાં શાળામાં વિકાસ ને લગતા કોઈપણ કામમાં મદદરૂપ થવા બાંયધરી આપી હતી. આ સાથે પધારેલ મહેમાનો અરવિંદ ભાઈ શાહ, મંજુલાબેન પઢિયાર, સંગીતાબેન શાહ અને ધીરજભાઈ પરીખે પણ અલગ અલગ ક્ષેત્રે દાન આપવાની જાહેરાત કરી હતી. બાળકોને મધ્યાહન ભોજન માટે થાળી,વાટકી,ગ્લાસ અને ચમચી ની કીટ, નાસ્તો, ગામના જરુરિયાતમંદ પંદરેક વ્યક્તિઓને કરિયાણું આપવાની સાથે ગામને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા પર ભાર મૂક્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન શાળાના આચાર્ય અને શિક્ષકગણે કર્યું હતું. કાર્યક્રમમાં સરપંચ, ભુતપૂર્વ સરપંચ, પંચાયતના સભ્યો, એસ. એમ. સી. અને ગામલોકો એ હાજરી આપી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

# ભાભરના વોર્ડ નં.ત્રણ માં ગંદકીના કારણે રોગચાળો ફેલાવાની દહેશત

**પંદર દિવસથી ભૂગર્ભ ગટરના ચેમ્બરમાં ગંદુ પાણી રસ્તા પર ફેલાતા અનેક લોકો રોગના ભોગ બની રહ્યા છે તંત્રને રજુઆત છતાં પરિણામ શૂન્ય**

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર નગર વિસ્તારમાં આવેલ વોર્ડ નં-૩ માં છેલ્લા પંદર દિવસથી ભૂગર્ભ ગટર લાઈનની ચેમ્બરો ઉભરાતા ગટરનું ગંદુ પાણી નાક ફાડી નાંખે તેવી વાસ મારતું પાણી રસ્તાઓ પર ફેલાતા આ વિસ્તારના રહીશોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. ગટરના ગંદા પાણીમાં વારંવાર ચાલવથી રહીશો અનેક રોગના ભોગ બની રહ્યા છે. નગરપાલિકા સહિત જવાબદાર તંત્રને અનેક વખત રજુઆતો કરવામાં આવેલ હોવા છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા લોકો પોતાનો રોષ મીડિયા સમક્ષ ઠાલવી રહ્યા છે. લોકોએ જણાવેલ કે ચૂંટણી સમયે આ વોર્ડના નગરસેવકોએ અનેક વચનો આપેલ પરંતુ આજદિન સુધી પાલિકાનો એકપણ નગરસેવક અમારી રજુઆતો સાંભળતા નથી. જેના કારણે અમારે આજે રોગચાળાનો ભોગ બનવાનો વારો આવ્યો છે. કેટલાંક લોકો ચામડીના રોગનો ભોગ પણ બન્યા છે. તો જવાબદાર તંત્ર દ્વારા સત્વરે આ ગંદા પાણીનો નિકાલ કરવામાં આવે તેવી આ વિસ્તારના રહીશોની માંગ ઉઠવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ રસ્તો ભાભર જુના બસ સ્ટેન્ડથી નવા બસસ્ટેન્ડ સુધી જતો હોવાથી અનેક મુસાફરોને પણ આ ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે.

# પાંથાવાડામાં એક કલાકમાં અઢી ઈંચ વરસાદથી પ્રાથમિક શાળામાં પાણી પાણી

**ત્રણેક વર્ષ અગાઉ પાણીના નિકાલ માટે ખર્ચેલ સરકારના ૧૫લાખ પાણીમાં**


દિનેશ ત્રિવેદી

પ્રતિનિધિ પાંથાવાડા

દાંતીવાડા તાલુકાના પાંથાવાડા ગામે આવેલ પ્રાથમિક શાળામાં ગુરૂવારે એક કલાક પડેલા ભારે વરસાદના કારણે પાણી પાણી થઈ ગયું હતું.ત્રણેક વર્ષ અગાઉ પાણીના નિકાલ માટે ખર્ચેલા સરકારના ?૧૫ લાખ પાણીમાં ગયા.પાણી ભરાતા શાળા છોડી મુકાઈ હતી.

બનાસકાંઠા જીલ્લા સાંસદ અને કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરીએ આદર્શ ગામ અંતર્ગત દત્તક લીધેલા પાંથાવાડા ગામે આવેલ એક થી આઠ ધોરણની સરકારી પ્રાથમિક શાળામાં અંદાજે બારસો જેટલા વિધાર્થીઓ અભ્યાસ કરેછે.શાળામાં દરવર્ષે ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે તંત્ર દ્વારા ત્રણેક વર્ષ અગાઉ પ્રિમોન્સૂન પ્લાન અંતર્ગત ?૧૫ લાખના ખર્ચે ડ્રેનેજ લાઈનો બનાવવામાં આવી હોવા છતાં શાળામાં પાણી ભરાતા સરકારના ?૧૫ લાખ પાણીમાં ગયા હોય તેવું લાગી રહ્યું છે.

ગુરૂવારે બપોરે એક કલાક ભારે વરસાદ ખાબકતા અઢી ઈંચ પાણી પડ્યું હતું.જેનાથી પાંથાવાડાની પ્રાથમિક શાળામાં ઢીંચણ સમાં પાણી ભરાતા શાળા બેટમાં ફેરવાઈ હતી.જેના લીધે ના છૂટકે શિક્ષકોએ વિધાર્થીઓને શાળા માંથી રજા શાળા છોડવી પડી હતી.આ અંગે ગામના અગ્રણી હંજરીભાઈ મેવાડાએ જણાવ્યું હતુંકે શાળામાં વરસાદી પાણીના નિકાલ માટે પંદર લાખ ખર્ચાય હોય તો કેમ પાણીનો નિકાલ થતો નથી.માટે જીલ્લા કલેકટર દ્વારા તપાસના આદેશ આપી પાણીના નિકાલ માટે વ્યવસ્થા કરવી તપાસના આદેશ આપવા જોઈએ.

**બફારા- ઉકળાટ વચ્ચે**

# કાંકરેજ તાલુકામાં ગાજવીજ સાથે મેઘરાજાની ધમાકેદાર પધરામણી : ખેડૂતો- પશુપાલકોમાં આનંદ

**ગરમીથી ત્રસ્ત લોકોએ હાશકારો અનુભવ્યો બાળકો મન મુકીને વરસાદનો આનંદ માણ્યો**


યશપાલસિંહ ટી. વાઘેલા

તા.પ્રતિ. થરા

પશ્ચિમ વિસ્તારના કાંકરેજ તાલુકામાં અષાઢ માસ પૂરો થવા આવ્યો છતાં સંતોષકારક વરસાદ નહી થતાં કાળઝાળ ગરમી- બફારાને ઉકળાટથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. ત્યાં ગઈકાલે અચાનક બપોરે હળવા- ભારે પવનના લહેરખાં વચ્ચે હવામાન પલટાયુ હતું અને કાળા ડીબાંગ વાદળોએ મધ્યાહન સંધ્યાકાળ જેવુ વાતાવરણ સર્જાયુ હતું. ગાજવીજ સાથે હળવા ને ક્યાંક ભારે ઝાપટાંની શરૂઆત થતાં ખેડૂતો- પશુપાલકો- નાના ભૂલકાં- ગરમી- બફારા- ઉકળાટથી ત્રસ્ત લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

નાના બાળકોનો શાળાઓમાં રીસેષ પડતાં જ ચીચીયારીઓ પાડતા વરસાદી ઝાપટાંમાં ભીંજાવવાનો આનંદ લૂંટતા જોવા મળતાં હતાં તો અબોલ પશુ- પક્ષીઓ પણ વરસાદી ફોરાં શરીર પર કે પાંખોમાં ઝીલવાનો અનોખી ચેષ્ઠા કરતાં જોવા મળતા હતા. કબુતર- હોલા-બગલા- ચકલીઓના ક્યાંક ઝુંડ પલળતા ઉડતા ને પાંખો સુકવતા જોવા મળ્યા હતા. કાંકરેજ તાલુકાના સીઝનનો મુશળધાર વરસાદ પહેલો વરસતાં ખેડૂતો પશુપાલકોમાં અનોખી આનંદની લહેરખી જોવા મળી હતી. આ વર્ષે ચોમાસુ વાવેતર સારા પ્રમાણમાં થયું છે.

અનુસંધાન પાના નં.૬

**યાત્રાધામ ઢીમા ગંદકીથી ખદબદયુ**

# રબારી - ઠાકોરવાસમાં ગંદકીના સામ્રાજ્યથી ગંભીર રોગચાળાની દર્હશત


વર્ધાજી રાજપુત

પ્રતિ. ઢીમા

વાવ તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ઢીમા હાલમાં ગંદકીથી ખદબદી રહ્યું છે. ગામના રબારીવાસ તથા ઠાકોરવાસના જાહેર માર્ગ ઉપર ગંદકીનું સામ્રાજ્ય છવાયેલું હોઈ ત્યાંથી અવર જવર કરતા રાહદારીઓ સહિત સ્થાનિક રહીશો ખૂબ જ ત્રસ્ત થઈ ઉઠ્યા છે. તેમજ ગંભીર રોગચાળાની દહેશત વર્તાઈ રહી છે. તેમ છતાં તંત્ર દ્વારા ગંદકી દૂર કરવામાં આવતી નથી.

યાત્રાધામ ઢીમાના રબારીવાસ તથા ઠાકોરવાસના જાહેર માર્ગ ઉપર ગંદકીનું સામ્રજય છવાયેલું છે જેના કારણે આ માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ સહિત આસપાસના ૧૨૦ ઘરના રહીશો ભારે ત્રસ્ત થઈ ઉઠ્યા છે.રામ આસરા, પ્રતાપપુરા, ઘંટીયાળી, ભોરોલ સહિતના ગામો તરફ જવાનો આ મુખ્ય માર્ગ છે. ઉપરાંત ત્યાં નજીકમાં જ શાળા આવેલી છે. જે શાળામાં અભ્યાસ કરતા ૫૦૦ ઉપરાંત બાળકોને આ ગંદકીમાં થઈને પસાર થવું પડે છે. તો બીજી તરફ ગંભીર રોગચાળાની પણ દહેશત વર્તાઈ રહી છે. આ બાબતે વારંવાર ગ્રામ પંચાયતમાં રજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી જેથી સ્થાનિક રહીશો અગામી વિધાનસભા ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારી છે. જે બાબતે સ્થાનિક ધારાસભ્ય અને રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી અંગત રસ દાખવી આ પ્રશ્નનો ઉકેલ લાવે તે જરૂરી છે.

# થરાદના વજેગઢમાંથી વિદેશી દારૂ ઝડપાયો

પ્રતિનિધિ થરાદ

થરાદ પોલીસ મથકના કર્મચારીઓ જશવંતસિંહ,જાલાજી તથા હસમુખભાઇ જોધાભાઇ બુધવારની સાંજના સુમારે થરાદ બીટનં ત્રણ વિસ્તારમાં સમન્સની બજવણીમાં હતા.આ વખતે વજેગઢના પાટીયે આવતાં દેવાભાઇ ચેલાભાઇ રબારી વિદેશી દારૂ તેજાભાઇ રોઠડના બિનવારસી મકાનમાં સંતાડી રાખીને વેચાણ કરતો હોવાની ખાનગી બાતમી મળી હતી.આથી પોલીસે તેમાં રેડ પાડીને ત્રણ પેટીઓમાં રહેલો રૂપીયા ૮૩૦૦ની કિંમતનો ૮૩ બોટલ વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઇ વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# ભાભરના અસાણા ગામે ટ્રેક્ટરની ટ્રોલીમાં ઘાસ નીચે સંતાડેલો વિદેશી દારૂ ઝડપાયો

વિદેશી દારૂ, ટ્રેક્ટર, ટ્રેક્ટરની ટ્રોલી સહિત રૂા.૮.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

જિલ્લા પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજરની સુચના તેમજ મદદનીશ પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા તથા સર્કલ પો.ઈન્સ એચ.એન. રાઠોડના માર્ગદર્શન હેઠળ ભાભર પી.એસ.આઈ એમ.જે. ચૌધરી, પો.કોન્સ પ્રહલાદભાઈ, હિરાભાઈ, વિક્રમસિંહ, રમેશભાઈ, બેચરભાઈ વગેરે પોલીસ સ્ટાફ સાથે તા. ૧૯/૦૭/૨૦૧૭ ના રોજ ભાભર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશન કેસો શોધવા પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન બાતમી મળેલ કે ભરતભાઈ દયારામભાઈ ઠાકોર રહે. અસાણા તા. ભાભર વાળો પોતાના ખેતરમાં બનાવેલ રહેણાંક ઘર આગળ એક ટ્રેક્ટરની ટ્રોલીમાં વિદેશી દારૂ ભરેલ હાલતમાં રાખેલ છે.જેના આધારે ખેતરમાં રહેણાંક ઘરે પહોંચતાં ભરતભાઈ ઠાકોર પોલીસને જોઈ ટ્રેક્ટર ચલાવી જતા હોઈ પોલીસે તેનો પીછો કરતા ટ્રેક્ટર ટ્રોલી સાથે મુકી ફરાર થઈ ગયો હતો. પોલીસે ટ્રેક્ટરની તપાસ કરતાં બાજરીના ઘાસ નીચે અલગ- અલગ બ્રાન્ડની કાગળની પેટી નંગ- ૮૯ બોટલ નંગ- ૪૨૭૨ કુલ કિં.રૂા. ૪,૨૭,૨૦૦/- તથા ટ્રેક્ટર નં.જી.જે.૦૯ ઈ.૫૭૯૯ કિ.રૂા. ૩,૦૦,૦૦૦/- તેમજ ટ્રોલીની કિં.રૂા. ૧,૦૦,૦૦૦/- એમ કુલ કિ.રૂા. ૮,૨૭,૨૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# લાખણી તાલુકામાં વરસાદી ઝાપટાથી પાણી ભરાયા


નરસિંહ પ્રજાપતિ

પ્રતિનિધિ ગેળા

લાખણી સહિત પંથકના ગામડાઓમાં અસહ્ય ઉકળાટ વચ્ચે ગઈકાલે બપોરના સુમારે આકાશમાં કાળા ભમ્મર વાદળાં છવાયા હતા. તેથી દિવસે પણ અંધકાર છવાયો હતો. બાદમાં પવન સાથે જોરદાર વરસાદી ઝાપટું પડ્યું હતું. તેથી સર્વત્ર પાણી- પાણી થઈ ગયું છે. નિચાણવાળા વિસ્તારોમાં માંડ ઓસરેલા વરસાદી પાણી ભરાઈ ગયા હતા. પરંતુ વરસાદથી ઠંડક પ્રસરી ઉઠતા હર કોઈએ હાશકારો અનુભવ્યો હતો. જયારે જરૂરિયાતના સમયે વરસાદ થતા ખેતી પાકોના પણ ફાયદો થયો હતો. તેથી ખેડૂતોએ વરસાદને વધાવી લીધો હતો.

# ધાનેરાના નેશનલ હાઈવે પર સામાન્ય વરસાદથી પડેલા ખાડા : ટ્રેક્ટર પલ્ટી ખાઈ ગયું


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરામાં ગતરોજ પડેલા સામાન્ય વરસાદમાં પણ નેશનલ હાઈવે પર પડેલા ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ જતાં અહીંથી નિકળતા વાહનો ખાડાના કારણે પલટી ખાઈ જતાં હોય છે.

બિસ્માર બની ગયેલા નેશનલ હાઈવેને સુધારવા તંત્ર દ્વારા કોઈપણ જાતના પ્રયત્નો થતાં નથી. તંત્રની સતત આળસના પરીણામે જેથી ગાડી પલટી જવાના બનાવો બને છે. ત્યારે ગતરોજ કંસારીના સુરાભાઈ નગાજી બટાટા ભરી ધાનેરા થઈ સાંચોર જઈ રહ્યા હતા. ટ્રેક્ટરમાં બટાટાના ૧૨૩ કટ્ટા ભરેલા હતા. જે મોરલીના ગલ્લા આગળજ પલ્ટી ખાઈ ગયેલ. જોકે સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી. પરંતુ રોડ પરના જે તે ખાડા પુરવામાં નહિં આવે તો કોઈ ભોગ બનશે તે વાતને નકારી શકાય તેમ નથી.

# ગુગળમાં મંદિરની દિવાલ તૂટી


ભરત સુંદેશા

ગત તા.૨૦/૭/૨૦૧૭ ના રોજ ગુગળ ગામે બપોરે ૨.૪૫ વાગ્યે અતિ ભારે વરસાદ થવાના કારણે ગામ ગુગળની અંદર જોગમાયા માતાજીના મંદિર પાસેથી ભારે પાણી આવવાથી જોગમાયા માતાજીના મંદિરની ધર્મશાળા અને તેનો ૨૫૦ ફુટ વરંડો પડી ગયેલ જેથી ભારે નુક્શાન થયેલ છે.

# ડીસામાં ભારે વરસાદી ઝાપટું ખાબક્યું


ભરત સુંદેશા

ડીસા

ડીસામાં મંગળવારે રાત્રે બે ઈંચ વરસાદ ખાબક્યા બાદ ગુરૂવારે બપોરે ભારે પવન સાથે ધોધમાર વરસાદ ખાબક્યો હતો. આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયું હતું.

ડીસામાં અત્યાર સુધી સીઝનનો ૧૧ ઈંચ જેટલો વરસાદ પડવા છતાં વાતાવરણમાં હજુ ઠંડક થઈ નથી. મંગળવારે તિવ્ર ઉકળાટ બાદ રાત્રે બે ઈંચ વરસાદ ખાબક્યો હતો. ત્યારબાદ બુધવાર અને ગુરૂવારે સખ્ત ગરમી અને બાફ તેમજ ભેજવાળા વાતાવરણથી અસહ્ય ઉકળાટ અનુભવાતો હતો. ત્યારે બપોરે ત્રણેક વાગ્યાના સુમારે આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાઈ ભારે પવન સાથે વરસાદી ઝાપટું પડ્યું હતું. લગભગ અડધો કલાક સુધી એકધારો વરસાદ પડતાં ઠંડક પ્રસરી હતી.

ડીસામાં ચાલુ સાલે પ્રથમ થીજ વાવણી લાયક વરસાદ બાદ ગામે ગામે વરસાદ પડતાં ખેતીને ખૂબજ અનુકળ આવ્યો છે.

# કાશ્મીર ભારતનું અંગ છે જેના માટે જિંદગી ન્યોછાવર કરીશું : સૈયદ મહંમદ અશરફ


જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસામાં હઝરત સૈયદ સૈયાબાવાના પરમા તથા હઝરત સૈયદ ભાઈજાન બાવાના ૧૫ મા ઊર્સ નિમિત દરગાહ શરીફ ખાતે બે દિવસનો ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જે પ્રસંગે કીછોછા શરીફથી પધારેલા ઓલ ઈન્ડિયા ઊલમા એન્ડ મસાઈલ બોર્ડના પ્રમુખ હઝરત સૈયદ મોહંમદ અશરફ જણાવ્યું કે જીવનમાંથી નફરત નીકાળીને મોહબ્બત પેદા કરો. બીજાના જીવનના ખરાબ ગુણો નહીં પરંતુ તેના સદ્ગુણો તપાસો તો તમારા દીલમાં તેના પ્રત્યે હંમેશા મોહબ્બત પેદા થઈ જશે. મહોબ્બત હશે તો જ જીવનમાં શાંતિ મળશે. શાંતિ હશે તો દેશનો વિકાસ અને પ્રગતિ થશે. કાશ્મીર એ ભારતનું અંગ છે તેના માટે આપણે જિંદગી ન્યોછાવર કરી નાંખીશું.

જ્યારે આ પ્રસંગે હઝરત સૈયદ આલમગીર અશરફ જણાવ્યું કે જીવનમાં ઓલિયાનો વસીલો જરૂરી છે. વસીલાથી જિંદગી જીવી તેમની દુઆ લેવા જણાવ્યું હતું. જ્યારે મુરાદાબાદથી પધારેલા હઝરત મન્નાન સાહેબે હઝરત ભાઈજાનબાવાની જિંદગીની વાતો વાગોળતા સૌને મંત્રમુગધ કરી દીધા હતા.

અનુસંધાન પાના નં.૬

# સેંભર તીર્થ નજીર રોડ ઉપર જીવલેણ ખાડો



પ્રતિનિધિ પિલુચા

વડગામના સેંભર તીર્થે નાગની પ્રતિકૃતિવાળું રાજ્યનું પ્રથમ મંદિર આવેલ છે. જ્યાં ભાવિકોનો ભારે ઘસારો રહે છે અને દર અજવાળી પાંચમ અને રવિવારે મેળો ભરાય છે પરંતુ હાલમાં વાસણાથી સેંભર જવાના માર્ગની જમણી સાઈડે ચોમાસામાં વહેતા પાણીના કારણે રોડ ધોવાતા જીવલેણ ખાડો પડ્યો છે. જેના કારણે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાવાની દહેશત વર્તાય છે. શ્રાવણ મહિનો નજીકમાં છે. ત્યારે ખાડો કોઈનો ભોગ લે તે પૂર્વે પુરવાની ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# ધાનેરામાં સ્કૂલો આગળ ખાનગી જીપોનો ખડકલો


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરાના જૂના બસ સ્ટેશનથી નેનાવા ત્રણ રસ્તા ઉપર બે સ્કૂલો આવેલી છે. જેમાં બાલમંદિરથી માંડી ધો. ૧૨ સુધી બાળકો ભણે છે. પરંતુ પોલીસે કમાણીની લ્હાયમાં સ્કૂલ પાસે જ જીપોનું સ્ટેન્ડ ફાળવેલ છે. તેથી સ્કુલોમાં બાળકોની અવર- જવર વચ્ચે જીપોનો ખડકલો રહેતા ટ્રાફિક ચક્કાજામ થાય છે. જેના કારણે અગાઉ સ્કુલે જતા બાળક ઉપર બસનું ટાયર ફરી વળ્યું હતું. ત્યારે વધુ કોઈનો લાડકવાયો ભોગ બને તે પૂર્વે જિલ્લા પોલીસ વડા પોલીસની શાન ઠેકાણે લાવે તેવો જનમત પ્રવર્તે છે.

# કાંકરેજ તાલુકામાં બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ.જાખેલ ગમે વીજળી પડવાથી ૧ પશુનું મોત



તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકામાં ગુરુવારે મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા જેમાં થરામાં બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ ખાબક્યો હતો, જયારે જાખેલ ગામમાં આકાશી વીજળી પડતા રાવળ ઈશ્વરભાઈ ની ભેસ નું મોટ થતા પરિવાર શોકમગ્ન બનતા આ બાબતે જાખેલના સરપંચ અશોકભાઈ રાવળ ને જાણ કરતા તેઓ તથા તલાટી વગેરે ઘટના સ્થળે પહોંચ્યા હતા.ભારે વરસાદ ના કારણે નિચાણ વાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા.જયારે થરા પાલિકાના ગૌરવપથ પર પાણી ભરાતા લોકો ને હાલાકી પડી હતી.

# લઘુ અને મધ્યમ કક્ષાના અખબારો રાષ્ટ્રીય સંગઠનમાં પુનઃ શંકર કતીરાની પ્રમુખ પદે વરણી

ડીસા



ભારતભરમાંથી પ્રસિદ્ધ થતાં લઘુ અને મધ્યમ કદના અખબારોની રાષ્ટ્રીય સંગઠન એસોસીએશન ઓફ સ્મોલ એન્ડ મીડીયમ ન્યુઝ પેપર્સ ઓફ ઈન્ડિયાની તાજેતરમાં મળેલી રાષ્ટ્રીય કારોબારીમાં ‘લોકપાલ’ ના તંત્રી શંકર કતીરાની અધ્યક્ષ પદે પુનઃ વરણી કરવામાં આવી છે. કતીરાની વરણીને અખબારી આલમ દ્વારા વ્યાપક આવકાર મળ્યો છે. ઉત્તરાખંડના મૈસુરી ખાતે સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ કે.ડી. ચંદોલાની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય કાર્યકારણીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, રાજસ્થાન મધ્યપ્રદેશ, આસામ, પં.બંગાલ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલગાણા, આન્ધ્રપ્રદેશ, પંજાબ, ગુજરાત સહિતના રાજ્યોના અખબારોના માલિકો, તંત્રીઓ, પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વર્તમાન સમયમાં અખબારોને લગતાં સરકાર સાથેના વિવિધ પ્રશ્નોની વ્યાપક ચર્ચા- વિચારણા કરવામાં આવી હતી.

અનુસંધાન પાના નં.૬

## તંત્રી સ્થાનેથી ...

**નમ્રતા બુધ્ધિમતાનું જ એક અંગ છે.**

# ત્રાસવાદને જડમૂળથી ઉખાડી નાંખવાના પ્રયાસો જરૂરી

વિશ્વના રાષ્ટ્રો ઈચ્છે છે કે કાશ્મીર સમસ્યાને નિવારવા માત્ર- બે પક્ષો એક મંચ પર આવી વિધિસરની ચર્ચા કરે તો યોગ્ય માર્ગ મળી આવશે. પરંતુ પાકિસ્તાન અને ત્યાં સ્થિર થયેલા ત્રાસવાદી સંગઠનો, અલગતાવાદીઓ કાશ્મીરમાં હંમેશાં અશાંતિનો માહોલ બની રહે તે માટેના જ તેમના દ્વારા પ્રયાસો જારી રહ્યા છે. સંસદમાં ચોમાસા સત્રનો પ્રારંભ થયો પરંતુ કાશ્મીર સમસ્યાનો પ્રશ્ન હજુ ચર્ચામાં આવ્યો નથી. હમણા અમરનાથના યાત્રીઓ પર થયેલા ત્રાસવાદી હુમલાના પગલે દેશની જનતા ચોંકી ઉઠી હતી, કેમ કે લશ્કરી સૈનિકો તૈનાત હોવા છતાં ત્રાસવાદી હુમલો થયો હતો. આ બાબત સુરક્ષામાં ખામી કારણભૂત માની શકાય. આ ત્રાસવાદી હુમલાથી આજના કહેવાતા રાજભક્તો પણ ઊંઘમાંથી જાગૃત થઈ ગયા, જો કે રાજભકતો હંમેશા પોતાના પક્ષીય રાજકારણની ચિંતા કર્યા કરતા હોય છે. ભલે તે કાશ્મીર કે અમરનાથના યાત્રાળુઓ પર હુમલા થયા કરે તે બાબતે રાજભક્તોને ગંભીરતા જણાતી નથી.

ત્રાસવાદીઓ દ્વારા થતા રહેતા નાના- મોટા હુમલાની અસરો તો થતી હોય છે. એને વખોડવમાં ચીન અને પાકિસ્તાન સિવાય મોટાભાગના દેશોએ આ કૃત્યને વખોડી કાઢ્યું છે. ચીન કે પાકિસ્તાનમાં માનવીય અભિગમ રજપાત્ર નથી.

જો કે કાશ્મીરના અલગતાવાદી જૂથોએ ત્રાસવાદી જૂથોના હુમલાને વખોડી કાઢ્યા છે. કહેવાય છે કે દર્દથી પિડાતી વ્યક્તિને ક્યારેક દવાથી જે રાહત મળે છે તેના કરતાં એ વ્યક્તિ દ્વારા મળતા આશ્વાસનથી વધુ રાહત મળે છે. ત્રાસવાદના જીવલેણ રોગને દબાવી દેવાના બદલે તેનું ઓપરેશન કરી જડમૂળથી ઉખાડી દેવામાં આવે તો ઘણો ફાયદો થઈ શકશે. આજે મોટાભાગના દેશો સાથે ભારતના રાજદ્વારી સંબંધો વધી રહ્યા છે. તેને કારણે ચીન ને પાકિસ્તાનના પેટમાં તેલ રેડાઈ ચૂક્યું છે. ત્યારે આતંકના સફાયા માટે જે તક નજીક આવી રહી છે તેને ગુમાવવી જોઈએ નહિં.

કાશ્મીરમાં ભાજપ સામે યુતિ સરકાર ચલાવતાં મુખ્યમંત્રીએ અમરનાથના યાત્રીઓ પર થયેલા ત્રાસવાદી હુમલાને 'કાશ્મીરિયત' સામેનો પડકાર ગણાવ્યો છે. ત્યારે કેટલાક રાજકારણીઓનું માનવું છે કે કાશ્મીરની 'શાંતિમાં'' 'કાશ્મીરિયત' શબ્દની મુખ્ય ભૂમિકા છે.

કાશ્મીરને ભારતથી અલગ કરવાની માગણીમાં પણ આવી કહેવાતી કાશ્મીરિયતનું કારણ બતાવવામાં આવે છે. રાજકારણના કેટલાક મહા ખેલાડીઓએ કાશ્મીરિયતની અસલી ચહેરા પર નકલી કાશ્મીરિયતનું મહોરું પહેરાવી દીધું છે. અસલી કાશ્મીરિયત તો કાશ્મીરના લોકોની સંસ્કૃતિ, સંસ્કાર અને સભ્યતામાં છે! એ લોકોની આતિથ્ય સત્કારની ભાવના ઘણી ઊંચી છે.

અમરનાથના યાત્રાળુઓ પર થયેલા હુમલા બાદ 'યાત્રા અટકી જશે' ભારત ડરી જશે પૂરા દેશમાં એક ખૌફ ફેલાઈ જશે એવી બેબુનિયાદ ધારણા રાખીને બેઠેલી પાકિસ્તાની સરકારની ઊંઘ ઊડી ગઈ છે. ઉલટાના બમણા ઉત્સાહથી અમરનાથના શ્રદ્ધાળુ ભાવિકો આગળ વધી રહ્યા છે. આ બધું નિહાળીને ત્રાસવાદીઓના હોંશ ઉડી ગયા છે. જોશ એ જ મહત્વનું પાસું છે!!

# માય ફીટનેસ માય જર્ની : તલવલકર્સ એફોર્ડેબલ કિંમતે પરિપૂર્ણ લાવે છે

૮૫ શહેરોમાં ૨૧૧ જીમ સાથેની સૌથી વિશાળ ફીટનેસ શૃંખલા તલવલકર્સ બેટર વેલ્યુ ફીટનેસ લી.દ્વારા તેની લોકપ્રીય વાર્ષિક ડીસ્કાઉન્ટ ઓફર જાહેર કરી છે. ટીવીબીએફ તલવલકર્સ વાર્ષિક ડીસ્કાઉન્ટ યોજનાની મદદથી ભારતીય ફીટનેસ ઉદ્યોગમાં તેનું આગેવાન સ્થાન મજબુત બનાવવા માટે ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. આ વર્ષે ટીવીબીએફ સર્વ સમાવેશ પેકેજ મેમ્બરશીપ જાહેર કરી છે. જે રૂા.૨૦,૦૦૦ વત્તા જીએસટીની આકર્ષક આરંભિક કીંમતે અપાશે. પેકેજની કિંમત અને સુવિધાઓ શાખા અનુસાર ફેરફારને આધીન છે. ઓફર ચુનંદી શાખામાં જ લાગુ છે.

# એલનના પ્રીનર્ચર-કરીયર ફાઉન્ડેશન વિભાગે દેશનું ગૌરવ વધાર્યું



એલન કરીયર ઈન્સ્ટીટયુટના વિદ્યાર્થી ધ્યેય ગાંધી મુળ ગુજરાતી વિદ્યાર્થી છે. જે સમગ્ર શૈક્ષણિક કારકીર્દી દરમ્યાન સ્કૂલના અભ્યાસ દરમિયાન એકેડેમીક તેજસ્વી વિદ્યાર્થી રહ્યો છે. તેણે આંતરરાષ્ટ્રીય સ્તરે રાષ્ટ્રને ફરી ગૌરવવંતુ બનાવ્યો છે. ધ્યેય ગાંધીએ ૬ થી ૧૫ મી જુલાઈ ૨૦૧૭ ના રોજ થાઈલેન્ડ ખાતે યોજાયેલા અત્યંત પ્રતિષ્ઠીત આંતરરાષ્ટ્રીય કેમીસ્ટ્રી ઓલિમ્પિ એડ આઈસીએચઓ ૨૦૧૭ માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને આંતરરાષ્ટ્રીય કેમીસ્ટ્રી ઓલિમ્પીએડ ૨૦૧૭ માં દેશ માટે રજતચંદ્રક મેળવ્યું છે. તે આઈસીએચઓ ૨૦૧૭ માં ભારતનું પ્રતિનીધિત્વ કરનાર સૌથી નાના સહભાગી વિદ્યાર્થી છે.તે એનએસઈસીમાં પ્રથમ સ્થાન રાષ્ટ્રીય ધોરણમાં રસાયણ શાસ્ત્રમાં પરીક્ષા એટલે નેશનલ સ્ટાન્ડારીઝ એકસઝામીનેશન ઈન કેમીસ્ટ્રીમાં પ્રથમ સ્થાને, ઈન્ડીયન નેશનલ કેમીસ્ટ્રી ઓલિમ્પિયાડ બીજા તબક્કામાં પસાર ઓસીએસસી (ઓરી એન્ટેશન કમ સીલેકશન કેમ્પ) ત્રીજો તબક્કો પૂર્ણ કર્યો છે. જે આ આંતરરાષ્ટ્રીય કેમીસ્ટ્રી ઓલિમ્પીયાડના સત્તાવાર રાષ્ટ્રીય તબક્કામાં છે તે દરેક સ્પર્ધામાં સફળતા મેળવેલ છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ટીવીએસ મોટર કંપનીએ ટીવીએસ ઝેસ્ટ ૧૧૦ હિમાલિયન હાઈ સિઝન ૩ ની ઘોષણા કરી



ટીવીએસ મોટર કંપનીએ બહુઅપેક્ષિત ટીવીએસ ઝેસ્ટ ૧૧૦ હિમાલિયન હાઈ સિઝન ૩ ની ઘોષણા કરી છે. રેકોર્ડ નોંધાવતી બે સફળ સિઝન બાદ, ટીવીએસ ઝેસ્ટ ૧૧૦ હિમાલિયન હાઈ સિઝન ૩ એ યુવાઓમાં ઘણી અપેક્ષા ઉભી કરી છે, જેઓ સ્કૂટર પર અદ્વિતિય અનુભવ સાથે શકિતશાળી હિમાલય પર જીતવાની સિદ્ધિ મેળવવા ઈચ્છે છે.

પ્રથમ સિઝનમાં, એક માત્ર મહિલા રાઈડર (સવાર) અનમ હાશિમે તેના ટીવીએસ ઝેસ્ટ ૧૧૦ પર સવારી કરતા ખારડુંગલા પહોંચી હતી અને યુવા રાઈડર્સના દિલ જીત્યા હતા. લોકપ્રિય પ્રતિભાવોના આધારે, સિઝન ૨ મહિલાઓ માટે ખુલ્લી મુકવામાં આવી હતી, પણ તેમાં પુરૂષો અને મહિલાઓ બન્ને તરફથી પ્રવેશપત્રો મળ્યા હતા. પસંદગી પામેલ રાઈડર્સ પરિક્ષણ અને તાલિમ બાદ રેકોર્ડ નોંધાવતી રાઈડ (સવારી) શરૂ કરી હતી. સિઝન ૩ માટેના રજીસ્ટ્રેશન બધા મહત્વાકાંક્ષી રાઈડર્સ માટે ખુલ્લુ છે. ઈચ્છુક રાઈડર્સ www.tvsscooty.com પર લો" કરી તા. ૩૧ જુલાઈ ૨૦૧૭ સુધી તેમની અરજીઓ દાખલ કરી શકે છે. પસંદીના શહેરોમાં વિર્ચ્યુલ રિયાલીટી ઝોન પણ આ રજીસ્ટ્રેશન માટે સુવિધા "દાન કરશે. આ રાઈડ સપ્ટેમ્બરની શરૂઆતમાં થશે.

# અભિનેત્રી પ્રિયંકા સિંહ અને સોનિયા શર્મા તેનાલી રામમાં કૃષ્ણદેવરાયની પત્નીઓની ભૂમિકા ભજવશે



સુંદર અભિનેત્રીઓ પ્રિયંકા સિંહ અને સોનિયા શર્માએ સોની સબ પર હાલમાં જ રજૂ કરાયેલી લોકકથાતેનાલી રામના લોકપ્રિય કલાકારોમાં જોડાઈ છે.અભિનેત્રી સોનિયા શર્મા ચિત્રાદેવીની ભૂમિકા ભજવશે. તે રાજા કૃષ્ણદેવરાય (માનવ ગોહિલ)નીપ્રથમ પત્ની તરીકે જોવા મળશે, જે કિશોરાવસ્થામાં ચિત્રાદેવી સાથે પરણે છે. તે બુદ્ધિશાળી પત્ની છે, જે રાજાના મૂડને બરોબર સમજે છે અને રાજાને દુભવ્યા વિના તેની ઈચ્છા પૂરી કરે છે. તે તેનાલી રામની વાત આવે ત્યારે રાજા કૃષ્ણદેવરાયને ઉતાવળિયા નિર્ણયો લેવાથી રોકે છે. તેની ભક્તિ અને રીતરસમોઅમુક વાર યોગ્ય કરવા માટે નાટકીય વિલંબ કરે છે, જેને લીધે તેનાલી રામ માટે અમુક ગૂંચો પણઊભી થાય છે.બીજી બાજુ અભિનેત્રી પ્રિયંકા સિંહ થિરુમાલાંબાની ભૂમિકા ભજવશે, જે સુંદર તો છે પરંતુ ઠોઠ છે. તેકૃષ્ણદેવરાયની બીજી પત્ની છે. અહીં કૃષ્ણદેવરાયને તેનો મૂડ સંભાળવો પડે છે. તથાચાર્ય (પંકજ બેરી)કૃષ્ણદેવરાયનું મન વાળવા માટે થિરામાલાંબાના ઠોઠપણાનો ઉપયોગ કરે છે. અજ્ઞાત રીતે તે તેનાલીનોનાશ કરવા માટે તથાચાર્યના કાવતરામાં હિસ્સેદાર બને છે.તેનાલી રામનું પ્રસારણ સોમવારથી શુક્રવારે રાત્રે ૮થી ફક્ત સોની સબ પર!

# 'જવાબ દેને કા વકત આ ગયા હૈ' અમિતાભ બચ્ચન કહે છે



સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનનુ કૌન બનેગા કરોડપતિ તેની ૯ મી સીઝન માટેતેના કેમ્પેઈન સાથે તૈયારી કરી દિધી છે - જવાબ દેને કા વકત આ ગયા હૈ. ભારતના સૌથી મોટામાંમોટા સુપરસ્ટારને શ્રીમાન અમિતાભ બચ્ચનને દર્શાવતા, કેમ્પેઈનમાં આ શો નો મુખ્ય ભાગ જીવનમાં' જ્ઞાન એ જ મહાન લેવલર છે' તેને બતાવાયો છે.આ ખ્યાલને મેળવીને, બીજા કોઈ નહિ પણ દંગલના નિર્દેશક નિતિષ તિવારી અને નિખિલ મરહોત્રાદ્વારા નિર્દેશિત અને લખવામાં આવ્યુ છે. આ કેમ્પેઈન જીવનની પરિસ્થિતિની વિવિધ સ્લાઈસને સુંદરરીતે વર્ણવે છે જયા વ્યક્તિગત રીતે જીવનના અઘરા પ્રશ્નોને ઉકેલવામાં આવ્યા છે અને તેમની જેએક આશા છે તે છે જીવનમાં તેમનુ નસીબ જ્ઞાનની તાકાતથી બદલાશે. આ કેમ્પેઈનની લાઈન છે'જવાબ દેને કા વકત આ ગયા હૈ' તે દ્રમ્ઝ ના આત્માને પકડી લે છે- મુશ્કેલીથી મેળવેલ જ્ઞાન વડે એકવ્યક્તિના નસીબને બદલવાની તક. કેમ્પેઈનના વિચાર ઉપર વાત કરતી વખતે, ડેનિશ ખાન, ઈઁઁ અને સોની એન્ટરટેઈનમેન્ટ 'KBC તે ભારત માટે સૌથી આનુષંગિક શો છે. વ્યક્તિ અનેસમાજ બંન્રેના માટે બદલાવના મોટા એજન્ટ તરીકે જ્ઞાનના એક મહાન ફેરફારના એજન્ટ તરીકેએકત્રિત આત્મવિશ્રવાસને તે ઉજવે છે. આ સીઝનનો કેમ્પેઈનને નિતિષ દ્વારા લખવામાં આવ્યુ છે અનેનિર્દેશિત કરવામાં આવ્યુ છે તેને આનુષંગિકતા અને અસર બંન્રે છે જયારે તેમાં એકદમ હાસ્ય અનેમનોરંજન પણ છે. અમે માનીએ છીએ કે આ કેમ્પેઈન આ શો માટે દર્શકોને મનોરંજન આપશે પકડિ રાખશે અને જાળવી રાખશે.'કૌન બનેગા કરોડપતિ કેમ્પેઈન માટે www.Youtube.com ઉપર ટયુન કરો અથવા www.setindia.com ઉપર વધુ માહિતી માટે લોગ ઓન થાઓ

# મેબીલીન ન્યૂ યોર્ક દ્વારા કેન્ડી ફ્લેવર્ડ લિપ બામની રજુઆત




મેબીલીન ન્યૂ યોર્ક તમને બેઝિક લિપ બામથી પણ કાંઈક વિશેષ આપવાનું ચાલુ રાખવા માગે છે.તેની બેબી લિપ્સ કેન્ડી રશની સંપૂર્ણ નવી શ્રેણી સાથે મેબીલીન ન્યૂ યોર્ક સૌપ્રથમ વાર રજુ કરી રહી છે કેન્ડી ફ્લેવર્ડ લિપ બામ ---૨૦થી સમૃદ્ધ તે સૂર્યકિરણો સામે રક્ષણ આપે છે.જ્યારે નારિયેળ તેલ અને વિટામિન ઈ સૂકા અને તરસ્યા હોઠોને સડસડાટ ૧૬ કલાક સુધી નમી આપે છે.તમારા લિપ ટ્રાન્સલુન્સ કેન્ડી કલરમાં પલાળો અને આ મોસમમાં તમારા લિપ્સ પોપ બનાવો

કેન્ડી રશ ચાર કેન્ડી ફ્લેવર્સ સાથે આવે છે,જેમાં વોટરમેલન પોપ,ગમી ગ્રેપ,કોટન કેન્ડી અને ઓરેન્જ જુજુબેનો સમાવેશ થાય છે.તમારા લિપ્સને ફકત રૂ.૧૯૦માં બધા રિટેઈલ આઉટલેટ્સમાં ઉપલબ્ધ બેબી લિપ્સ કેન્ડી રશ સાથે મીઠાશની કિક સાથે કેન્ડી કલરનો રશ આપો.બેબી લિપ્સ કેન્ડી રશ આખા વર્ષમાં મારા લિપ્સની જરૂરોને એકદમ અનુકૂળ છે.નવા કેન્ડીથી સમૃદ્ધ ફ્લેવર્સ મારા લિપ્સને ૧૬ કલાક સુધી મુલાયમ અને નમીયુક્ત રાખે છે. મારી ફેવરીટ ફ્લેવર વોટરમેલન પોપ છે.તો કેન્ડી રશ ફ્લેવર્સ અને શેડ્સ સાથે કેન્ડીલિશિયસ પાઉટ માટે તૈયાર રહો

# હવે ક્વિક હીલ ટોટલ સિક્યુરિટી મલ્ટી ડિવાઈસનો ઉપયોગ કરીને ઘણાં બધાં ડિવાઈસીસસંરક્ષિત કરો

અગ્રણી આઈટી સિક્યુરિટી સોલ્યુશન્સ પ્રદાતામાંથી એક ક્વિક હીલ ટેકનોલોજીઝ લિમિટેડ દ્વારાક્વિક હીલ ટોટલ સિક્યુરિટી મલ્ટી- ડિવાઈસ લોન્ચ કર્યાની આજે જાહેરાત કરવામાં આવી હતી, જે ઘણાં બધાંડિવાઈસીસ ઉપયોગ કરતા ગ્રાહકોને ઝંઝટ મુક્ત સલામતી નિવારણો પૂરાં પાડે છે. આ નિવારણ ગ્રાહકોને વિંડોઝ,મેક અને એન્ડ્રોઈડનું મિક્સ એન્ડ મેચ હોઈ શકે તેવાં ત્રણ કે પાંચ ડિવાઈસીસ માટે વિસ્તૃત અને આસાન સલામતીરક્ષણ પ્રદાન કરવા માટે સશક્ત બનાવે છે. ક્વિક હીલ ટોટલ સિક્યુરિટી મલ્ટી- ડિવાઈસ ઈન્સ્ટોલ, મેનેજ અને રિન્યુકરવાનું પણ આસાન છે, કારણ કે તે ઘણાં બધાં ડિવાઈસીસ માટે શક્તિશાળી રક્ષણ આપવા માટે એક પ્રોડક્ટ કી સાથેઆવે છે.

કોઈ પણ લાક્ષણિક દિવસે ગ્રાહકો મોટે ભાગે લેપટોપ, ડેસ્કટોપ અને સ્માર્ટફોન્સ જેવાં ઘણાં બધાં ડિવાઈસીસનોઉપયોગ કરતા હોય છે. આ મોબિલિટી તીવ્ર સિક્યુરિટી ખતરો ધરાવે છે, કારણ કે ડેટા તેમના જાણતા કે અજાણતાઘણાં બધાં ડિવાઈસીસ પર સંગ્રહ થાય છે, જે સાઈબર ગુનેગારો માટે સંભવિત લક્ષ્ય બની શકે છે. ઉપરાંત ગ્રાહકોનેઅલગ અલગ ડિવાઈસીસ માટે અલગ અલગ સલામતી નિવારણો કામે લગાવવાનું અને મેનેજ કરવાનું મુશ્કેલ જણાયછે. આને ધ્યાનમાં રાખતાં ક્વિક હીલ ક્વિક હીલ ટોટલ સિક્યુરિટી મલ્ટી- ડિવાઈસ લઈને આવી છે, જે ગ્રાહકોનેએક પ્રોડક્ટ કીનો ઉપયોગ કરીને ઘણાં બધાં ડિવાઈસીસનું રક્ષણ કરવા માટે સશક્ત બનાવે છે. આ નિવારણ ઘણીબધી બહેતર સુરક્ષાની વિશિષ્ટતાઓ આપે છે, જેમ કે આધુનિક રેન્સમવેર સુરક્ષા, વેબ અને ઈમેઈલ સલામતી,સુરક્ષિત બેક્કિંગ, ગોપનીય સુરક્ષા, રિમોટ ડિવાઈસ મેનેજમેન્ટ વગેરે. રિમોટ ડિવાઈસ મેનેજમેન્ટ મફત પોર્ટલ છે, જેઉપભોક્તાઓને ઓફલાઈન હોય ત્યારે ક્વિક હીટ એનેબલ્ડ ડિવાઈસીસ પર તપાસ માટે રાખવા સશક્ત બનાવે છે.

# અમદાવાદના એક સ્ટાર્ટઅપ દ્વારા ફ્રી પ્રિન્ટસ અને ફોટો કોપીની ઓફર

ભારતીય પ્રીન્ટીંગ ઉદ્યોગમાં ક્રાંતિ લાવવા એક એપ્પ આધારીત સ્ટાર્ટઅપ કંપની ફીકોપી ઝીરો સ્ટોર્સ અમદાવાદમાં કેટલાક સ્થળે લોકોને ફ્રી પ્રિન્ટસ અને ફોટોકોપી ઓફર કરી રહી છે. ફ્રી સર્વિસ પુરી પાડવા છતાં મુળ લખાણ સામગ્રીને સહેજ પણ અવરોધ થાય નહીં તે રીતે કંપની છપાયેલા ડોક્યુમેન્ટની પાછળ વિજ્ઞાપનો મુકીને દર મહીને રૂા.ર.પ લાખથી વધુ આવક કરવા માટે સક્ષમ બની છે.અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને ચોક્કસ વપરાશકારને સ્પર્શતા આ રંગીન વિજ્ઞાપનોને કારણે વિજ્ઞાપન આપનારને પ્રતિભાવ મળવા માંડયો છે. હાલમાં ફીક્રોપી ઝીરો એપ્પ એક ઓનલાઈન એગ્રીગ્રેટર તરીકે કામ કરે છે. જેમાં યુઝર એપ્પ ડાઉનલોડ કરી શકે છે અને ઘરે બેસીને વિવિધ વિસ્તારોના ફોટો કોપી સ્ટોરના ભાવની તુલના કરીને કોલેજ અને ઓફિસોને પ્રીન્ટસ મોકલાવી શકાય છે. ફ્રી કોપી ટુંક સમયમાં પ્રીન્ટ ડીલીવરીનો વિકલ્પ રજુ કરી રહી છે. આ વ્યવસ્થા દ્વારા તે રૂા.૯ થી ઓછા ખર્ચમાં ૩૦ મીનીટસના દરથી પ્રીન્ટસ ડીલીવર કરશે.

# ન્યુહોલેન્ડ એગ્રીકલ્ચર ટ્રેકટર્સને જેડી પાવર ૨૦૧૭ ઈન્ડિયા સ્ટડીઝમાં કસ્ટમર સર્વિસ અને પ્રોડકટ પરફોર્મન્સનું રેકીંગ એનાયત કરાયું



નવી દિલ્હી

સીએનએચ ઈન્ડસ્ટ્રીયલની બ્રાન્ડ ન્યુહોલેન્ડ એગ્રીકલ્ચરે જે.ડી.પાવર દ્વારા કરવામાં આવેલ ૨૦૧૭ ઈન્ડીયા ટ્રેકટર સ્ટડીઝમાં ત્રણ મુખ્ય સન્માન પ્રાપ્ત કર્યા છે. ન્યુહોલેન્ડ એગ્રીકલ્ચરે જે.ડી.પાવર કસ્ટમર સર્વિસ ઈન્ડેકસમાં વેચાણ બાદની સેવા માટે શ્રેષ્ઠ રેંકીંગ પ્રાપ્ત કર્યું છે.વધુમાં ન્યુહોલેન્ડે બે મહત્વની ફોર્સપાવર કેટેગરીમાં પણ પ્રોડકટ પરફોમન્સ માટે જે.ડી.પાવર પ્રોડકટ પરફોમન્સ ઈન્ડેકસ દ્વારા થયેલ સર્વેમાં પણ સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે.ન્યુ હોલેન્ડ તેના સતત સંશોધન અને વિકાસ દ્વારા અને વેચાણ બાદની શ્રેષ્ઠ સેવાઓ દ્વારા બેસ્ટ ઈન કલાસ ઉત્પાદનો આપવા સતત રીતે કાર્યરત છે.ન્યુહોલેન્ડ વેચાણ બાદની સેવાઓમાં ગ્રાહકના સંતોષ માટે ૧૦૦૦ પોઈન્ટના સ્કેલમાંથી ૮૪૨ નો સ્કોર પ્રાપ્ત કરી ઉચ્ચત્તમ સ્કોર પ્રાપ્ત કરેલ છે.આ અગાઉ બ્રાન્ડને જે.ડી.પાવર દ્વારા ભારતમાં સૌ પ્રથમ વાર યોજાયેલ ઈન્ડીયા ટ્રેકટર સીએસઆઈ સ્ટડીમાં ૨૦૧૫ માં ૭૯૪ ના સ્કોર સાથે એવોર્ડ આપવામાં આવ્યો હતો.

# ૧૨ પ્રતિયોગી ૧ કડક ટાસ્ક માસ્ટર અને સ્પેનમાં પડકાર



ભય સામે લડવા માટે તેનો સામનો કરો, અસંખ્ય દ્વંદ્વથી પસાર થાવ અને હિંમત અને નિર્ણય સાથે તેના પર વિજય મેળવો. ૧૨ પ્રતિસ્પર્ધીઓએ સ્પેનનો માર્ગ પકડયો છે. જ્યાં તેમને ભારે હવામાન અને મુશ્કેલ સ્ટુન્ટસ સાથે પડકારવામાં આવ્યા છે. રોહીત શેટ્ટીએ દરેક ડગલે ને પગલે ડરને નવી વ્યાખ્યા આપી છે અને મૃત્યુ સમીપ લાગે તેવા સ્ટંટ અને નખ ચાવવા પડે તેવા અદ્દભુત કૃત્યો સાથે દર્શકોને રોમાંચક આનંદ મળવો નક્કી છે. જો કે રોહીતના નેજા હેઠળ હતા તેવા પ્રતિસ્પર્ધીઓ રીત્વીક ધંજાની, કરણ વાહી અને રવિ રૂબેના તોફાનો, શીબાની દાંડેકર, ગીતા ફોગટ અને મોનીકા ડોગરાની મિત્રતા, માનવીર ગુર્જરનું વલણ, નીઆ શર્મા અને શાંતનુ મહેશ્વરીનો કયારેય પુરો ન થાય તેવો સ્વાંગ, હીના ખાનની મ્યુઝીકલ મેજીક, શાઈની દોશીની નિર્દોષતા અને લોપામદ્રા રાઉતની મેકઅપ પીડા આ સીઝનમાં સૌથી મોટી ચર્ચા બની ગયા છે. તેઓ બધા કલર્સ વિશ્વના સાથે તેમના એકશનથી ભરપુર અનુભવ શેર કરવા સેટ છે. કલર્સ લોંચ કરે છે ખતરોં કે ખિલાડી પાવર્ડ બાય જીપ કંપાસ દરેક શનીવાર અને રવિવાર રાત્રે ૯ કલાકે ૨૨ જુલાઈથી શરૂ.

# પુણ્યભંડાર ભરીજે

વિ.સં.૨૦૫૫ મુંબઈ માટુંગા કિંગ સર્કલ જીરણ અબજી જૈન ઉપાશ્રયના ગેરેજ જેવડા નાના જિનાલયમાં શ્રી સુમિતનાથ ભગવાન આદિ ત્રણ જિનબિંબોની પ્રતિષ્ઠા માટે શ્રી સંઘે એક આચાર્યને નિશ્રાપ્રદાન માટે વિનંતિ કરી...આચાર્યશ્રીએ વિનંતિ સ્વિકારી સાથે જ શ્રી સંઘમાં આગેવાનોને જણાવ્યું મુંબઈમાં બિરાજમાન તમામ આચાર્યદેવોને આ માટે વિનંતિ કરો.મારાથી પર્યાયમાં મોટા હોય તેવા બધાજને પણ વિનંતિ કરો..સદ્દગુરૂનુ વચન તહત્તિ કરી શ્રી સંઘે આ આચાર્યથી નાના મોટા પચ્ચીશ આચાર્યોને વિનંતિ કરી..પ્રતિષ્ઠા રંગે ચંગે આ પચ્ચીશ આચાર્યોની પાવન નિશ્રામાં ખૂબ સુંદર રીતે સંપન્ન થઈ.

પોતાને પ્રાપ્ત થયેલ આ પાવન પ્રસંગનો અતિથિ સંવિભાગ બીજા પોતાનાથી નાના-મોટા આચાર્યોને કરવાનાં મહાન લાભ પ્રાપ્ત કરનારનું શુભ નામઃ-પૂ.ગચ્છાધિપતિશ્રી આચાર્ય દેવ શ્રીમદ્દ વિજય જયઘોષસૂરિજી મહારાજ સાહેબ...સિધ્ધાંતના દિવાકરશ્રીની ગીતાર્થમૂર્ધન્યતાથી કેવો સુંદર ભવ્ય ઈતિહાસ રચાયો !

**ધન્ય ધન્ય શાસનમંડણ સૂરિસરા !**

આ ઈતિહાસમાં એક ખૂબ સુંદર સોનેરી પાનું ઉમેરાયું...

વિ.સ.૨૦૫૫ ની સાલમાં સંવંત્સરીપર્વમાં એક તિથિ બે તિથિ નો ભેદ આવ્યો..ત્રણ સ્તુતિની માન્યતાવાળા પક્ષની સંવંત્સરી એક તિથિ પક્ષની માન્યતા કરતાં એક દિવસ વહેલી આવતી હતી..

સંમિલીત-સંગઠિત થયેલા પચ્ચીશ આચાર્યોએ ત્રિસ્તુતિક માન્યતાવાળાના વડા આચાર્યશ્રી જયંતસેન સૂરીશ્વરજી મહારાજને નિવેદન પત્ર લખી સંવત્સરી એક જ દિવસે કરવા રજુઆત કરી અને એ નિવેદનમાં પોતાનો સંમતિનો સૂર પૂરાવી આ આચાર્યશ્રી તથા તેમના અનુયાયી વર્ગે એકતિથિ પક્ષવાળાની માન્યતા મુજબની તિથિના રોજ જ સંવત્સરી પર્વની આરાધના કરી .. અનુમોદના !

જ્યારે ધર્મ રક્ષણહાર બને છે.

મહાભારતની લડાઈમાં જીત મેળવી સારથી શ્રીકૃષ્ણ સહિત અર્જુનનો રથ સ્વસ્થાને આવ્યો..

વિજયના અતિ હર્ષવાળા અર્જુને શ્રીકૃષ્ણને રથમાંથી નીચે ઉતરવા જણાવ્યું,ત્યારે શ્રી કૃષ્ણે ભારપૂર્વક અર્જુનને પ્રથમ ઉતરવા જણાવ્યુ..

ઘણી આનાકાની બાદ અર્જુન પ્રથમ ઉતર્યો,બાદમાં શ્રીકૃષ્ણ જેવા રથમાંથી નીચે ઉતર્યા એટલે રથ ત્યાં જ ભડભડતો સળગી ઉઠ્યો.. શ્રીકૃષ્ણના પ્રભાવેજ જાણે એ સળગતા અટક્યો હશે ને !

પૂ.આચાર્યશ્રી વિજય જયઘોષસૂરિજી મ.સા માટે પણ કાંઈક આવું જ બન્યું.

કુંભોજગિરિ(જિ.કોલ્હાપુર,મહારાષ્ટ્ર)તીર્થમાં નૂતન જહાજ મંદિરની ભવ્ય પ્રતિષ્ઠાના નિશ્રાપ્રદાતા આ પૂજયો વડગાંવથી તંદુલવાડી વિહારધામમાં પધાર્યા .પૂજયશ્રી વ્હીલચેરમાંથી નીચે ઉતર્યા કે તેનું એક પૈડું છુટું પડી ગયું

વ્હીલચેરે બેલેન્સ ગુમાવ્યું આડી પડી ગઈ..કહો રક્ષણ કરાયેલો ધર્મ રક્ષણ કરે છે જ.મુનિપણામાં આ પૂજ્યોએ એક અભિગ્રહ કર્યોઃ-નાની છોકરી રડતાં રડતાં ચપ્પુથી શાક વહોરાવે તો વાપરવું..છ મહિને આ અભિગ્રહ સુંદર રીતે પૂર્ણ કર્યો..ધન્ય ધૈર્ય ગુણ !

- પં.શ્રી ગુણસુંદરવિજયજી ગણી

# ઈન્ડીયા અમીત અને સાક્ષીને ઈન્ડીયા બનેગા મંચના અલ્ટીમેટ ટેલેન્ટબાઝ તરીકેનો મુગટ પહેરાવે છે



અગાઉ કયારેય જોવા મળેલ ન હોય તેવા દર્શકોને જોડનારા ફોર્મેટ મારફત મહીનાઓ સુધી મનોરંજન પુરૂં પાડયા પછી કલર્સના ટેલેન્ટ આધારીત રીયાલીટી શો એપ્પો કેમેરા ફોન પ્રસ્તુત ઈન્ડીયા બનેગા મંચનું સમાપન સાલ્સા ઉત્સુક અમીત અને સાક્ષીને વિજેતાને મુગટ પહેરાવાવ સાથે થાય છે. શોને રચનાત્મક વિષયવસ્તુ પરંપરાગત રીયાલીટી શો ફોર્મેટસથી અલગ ઈન્ડિયાના અલ્ટીમેટ ટેલેન્ટબાઝના બિરુદ માટે જીતવા યોગ્ય ટેલેન્ટસને પસંદ કરવા લાઈવ ગ્રાઉન્ડ પરના દર્શકોને સક્ષમ બનાવવા સાથેનો હતો. ટ્રોફીની સાથેજ અમીત તથા સાક્ષીને રૂા.૧૧ લાખના રોકડ ઈનામ સાથે પણ નવાજવામાં આવ્યા.ગ્રાન્ડ ફીનાલેની ઉજવણીઓમાં જોડાવા માટે મુબારકોની કાસ્ટ અનીલકપુર, અર્જુનકપુર અને આથીયા શેટ્ટીની સાથે એકશન માસ્ટરે રોહીત શેટ્ટી અને ખતરોં કે ખીલાડીના પ્રતિસ્પર્ધીઓ રીત્વીક ધનજાની, હીનાખાન, રવિ દુબે અને નિયા શર્મા પણ હતા.

# કથાસાગર-સંસાર એક શીશમહેલ

એક દિવસે એક શિષ્યએ ગુરુને પૂછ્યું, 'ગુરુદેવ, તમારી દષ્ટિમાં આ સંસાર શું છે?' આ પ્રશ્ન પર ગુરુએ એક કથા સંભળાવી- 'એક નગરમાં એક શીશમહેલ હતો. મહેલની દરેક દીવાલ પર સેંકડો કાચ જડ્યા હતા. એક દિવસે એક ભૂરાંટો થયેલો કૂતરો મહેલમાં ઘૂસી ગયો. મહેલની અંદર તેણે સેંકડો કૂતરાં જોયાં, જે નારાજ અને દુઃખી દેખાતાં હતાં. તેમને જોઈને તે તેમના પર ભસવા લાગ્યો. તેને સેંકડો કૂતરાં પોતાના પર ભસતાં દેખાયાં. તે ડરીને ત્યાંથી ભાગી ગયો. થોડે દૂર જઈને તેણે મનમાં વિચાર્યું કે આનાથી ખરાબ જગ્યા બીજી કોઈ ન હોઈ શકે.

થોડા દિવસ બાદ એક બીજું કૂતરું શીશમહેલમાં જઈ ચડ્યું. તે ખુશમિજાજ અને જિંદાદિલ હતું. મહેલમાં ઘૂસતાં જ ત્યાં સેંકડો કૂતરાં પૂંછડી પટપટાવીને તેનું સ્વાગત કરતાં દેખાયાં. તેનો આત્મવિશ્વાસ વધ્યો અને તેણે ખુશ થઈને જોયું તો તેને સેંકડો કૂતરાં ખુશી વ્યક્ત કરતાં દેખાયાં. તેની ખુશીનો પાર ન રહ્યો. જ્યારે તે મહેલમાંથી બહાર આવ્યું ત્યારે તેણે મહેલને દુનિયાના સર્વશ્રેષ્ઠ સ્થાન અને ત્યાંના અનુભવને પોતાના જીવનનો સૌથી ઉત્તમ અનુભવ માન્યો. ત્યાં ફરીથી આવવાનો સંકલ્પ કરીને તે ત્યાંથી રવાના થયો.'

કથા સમાપ્ત કરીને ગુરુએ શિષ્યને કહ્યું, 'સંસાર પણ એવો જ શીશમહેલ છે, જેમાં વ્યક્તિ પોતાના વિચારો અનુરૂપ જ પ્રતિક્રિયા પામે છે. જે લોકો સંસારને આનંદનું બજાર માને છે, તેઓ અહીંથી દરેક પ્રકારના સુખ અને આનંદનો અનુભવ લઈને જાય છે. જે લોકો તેને દુઃખોનો કારાગાર સમજે છે તેમની ઝોળીમાં દુઃખ અને કટુતા સિવાય કશું જ બચતું નથી.'

## પદ્માવતિ ફિલ્મથી શાહિદની કેરિયરમાં ફરી તેજી આવશે



શાહિદ કપુરની કેરિયરમાં નવી ફિલ્મ પદ્માવતિથી તેજી આવી શકે છે. આ ફિલ્મમાં તે રાવલ રતનસિંહના રોલમાં નજરે પડનાર છે. ફિલ્મ ૧૭મી નવેમ્બર ૨૦૧૭ના દિવસે દેશમાં રજૂ કરાશે. બોલિવુડમાં ૧૦ વર્ષથી વધુનો સમય થઈ ગયો હોવા છતાં તે મોટા સ્ટાર તરીકે ઉભરી શક્યો નથી. તેની કેટલીક ફિલ્મો સફળ રહી છે પરંતુ સતત સફળતા મળી નથી. આજ કારણસર તે હજુ પણ સફળતા માટે સંઘર્ષ કરી રહ્યો છે. શાહિદને હવે સંજય લીલા ભણશાળીની ફિલ્મ મળી ગઈ છે. જેમાં તે દિપિકા સાથે નજરે પડનાર છે. ફિલ્મમાં રણવીરસિંહની પણ ભૂમિકા છે. આ ફિલ્મ પણ ઈતિહાસ પર આધારિત છે. અલાઉદ્દીન ખિલજીના લાઈફ પર આ ફિલ્મ બની રહી છે. કેટલીક શાનદાર ભૂમિકા કરી હોવા છતાં શાહીદ કપૂરને બોક્સ ઓફિસ ઉપર સફળતા મળી રહી નથી. છતાં તે વધુને વધુ ફિલ્મો કરી બોલિવુડમાં ટકી રહેવા માટે સજ્જ છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## અક્ષયની ૨૦૧૮માં બે ફિલ્મ રજૂ કરવા માટેની તૈયારી શરૂ



**ઓન ધ સ્ક્રીન**

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ,તા. ૧૯

બોલિવુડના સુપરસ્ટાર અભિનેતાઓની યાદીમાં સામેલ અક્ષય કુમાર પાસે હાલમાં ત્રણ ફિલ્મો હાથમાં રહેલી છે. જે પૈકી એક ફિલ્મ ટોઈલેટ એક પ્રેમકથા ૧૧મી ઓગષ્ટના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ત્યારબાદ ગોલ્ડ અને ટુ ફિલ્મ વર્ષ ૨૦૧૮માં રજૂ કરવામાં આવનાર છે. ત્યારબાદ તેની ભારે ચર્ચા જગાવી રહેલી સુપરસ્ટાર રજનિકાંત સાથેની ટુ ફિલ્મ ૨૫મી જાન્યુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર છે. જેમાં એમી જેક્સન અભિનેત્રી તરીકે રહેશે. આવી જ રીતે તે ગોલ્ડ નામની ફિલ્મમાં પણ કામ કરી રહ્યો છે. આ પિલ્મ ૧૫મી ઓગષ્ટ ૨૦૧૮ના દિવસે રજૂ કરવામાં આવનાર છે. અક્ષય કુમારની રૂસ્તમ અને જોલી એલએલબી ફિલ્મને બોક્સ ઓફિસ પર સરેરાશ સફળતા હાથ લાગી હતી. બન્ને ફિલ્મો હિટ રહી હતી. નીરજ પાન્ડેની ફિલ્મ ક્રેક અટવાઈ પડી હોવાના હેવાલ મળ્યા છે. ૧૫મી ઓગષ્ટના દિવસે ક્રેક ફિલ્મ રજૂ કરવાની યોજના હતી પરંતુ આ ફિલ્મ નિર્ધારિત તારીખે રજૂ થાય તેવી શક્યતા નહીવત દેખાઈ રહી છે. અક્ષય કુમારે પોતે ફિલ્મના સંબંધમાં માહિતી આપી છે. અક્ષય કુમારે માહિતી આપતા કહ્યુ છે કે સ્પેશિયલ ૨૬, બેબી બાદ હવે નીરજ પાન્ડેની ત્રીજી ફિલ્મમાં તે કામ કરનાર છે. નીરજ પાન્ડેએ કહ્યુ છે કે હવે ક્રેક ફિલ્મમાં સાથે આવી રહ્યા છીએ. ફિલ્મના અન્ય કલાકારોના સંબંધમાં જાહેરાત કરવામાં આવી નથી. ફિલ્મમાં અભિનેત્રી તરીકે કોણ રહેશે તેની જાહેરાત કરવામાં આવી નથી. અક્ષય કુમારે ફિલ્મ અંગે પોસ્ટર શેયર કરીને માહિતી આપી છે. પોસ્ટરમાં એક ચશ્માંમાં તે નજરે પડે છે. જેના ફ્રેમ તુટેલા છે. નિર્દેશક નીરજ પાન્ડેની સાથે અક્ષયની આ ત્રીજી ફિલ્મ છે. સ્પેશિયલ ૨૬ અને બેબી ફિલ્મને લોકો ખુબ પસંદ કરી ચુક્યા છે.

## મશહુર ગાયક અને સંગીતકાર હેમંતકુમાર

**ફિલ્મી સિતારા**-કમલેશ કંસારા

આજના ધુમધડાકા અને શોર શરાબેવાળા ગીતોની સામે હેમંતદા જેવા ગાયકના મધુર ગીતો મનને ઠંડક પહોંચાડે છે. સાચી અને માસુમ અવાજના માલિક હેમંતદા જેવા ગાયકની યાદ એક ઠંડી હવાના ઝોકાં સમાન છે. સન ૧૯૨૦ માં વારાણસીમાં એક બંગાળી પરીવારમાં જન્મેલા હેમંતના ઘરવાળા એમને બાળપણમાં જ કોલકત્તા લાવીને વસ્યા હતા. માતા પિતાની ઈચ્છા હતી કે હેમંત એન્જીનીયરીંગનો અભ્યાસ કરે. પરંતુ એમણે પરિવાર સામે વિદ્રોહ કરીને સંગીતમાં પોતાનું ભવિષ્ય પસંદ કર્યુ હતું. માત્ર ૧૩ વર્ષની વયે સન ૧૯૩૩ માં ઓલ ઈન્ડિયા રેડીયોને માટે પ્રથમ ફિલ્મી ગીત ગાઈને સૌને આશ્ચર્યમાં મુકી દીધા. હેમંતદાએ બંગાળી ફિલ્મ 'નીમઈ સંન્યાસ માટે' પ્રથમ ગીતગાયું હતું. સન ૧૯૪૩ માં આવેલ બાંગ્લામાં અકાળ સમયે એમણે દરેક ભારતીયો પર પોતાની અમીટ છાપ છોડી હતી.




સંગીત પ્રત્યેની પોતાની દિવાનગીના વિશે એમણે એક મુલાકાતમાં કહ્યું, 'હું હંમેશા ગાવાની તકની તલાશ કરૂં છું. ભલે તે કોઈ ધાર્મિક ઉત્સવ હોય કે પછી કોઈ પારિવારીક કાર્યક્રમ, હું હંમેશા પસંદગીના ગીતો જ ગાવાના પસંદ કરૂં છું.

હેમંતકુમારે 'સહગલના કાળ' માં પોતાની સંગીતની કલાને ગંભીરતાથી લેવાની શરૂઆત કરી હતી. એ સમયે હિંદી ફિલ્મી જગતમાં કે.એલ.સાયગલ અને પંકજ મલિક જેવા ગાયકોનો એકાધિકાર હતો અને નવા ગાયકો માટે ફિલ્મી જગતમાં પ્રવેશ કરવો એ એક સ્વપ્ન સમાન હતું. ચાલીસના દાયકામાં હેમંતકુમારની મુલાકાત ગીત સંગીતકાર સલીલ ચૌધરી સાથે થઈ. સન ૧૯૪૮ માં સલીલ ચૌધરી દ્વારા લખેલ ફિલ્મ 'ગાન્યેર બધુ' (ગામની વહુ) માં એક ગીત ગાયા બાદ બંનેને ખુબ જ લોકપ્રીયતા મળી હતી. ત્યારબાદ સલીલ ચૌધરી અને હેમંતકુમારની જુગલબંધીએ બાંગ્લા સંગીત જગતમાં ખુબ જ ધુમ મચાવી હતી. એમને બંગાળમાં એટલી બધી પ્રસિદ્ધિ મળી કે બંગાળી ફિલ્મોમાં એમના જેવો ગીતો ગાનાર બીજો કોઈ કલાકાર નહોતો.

૧૯૫૧ માં દેશપ્રેમ પર આધારીત ફિલ્મ 'આનંદમઠ' માં લતાજી પાસે ગવડાયેલ ગીત સુઝલામ સુફલામ સમયે સંગીતકારની શરૂ થયેલ સફર કયારે ગાયકી તરફ હેમંતકુમાર વળી ગયા તેની ખબર જ ન પડી. હેમંતકુમાર એ સમયના ચર્ચિત હીરો દેવાનંદનો અવાજ બની ગયા હતા. અનેક હીટ ફિલ્મોમાં સુપરહીટ સંગીત આપીને હેમંતકુમાર દેવાનંદ અને ધર્મેન્દ્ર જેવા ચોટીના નાયકોનો અવાજ બનીને સફળ સંગીતકાર બની ગયા હતા. ૧૯૫૫ માં એમને હિંદી ફિલ્મોમાં સંગીત આપવા બદલ પ્રથમ ફિલ્મ ફેયર એવોર્ડ મળ્યો હતો. હેમંતકુમારે બંગાળના મશહુર અભિનેતા ઉત્તમકુમારને માટે પાર્શ્વગાયક બનીને એક ઉત્તમ જોડી બનાવી. એમના ગેરફિલ્મી ગીતો પણ એટલા જ પ્રસિદ્ધ બન્યા જેટલા ફિલ્મી ગીતો એમનો સફળતાનો ધ્વજ બંગાળી અને હિંદી બંને ફિલ્મ જગતમાં સમાન રૂપે લહેરાયો હતો.

૧૯૫૯ માં એમણે પોતાની પ્રથમ બંગાળી ફિલ્મ 'નીલ' અકશેર નીચે બનાવીને ફિલ્મ પ્રોડકશનમાં હાથ અજમાવ્યો. એમની આ પ્રથમ ફિલ્મને 'રાષ્ટ્રપતિ' સ્વર્ણપદક પ્રાપ્ત થયું હતું.

હેમંતકુમારે અનેક યાદગાર ફિલ્મો બનાવી. હિંદી ફિલ્મી જગતમાં એક ટોચના નિર્દેશક બન્યા. ૮૦ના દશકમાં એમને હાર્ટએટેક આવતા એમના અવાજ પર ખુબ જ ગહરો પ્રભાવ પડયો. તેમ છતાંય એમણે પોતાના અનેક આલ્બમો પ્રકાશીત કર્યા હતા. તેઓ અનેક મ્યુઝીક કોન્સર્ટસમાં પણ ભાગ લેતા હતા પરંતુ એમનું સ્વાસ્થ્ય એમને સાથ નહોતું આપતું. અંતે ૨૬ સપ્ટેમ્બર ૧૯૮૯ માં સંગીતની દુનિયાનો ચમકતો સિતારો સદાને માટે લુપ્ત થઈ ગયો. **કમલેશ કંસારા**



**ન્યુઝ સ્ટ્રીપ્સ**

★ટીવી ધારાવાહીકો હવે ફિચર ફિલ્મો કરતાં જરાય પાછળ રહેવા નથી માગતી તે ફરી એક વખત પુરવાર થઈ ગયું છે. પીઢ અભિનેત્રીએ તનુજાને સૌ પ્રથમ વખત ટચુકડા પડદે રજુ કરતી તેમજ કાર્તીક નાયર અને રજનીશ દુગ્ગલ સહીતના કલાકારોને ચમકાવતી સીરીયલ આરંભમાં આવતા યુદ્ધના એક દ્રશ્ય માટે ગુજરાતના ઉમરગામ પાસેના એક જ ગામના સઘળા લોકોને લેવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું કે સામાન્ય રીતે યુદ્ધના દ્રશ્ય માટે સેંકડો જુનીયર આર્ટીસ્ટોને શુટીંગના સ્થળે લઈ જવામાં આવે છે પરંતુ આ સીરીયલના સર્જકોએ ઉમરગામ પાસેના એક ગામમાં રહેતા લોકોને રોજગારી મળી રહે એ હેતુથી જુનીયર આર્ટીસ્ટોને બોલાવવાને બદલે આ ગામના લોકોને જ યુદ્ધના દ્રશ્યના ભાગ બનાવવાનો નિર્ધાર કર્યો હતો. લડાઈનું આ દ્રશ્ય વિશાળ પાયે ભજવવામાં આવતું હોવાથી સેંકડો લોકોની આવશ્યકતા હતી. તેથી એક આખા ગામના લોકોને તેનો ભાગ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ સિવાય તેને આબેહુબ બનાવવા તેના કોશ્ચ્યુમ આર્ટ ડાયરેકશન તેમજ વિઝ્યુઅલ ઈફેકટ પર પુષ્કળ ખર્ચ કરવામાં આવશે.

★ટચુકડા પડદાના લોકપ્રિય શો દિયા ઓર બાતીમાં હમ પર પડદો પાડયા પછી સાત મહીનામાં તેની બીજી સીઝન તું સુરજ મેં સાંજ પિયાજ શરૂ થઈ હતી પરંતુ નવી સીઝનમાં તેના સૌથી લોકપ્રીય ત્રણ પાત્રો સુરજ, સંધ્યા અને ભાભોમાંથી માત્ર ભાભોને જ પાત્ર જારી રાખવામાં આવ્યું છે. તે સિવાય સમગ્ર સીરીયલમાં નવા કલાકારોને લેવામાં આવ્યા છે પરંતુ હવે જાણવા મળ્યા મુજબ આ ધારાવાહીકમાં સુરજ એટલે કે એનાસ રશીદને લેવાયો છે. છેલ્લા આઠ મહીનાથી પોતાના વતન માલેરકોટલામાં રહેતો અને પોતાની માતાની પસંદગીની યુવતી સાથે સગાઈ કરી લેનારે જણાવ્યું કે હું જ્યારે જ્યારે આ શો જોતો હતો ત્યારે ત્યારે મને તેમાં સુરજ અને સંધ્યાની ખોટ સાલતી. પણ જ્યારે સીરીયલ સર્જકોએ મને તેમાં લેવા ફોન કર્યો ત્યારે મારી ખુશીનો પાર નહોતો રહ્યો. મને એમ લાગ્યું કે જાણે તેણે મારા મનની વાત સાંભળી લીધી. વાસ્તવમાં સુરજનું પાત્ર યાદગાર હતું. આજ દિન સુધી લોકો મને પુછે છે કે શું હું આ શ્રેણીમાં ફરીથી સુરજનો રોલ નથી કરવાનો ? અને મારા આશ્ચર્ય વચ્ચે સીરીયલ સર્જકોએ મને તેમાં ફરીથી લેવાનો નિર્ણય કર્યો છે.

★ તાજેતરમાં શરૂ થયેલા શો સાવિત્રી દેવી કોલેજ એન્ડ હોસ્પિટલમાં કામ કરી રહેલી અભિનેત્રી શિલ્પા શીરોડકરને આ ધારાવાહીકને દર્શકો કેવો પ્રતિસાદ આપશે તેની ચિંતા સતાવી રહી છે. આનું કારણ કદાચ એ હોઈ શકે કે તેનો છેલ્લો શો ખાસ સફળ નહોતો રહ્યો. તે કહે છે કે આ ધારાવાહીકને સાંજે છ વાગ્યાનો સ્લોટ મળ્યો છે. તેથી મને સહેજ ચિંતા થતી હતી કે તેને કેવું ટીઆરપી મળશે. જો કે તરત તે કહે છે કે ટીઆરપીની ચિંતા કરવાનું કામ મારૂં નથી. આમ છતાં હું જે સીરીયલમાં કામ કરતી હોઉં તેને દર્શકો પસંદ કરે એવી ખેવના તો હું ચોક્કસ રાખું. તે આ શોની કહાની વિશે કહે છે કે તેમાં મારો રોલ બદલાની ભાવનાથી પીડાતી સ્ત્રીનો છે.આમ છતાં હું મારી પુત્રીસાથે મિત્રની જેમ રહેવા અને તેની સાથે દરેક બાબતે ચર્ચા કરવાની આગ્રહી છું. શિલ્પાને તેના છેલ્લા શો સીલસીલા પ્યાર ની સહકલાકાર છવિ સાથે નહોતું બનતું. બંને વચ્ચે ફુટેજને લઈને અવારનવાર ઝઘડો થતો. જોકે શિલ્પા આજે પણ આ વાતને નકારતાં કહે છે કે હું હંમેશા એમ માનું છું કે તમારૂં પાત્ર દમદાર હોવું જોઈએ. તમને કેટલું ફુટેજ મળે છે તે મહત્વનું નથી.

## સુનિલ શેટ્ટીના પુત્રને સાજિદ લોન્ચ કરવા તૈયાર : રિપોર્ટ



બોલિવુડના લોકપ્રિય અભિનેતા સુનિલ શેટ્ટીના પુત્રને લોંચ કરવા માટે હવે સાજિદ નડિયાદવાળા દ્વારા તૈયારી કરી લેવામાં આવી છે. સુનિલ શેટ્ટીનો ૨૧ વર્ષીય પુત્ર અહાન બોલિવુડમાં એન્ટ્રી કરવા માટે તૈયાર છે. તે ડિસેમ્બરમાં લોંચ કરવામાં આવી શકે છે. આ સંબંધમાં માહિતી આપતા પિતા સુનિલ શેટ્ટીએ કહ્યુ છે કે અહાન શેટ્ટી બિલકુલ સુરક્ષિત હાથમાં છે. બોલિવુડમાં તેના પ્રવેશને લઈને ચર્ચા ચાલી રહી હતી. અહાન બોલિવુડમાં ટુંક સમયમાં એન્ટ્રી કરવા જઈ રહ્યો છે. આગામી વર્ષે એક્શન રોમાન્સ ફિલ્મમાં તે જોવા મળી શકે છે. સુનિલ શેટ્ટીના નજીકના વિશ્વાસુ મિત્ર જેકી શ્રોફના પુત્ર ટાઈગર શ્રોફને લોંચ કરવામા પણ સાજિદ નડિયાદવાળા સફળ રહ્યા હતા. હિરોપંતિ ફિલ્મ સાથે ટાઈગરે બોલિવુડમાં એન્ટ્રી કરી હતી. તેની સાથે ફિલ્મમાં કૃતિ સનુનની ભૂમિકા હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ હતી. હવે સાજિદ સુનિલ શેટ્ટીના પુત્રને લોંચ કરવાની તૈયારીમાં છે. ફિલ્મની પટકથા તૈયાર કરી લેવામાં આવી છે. અહાન હાલમાં અમેરિકામાં એક્ટિંગ અને ફિલ્મ નિર્માણ અંગે અભ્યાસ કરી રહ્યો છે. સુનિલ શેટ્ટીની પુત્રી અથિયા બોલિવુડમાં એન્ટ્રી કરી ચુકી છે. તેની પ્રથમ ફિલ્મ હિરો હતી. જેમાં સુરજ પંચોલીએ ભૂમિકા ભજવી હતી. આ વર્ષની શરૂઆતમાં અહાન ભારે ચર્ચામાં રહ્યો હતો. કારણ કે તેના અમેરિકામાં પાર્ટીના ફોટો જાહેર કરવામાં આવ્યા હતા. બિઝનેસમેન જય શ્રોફની પુત્રી તાનિયા સાથે તેના ફોટા જાહેર કરવામાં આવ્યા હતા. બન્ને સ્કુલના ગાળામા મિત્રો રહ્યા છે. માર્ચ મહિનામાં તેમના સંબંધો તુટી ગયા હતા તે પહેલા બન્ને ત્રણ વર્ષ સુધી સંબંધમાં રહ્યા હતા. સાજિદ નડિયાદવાળા મોટા ભાગે એક્શન રોમાન્સ ફિલ્મો બનાવવા માટે જાણીતા રહ્યા છે.

**બીહાઈન્ડ ધ સ્ક્રીન**

## આલિયા ભટ્ટ રણબીર અને રણવીર બન્ને સાથે કામ કરશે



**ઓન ધ સ્ક્રીન**

યુવા પેઢીની આશાસ્પદ અભિનેત્રી આલિયા ભટ્ટ હાલમાં કેટલીક ફિલ્મોમાં કામ કરી રહી છે. તેની પાસે સારી સારી ફિલ્મોની ઓફર આવી રહી છે. અભિનેત્રી આલિયા ભટ્ટ હાલમાં ડિયર જિન્દગીમાં શાહરૂખ ખાનની સાથે નજરે પડી હતી. શાહરૂખ ખાનની સાથે કામ કર્યા બાદ તે ભારે ખુશ દેખાઈ રહી છે. બીજી બાજુ આલિયા ભટ્ટની લોકપ્રિયતા વધી રહી છે તેનો વધુ એક પુરાવો મળી ગયો છે. બીજી બાજુ સોશિયલ મિડિયા પર પણ આલિયા લોકપ્રિય થઈ રહી છે. આલિયા ભટ્ટના ફોલોઅર્સની સંખ્યા વધીને હવે ૧૦ મિલિયનથી વધુ થઈ ગઈ છે. તમામ ચાહકો જાણે છે કે આલિયા ભટ્ટે પોતાની બોલિવુડ કેરિયરની શરૂઆત કરણ જોહરની ફિલ્મ સ્ટુડન્ટ ઓફ ય ધર સાથે કરી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. આ ફિલ્મ સાથે બોલિવુડના અન્ય બે ઉભરતા સ્ટારે કેરિયર શરૂ કરી હતી. જેમાં સિદ્ધાર્થ મલહોત્રા અને વરૂણ ધવનનો સમાવેશ થાય છે. વરૂણ ધવન હાલમાં ભારે લોકપ્રિય છે. તે ફિલ્મ નિર્માતા નિર્દેશક ડેવિડ ધવનનો પુત્ર છે. બીજી બાજુ સિદ્ધાર્થ મલહોત્રા પણ સુપર સ્ટાર તરીકે ઉભરી આવ્યો છે. આલિયા ભટ્ટ આગામી દિવસોમાં પણ કેટલીક નવી ફિલ્મોમાં કામ કરનાર છે. ભારતમાં તમામ સ્ટાર પોતાના ચાહક વર્ગ ધરાવે છે. શાહરૂખ, અમિતાભ , સલમાન અને આમીર ખાનના ફોલોઅર્સની સંખ્યા ખુબ મોટી છે. તમામના ફોલોઅર્સ હજુ પણ સતત વધી રહ્યા છે. આલિયા રણબીર કપુર સાથે અને અન્ય એક ફિલ્મ રણવીર સિંહ સાથે કરી રહી છે. તેની એક્ટિંગ કુશળતા સતત સુધરી છે.

## સુશાંત તેમજ જેકલીન નવી ડ્રાઈવ નામની ફિલ્મમાં હશે



**સીને**

બોલિવુડમાં હવે સુશાંત સિંહ રાજપુત અને જેક્લીનની જોડી નજરે પડનાર છે. સુશાંતસિંહ રાજપૂત અને જેકલીન પ્રથમ વખત એક સાથે કામ કરવા જઈ રહ્યા છે. આ બંનેએ પોતાની આગામી ફિલ્મ ડ્રાઈવ માટેનું શુટીંગ શરૂ કરી દીધું છે. આ બંનેએ ફિલ્મના શુટીંગમાં સામેલ હોવાની જાહેરાત કરી દીધી છે. ફિલ્મના નિર્માતા કરણ જૌહરે પણ ટ્વીટર ઉપર ફિલ્મના મુહુર્ત શોટને લઈને હાલમાં માહિતી આપી હતી. કરણ જૌહરે ફોટાના કેપ્સનમાં લખ્યું છે કે ફ્રેન્ચાઈસીઝ ફનની શરૂઆત થઈ રહી છે. તરૂણ મનસુખાની દ્વારા નિર્દેશિત અને સુશાંત તથા જેકલીન દ્વારા અભિનેત આ ફિલ્મનું શુટીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. સિરિઝની આ પ્રથમ ફિલ્મ રહેશે. ડ્રાઈવ સિરિઝ હેઠળ કરણ જૌહર ઓછામાં ઓછા ત્રણ ફિલ્મો બનાવવાની યોજના ધરાવે છે. આ તમામ ફિલ્મો રોમાન્સ સાથે ભરપુર એકશન થ્રિલર ફિલ્મ રહેશે. એમ માનવામાં આવે છે કે હિટ ફ્રેન્ચાઈસીઝ ધૂમને પડકાર ફેંકવાને હેતુસર આ ડ્રાઈવ સિરિઝની શરૂઆત કરવામાં આવી રહી છે. કરણ જૌહર સાથે લાંબા સમય બાદ તરૂણ મનસુખાની કામ કરી રહ્યા છે. ૨૦૦૮માં આવેલી કરણ જૌહરના પ્રોડકશન હાઉસની હીટ ફિલ્મ દોસ્તાનાથી બોલિવુડમાં નિર્દેશક તરીકે પોતાની કેરિયરની શરૂઆત કરનાર તરૂણ મનસુખાની કરણ જોહર સાથે કામ કરવાને લઈને ભારે ઉત્સુક છે. દોસ્તાના ફિલ્મમાં અભિષેક બચ્ચન, જ્હોન અબ્રાહમ અને પ્રિયંકા ચોપરા લીડ રોલમાં નજરે પડ્યા હતા. હવે સુશાંત અને જેકલીનને લઈને નવી ફિલ્મ પર કામ શરૂ કરવામાં આવ્યું છે. ફિલ્મના સેટ ઉપર તરૂણ સાત વર્ષ બાદ તરત પહોંચ્યા છે.

૨૦૦૮માં છેલ્લે કરણ અને મનસુખાનીની જોડી એક સાથે ફિલ્મ નિર્માણમાં સામેલ થઈ હતી. સુશાંતને પ્રથમ વખત એક મોટા બેનરની ફિલ્મ હાથ લાગી છે. ડ્રાઈવ ફિલ્મ એક્શન ફિલ્મ તરીકે રહેશે.

## સ્ટાર અભિનેત્રી શ્રદ્ધા કપુર પ્રોફેશનલ ગાયિકા



બોલિવુડમાં પોતાની એક્ટિંગ કુશળતાની સાથે સાથે ગાયિકા તરીકે પણ લોકપ્રિયતા મેળવી રહેલી શ્રદ્ધા કપુરની હવે ક્રાઈમ થ્રીલર ફિલ્મ હસીના ૧૮મી ઓગષ્ટના દિવસે રજૂ કરવામાં આવનાર છે. તેની છેલ્લી ફિલ્મ અર્જુન કપુર સાથે હાફ ગર્લફ્રેન્ડ હતી. જે સરેરાશ સફળતા મેળવી શકી હતી. હવે હસીના પાસેથી સારા દેખાવની આશા રાખવામાં આવી રહી છે. ફિલ્મમાં સિદ્ધાર્થ કપુર અને અંકુર ભાટિયાની ભૂમિકા છે. શ્રદ્ધા કપુરની ગાયિકા તરીકેની કુશળતાની હવે નોંધ લેવામાં આવી રહી છે. ગાયક અંકિત તિવારીએ પણ શ્રદ્ધા કપુરની ભારે પ્રશંસા કરી છે. અંકિતે કહ્યુ છે કે શ્રદ્ધા કપુર એક પ્રોફેશનલ ગાયિકા તરીકે પણ છે. રોક ઓન-૨ ફિલ્મમાં તે ફરી એકવાર ગાયિકા તરીકે કુશળતા દર્શાવી ચુકી છે. અંકિત તિવારી શ્રદ્ધા કપુરથી ભારે પ્રભાવિત થયો છે. ફરહાન સાથે શ્રદ્ધા કપુરના સંબંધોની હાલમાં ભારે ચર્ચા રહી છે. જો કે ફરહાને આ હેવાલોને રદિયો આપ્યો છે. ફરહાનના લગ્ન જીવનમાં ભંગાણ માટે શ્રદ્ધાને જ કારણરૂપ ગણવામાં આવી રહી છે. રોક ઓન-૨ ફિલ્મ વેળા બન્ને વધારે નજીક આવ્યા હતા. ફરહાન બોલિવુડના કેટલાક એવા સ્ટારમાં છે જે એકટિંગની સાથે સાથે નિર્માતા નિર્દેશક તરીકે પણ સફળ રહ્યો છે.

## હિરાની સાથેની ફિલ્મમાં કામ કરીને સોનમ ખુશ



બોલિવુડમાં લોકપ્રિય સ્ટાર તરીકે ઉભરી રહેલી અભિનેત્રી સોનમ કપુર રાજકુમાર હિરાની સાથે ફિલ્મમાં કામ કરીને ભારે ખુશ છે. આ ફિલ્મ વિતેલા વર્ષોના સ્ટાર અભિનેતા સંજય દત્તની લાઈફ પર આધારિત ફિલ્મ છે. જેમાં તે સંજય દત્તની પ્રેમિકાના રોલમાં નજરે પડનાર છે. ફિલ્મમાં તેના રોલ અંગે પુછવામાં આવતા સોનમ કપુરે માહિતી આપવાનો ઈન્કાર કર્યોહતો અને કહ્યુ હતુ કે આ તબક્કે રોલ અંગે વાત કરવી યોગ્ય રહેશે નહી. નિરજાની અભિનેત્રીએ એમ પણ કહ્યુ છે કે તે બોલિવુડમાં કેટલીક ફિલ્મોમાં કામ કરી રહી છે. તેનુ કહેવુ છે કે રાજકુમાર હિરાની સાથે તમામ કલાકારો કામ કરવા માટે હમેંશા ઉત્સુક રહે છે. સોનમ કપૂરનું કહેવું છે કે તે પોતે પણ રાજકુમાર હિરાનીની મોટી ચાહક તરીકે છે. રાજકુમાર હિરાની કોઈપણ ફિલ્મને ખૂબ જ શાનદાર રીતે રજુ કરવા માટે જાણીતા છે.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

**કાશ્મીર ભારતનું...**

**પાના નં .૩ ચાલુ**

આ પ્રસંગે ઓલ ઈન્ડિયા મસાઈખ બોર્ડના પ્રમુખ સૈયદ મોહંમદ અશરફ સાહેબે બ.કાં. જિલ્લાના ઓલ ઈન્ડિયા મસાઈખ બોર્ડના પ્રમુખને અશરફી ખિલાફતથી નવાજયા હતા. આ પ્રસંગે હઝરત સૈયદ હસનઅલીબાવા શેરો- શાયરીથી સૌને મંત્રમુગધ કરી દીધા હતા. જ્યારે ઈરફાન (ડીસા) શેરખાન (મુંબઈ) નાત શરીફ પઢી સૌની ઊંઘ ઉડાડી દીધી હતી. આ પ્રસંગે સૈયદ ફૈયાઝુદીન રીફાઈ (સુરત) સૈયદ ખ્વાજા નમરૂદીન (અમદાવાદ) તથા સૈયદ ફૈયાઝુદીન (કોડીનારા) સહિત વિશાળ સંખ્યામાં અકીદતમંદો પધાર્યા હતા. આ પ્રસંગને સફળ બનાવવા ઊર્સ કમીટીએ ભારે જહેમત ઉઠાવી હતી.

**લઘુ અને મધ્યમ...**

**પાના નં .૩ ચાલુ**

પોસ્ટ ખાતાના વલણ બાબતે અધ્યક્ષ ચંદોલાએ જણાવેલ કે, અખબારને પોસ્ટ ટિકીટ સિવાય કોઈપણ પ્રકારનો વધુ ચાર્જ આપવાનો થતો નથી.

આ કારોબારી બેઠકમાં ગુજરાત રાજ્યમાં છેલ્લા ઘણા વરસોથી સંગઠન સાથે રહીને પત્રકારોના ઉત્કર્ષ માટે કાર્યરત ડીસાથી પ્રસિદ્ધ થતાં લોકપાલના શંકર કતીરાની પ્રમુખ પદે પુનઃ નિયુક્તિ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા - ઉત્તર ગુજરાતના રઘુવંશી લોહાણા સમાજના આગેવાન શંકર કતીરા ડીસા નગરપાલિકાના વરસોથી ચૂંટાતાં નગરસેવક, અનેક સામાજિક, ધાર્મિક, સેવાકિય જાહેર જીવનની સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. અખબારો સાથે યોગ્ય સંકલન અને સંગઠનના માણસ હોઈ રાષ્ટ્રીય કારોબારીએ તેમની પસંદગી કરી છે.

**કાંકરેજ તાલુકામાં...**

**પાના નં .૩ ચાલુ**

કપાસ, જુવાર, એરંડાને બીજા પાકોને સારુ જીવતદાન મળશે. ચોમાસુ પાક વિઘ્ન ન આવે તો થરા માર્કેટયાર્ડના સેક્રેટરી હસમુખભાઈ પટેલે જણાવ્યું હતું કે કાંકરેજ તાલુકામાં હવે વરસાદની જરૂર હતી. સમયસર વરસાદથી કૃષિ પાકનું ઉત્પાદન ચોક્કસ વધશે. કાંકરેજ તાલુકા થરા ડુંગરાસણ-ઈન્દ્રુમાણા, ખારીયા, ઉણ સહિતના વિસ્તારમાં મેઘરાજાની સારી મહેરના સમાચાર મળે છે.

**શાળા ગુણોત્સવના...**

**પાના નં .૮ ચાલુ**

અધિકારીઓ જે તે શાળામાં જઈ વિદ્યાર્થીઓના અભ્યાસની ચકાસણી અને મુલ્યાંકન કરે છે. આ વર્ષે બનાસકાંઠા જિલ્લાની ૨૪૪૦ શાળાઓમાં ગુણોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અધિકારીઓએ જે તે શાળામાં જઈ અભ્યાસની ચકાસણી કર્યા બાદ પરિણામ જાહેર કરતાં જિલ્લાના શૈક્ષણિક સ્તરમાં વ્યાપક સુધારો જોવા મળી રહ્યો છે.

જે પરિણામોમાં એ પ્લસમાં ૧૧૭, એ માં ૧૨૭૦, બી માં ૯૧૨, સી માં ૯૧૯ અને ડી ગ્રેડમાં માત્ર ૧૨ શાળાઓ આવી છે. આ બાબતે જિલ્લા પ્રાથમિકણાધિકારી ડૉ.દિપકભાઈ દરજીએ જણાવ્યું હતું કે ગત વર્ષે ડી ગ્રેડમાં ૪૧ હતી તેમાં આ વર્ષે માત્ર ૧૨ શાળાઓ આવી આગામી સમયમાં એક પણ શાળા ડી. ગ્રેડમાં ન આવે તે માટે પ્રયત્નો હાથ ધરાશે અને જિલ્લાનું એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તેની તકેદારી રાખવામાં આવશે.

**ધાનેરા પાલિકાના...**

**પાના નં .૮ ચાલુ**

થયો હતો. આ અંગે જગદીશભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે મારા વિરૂધ્ધ થયેલી અવિશ્વાસની દરખાસ્ત પાછળ કોગ્રેંસના કોર્પોરિટરોનો હેતું વિકાસના કામો અટકાવવાનો હતો પરંતુ તેમનો હેતું બર આવ્યો નથી.

જો કે નગરપાલિકામાં કોંગ્રેસ દ્વારા અવારનવાર અવિશ્વાસની દરખાસ્તો દાખલ કરાય છે પરંતુ વિશ્વાસનો મત લેવાના નિર્ણાયક સમયે જ કોર્પોરિટરો ગેરહાજર રહે છે જે સમગ્ર નગરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

**ગ્રામ પંચાયત...**

**પાના નં .૮ ચાલુ**

જ્યારે નિયમિત પગાર ધોરણમાં આવે ત્યારે ૧૯૦૦/ ગ્રેડ પે માં સમાવેશ કરવામાં આવે છે.પણ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળે ત્યારે ગ્રામપંચાયત મંત્રીને ૨૪૦૦ અને મહેસુલી તલાટીને ૪૪૦૦ ગ્રેડ પે માં સમાવેશ કરવામાં આવતા હોઇ પગારમાં મોટી વિસંગતતા જોવા મળે છે.

જયારે મહેસુલી તલાટીઓ એલઆર ડ્યુની પરિક્ષા આપીને નાયબ મામલતદાર સંવર્ગમાં બઢતી મળે તેવી મહેસુલ વિભાગ દ્વારા જોગવાઇ છે.જ્યારે પંચાયતમંત્રી માટે આવી કોઇ ખાતાકીય પરિક્ષાનો લાભ મળતો ન હોઇ વિસંગતતા દુર કરવી જરૂરી છે.ટીડીઓએ તેમની માંગણી સરકારમાં મોકલવાની ખાત્રી આપી હતી.આ કાર્યક્રમમાં થરાદ મંડળના પ્રમુખ પ્રકાશભાઇ પટેલ,મંત્રી સંજયભાઇ નાઇ,જિલ્લા મંડળના સદસ્ય બીએમ પરમાર, ડીકે ગૌસ્વામી, શબ્બીરખાન મનસુરી, રતનશીભાઇ પટેલ, ભીખાભાઇ ચૌધરી, કે વી ચૌધરી, દીગેશ મેવાડા, કાળુભાઇ રાવતાજી ચૌધરી, વસરામભાઇ પટેલ, મીનાબેન ખત્રી, મેહુલ રાવલ, આર.જી.ખોખરીયા સહીત બહોળી સંખ્યામાં તલાટીઓ ઊપસ્થિત રહ્યા હતા.

**પત્નીને મરવા...**

**પાના નં .૮ ચાલુ**

અંગારીએ અમીરગઢ પોલીસ મથકે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. ૩૦૬, ૪૯૮(ક) અને ૩૨૩ મુજબ ગુનો નોંધાવ્યો હતો. સદરહું કેસ પાલનપુરના પાંચમા એડીશ્નલ સેસન્સ જજ મમતાબેન આર. શાહની કોર્ટમાં ચાલી જતા તમામ દસ્તાવેજી અને સાંયોગિક પુરાવા અને સરકારી વકીલ આર.પી. વૈષ્ણવની દલીલોને ધ્યાને લઈ આરોપી વાઘાભાઈ પરમારને કસુરવાર ઠેરવી ઈ.પી.કો. ક. ૩૨૩ માં ૩ માસની કેદ અને ૫૦૦ દંડ અને ઈ.પી.કો. ૪૯૮ (ક) માં એક વર્ષની સાદી કેદ અને રૂા. ૫૦૦ નો દંડ ફટકાર્યો હતો. કોર્ટના ચુકાદાથી કોર્ટ પરિસરમાં સોપો પડી ગયો હતો.

**ડીસામાં ડેન્ગ્યુ ...**

**પાના નં .૮ ચાલુ**

રહ્યા છે. તેવા કેસોની આરોગ્ય તંત્રને માહિતી નથી ત્યારે શહેરમાં તથા ગામેગામ દવાઓનો છંટકાવ કરવા તથા ડેન્ગ્યુની બીમારીનો ફેલાવો અટકાવવા જરૂરી કાર્યવાહી કરવા અને તંત્રને સતર્ક રહેવા તાકીદ કરી છે.

**છાપી હાઈવે...**

**પાના નં .૮ ચાલુ**

રીઢા દબાણદારો ઉપર સખ્ત કાર્યવાહી કરી આવા તમામ દબાણો ઉપર જે.સી.બી. ફરેવી ખુલ્લાં કરવામાં આવતા છાપી હાઈવે ઉપર ટ્રાફિકનો જટીલ પ્રશ્ન તેમજ વરસાદી પાણીના નિકાલના પ્રશ્નનો હાલ પૂરતો ઉકેલ આવતા આમ પ્રજા તેમજ વાહન ચાલકો ખુશી વ્યક્ત કરી રહ્યા છે. છાપી એપ્રોચ રોડની જમણી બાજુમાં જાહેર માર્ગ ઉપર બનાવવામાં આવેલ ઠંડા પાણીની પરબને પણ તોડી પડતા મિશ્ર પ્રત્યાઘાત પડ્યા હોવાનું જાણવા મળે છે. તંત્રની દબાણદારો દ્વારા સ્વેચ્છીક દબાણો હટાવી લેવાયાનું પણ જાણવા મળે છે. હજુ પણ હાઈવેને અડીને કેટલીક જગ્યાએ ટ્રાફિકને નડતરરૂપ દબાણો હટાવવા લોકમાંગ ઉઠી છે. પ્રાંત અધિકારી આર.કે.પટેલ, મામલતદાર જે.બી.પંચાલ, સરપંચ ભરતભાઈ, આર.એન્ડ.બી.ના અધિકારીઓ દ્વારા સંપૂર્ણપણે દબાણ હટાવવાની કામગીરી કરાતા હાઈવે ઉપર ટ્રાફિકનો તેમજ વરસાદી પાણીનો નિકાલને લઈ હાલ પૂરતી રાહત થઈ હોવાનું જણાઈ આવે છે. હજુ પણ આગામી બે દિવસ દબાણ કામગીરી ચાલુ રહેશે તેવું સરપંચ ભરતભાઈએ જણાવ્યું હતું.

**થરાદના હાઇવે ..**

**પાના નં .૮ ચાલુ**

મોબાઇલ થેલીમાં મુકીને તેમના મોટરસાયકલને પંક્ચર હોઇ બપોરના અઢીવાગ્યાના સુમારે થરાદ હાઇવે પર પંક્ચર કરાવતા હતા.આ અરસામાં તેમની રૂપીયા ૧,૨૨,૬૦૦ ભરેલી થેલી કોઇ અજાણ્યો શખ્સ ચોરી કરીને લઇને જતો રહ્યો હતો.પંક્ચર થયા પછી બનાવની જાણ થતાં સુરેશભાઇએ મિત્રો સાથે મળીને થેલીની તપાસ કરી હતી.જોકે કોઇ ભાળ નહી મળતાં પોલીસને જાણ કરતાં પીએસઆઇ બીઆરપટેલે દોડી આવી બાજુની હોસ્પીટલ તથા અન્ય સ્થળોએ સીસી ટીવી કેમેરામાં શખ્સને ઓળખવાની તપાસ હાથ ધરી હતી.સુરેશભાઇએ આ અંગે પોલીસ ફરીયાદ નોંધવતાં પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.આ બનાવથી ચકચાર મચવા પામી હતી.

**પાલનપુરમાં ચોરીના ..**

**પાના નં .૮ ચાલુ**

પૂછપરછ કરતા તેણે શહેરના રેલ્વે સ્ટેશન રોડ અને અંબિકાનગરમાંથી પણ રાતના સુમારે બાઈક ચોર્યું હોવાની કબુલાત કરી હતી. તેથી પોલીસે બાઈક (કિંમત રૂા.૩૫૦૦૦) કબ્જે લઈ તેની અટકાયત કરી વધુ પૂછપરછ હાથ ધરી છે. જેથી બાઈક ચોરીના વધુ ભેદ ઉકેલવાની શક્યતા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પૂર્વ પોલીસે અઠવાડીયા અગાઉ પણ એક બાઈક ચોરને ઝડપી પાડી તેની પાસેથી બે એકટીવા, નવ ચેસીસ અને ૪ એન્જિન મળી કુલ રૂા.૯૬૦૦૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો. પોલીસની કડકાઈથી બાઈક ચોરોમાં ફફડાટ છવાયો છે.

**થરાદમાંથી જીપ ..**

**પાના નં .૮ ચાલુ**

પોલીસે જાણ કરતાં રાધનપુરની રેલ્વે પોલીસ પણ થરાદ દોડી આવી હતી.તદુપરાંત આ રીઢા વાહનચોરે અઠવાડીયા પહેલાં જ થરાદના બસસ્ટેશનમાંથી જીપ તેણે જ ચોરી હોવાની કબુલાત કરી હતી.આ ઉપરાંત ત્રણેક મહીના પહેલાં થરાદના દાંતીયા ગામના એક વ્યક્તિની જીપ શહેરની સર્વોદય સોસાયટીમાંથી પણ ચોર્યાની પણ કબુલાત કરી હતી.જેને અગાઉ વાવ પોલીસે દેથળી ગામથી ઝડપી લીધી હતી.પોલીસે આ રીઢો વાહનચોર જયાં પણ મેળ પડે ત્યાંથી જીપોની ચોરી કરીને રીફ્યુજીની જેમ એક સ્થળેથી બીજે સ્થળે લઇ જતો હોવાનું જાણવા મળ્યું હતું.આથી પોલીસે તેની સામે ગુનો દાખલ કરી આ ચોરીમાં અન્ય કોણ સામેલ છે તે દિશામાં પણ તપાસ હાથ ધરી હતી.

## વાઘેલાના જન્મદિવસે વિવિધ કાર્યક્રમો : તમામની નજર હશે

નવીદિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલાના આવતીકાલે જન્મદિવસને લઇને તૈયારીઓ કરવામાં આવી છે. તેમના જન્મદિવસે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. વાઘેલા તેમના જન્મદિવસે કોઇ મોટી જાહેરાત કરશે કે કેમ તેને લઇને અટકળોનો દોર ચાલી રહ્યો છે. અમદાવાદમાં ટાઉન હોલ ખાતે વાઘેલા સંમેલન પણ યોજનાર છે. સમસંવેદના સંમેલનમાં કોંગ્રેસના અન્ય નેતાઓ પણ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. વાઘેલા કોંગ્રેસમાં રહેશે કે નહીં કે પછી નિવૃત્તિ લેશે તેની પણ ચર્ચા ચાલી રહી છે. વાઘેલા એક બાજુ કાર્યક્રમ યોજનાર છે ત્યારે કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી ઓબીસી નેતાઓની રાહુલ ગાંધી સાથે મળનારી બેઠકમાં હાજરી આપશે. કોંગ્રેસના સુત્રોનું કહેવું છે કે, વાઘેલા પણ દિલ્હી જવાની યોજના બનાવી રહ્યા છે પરંતુ હજુ સુધી કાર્યક્રમ નક્કી થયો નથી. વાઘેલાના જન્મદિવસની તૈયારીમાં છે. કોંગ્રેસના પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે આ મારની ટકોર કરતા કહ્યું હતું કે, વાઘેલાનો આવતી-કાલે જન્મ દિવસ છે જેમનો જન્મદિવસ હોય તેને ભેંટ આપવાની હોય છે પરંતુ બાપુ કોંગ્રેસના વડીલ છે જેથી તેમના જન્મદિવસે પાર્ટીને સારી ભેંટ આપે તેમ અમે ઈચ્છીએ છીએ. તેમના કાર્યક્રમના સંદર્ભમાં હજુ માહિતી આપવામાં આવી નથી. બીજી બાજુ વાઘેલાએ વારાહીમાં કોલેજ શરૂ કરવામાં આવેતો એક કરોડ રૂપિયા આપવાની ખાતરી ઉચ્ચારી હતી. શંકરસિંહ વાઘેલા છેલ્લા ઘણા સમયથી નારાજ હોવાનું પણ જાણવા મળી રહ્યું છે પરંતુ મોટાભાગે વાઘેલા હંમેશા આ પ્રકારના અહેવાલોને રદિયો આપતા કહ્યા છે. આવતીકાલે તેમના ટાઉન હોલ કાર્યક્રમ ઉપર તમામ લોકોની નજર રહેશે. ખાસ કરીને રાજકીય વર્તુળોની ખાસ નજર રહેશે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આડે થોડાક મહિનાઓ રહ્યા છે ત્યારે ભાજપ અને કોંગ્રેસે પોતપોતાની તૈયારી કરી છે.

## રણબીરની ડ્રેગન ફિલ્મ પર કામ આખરે રોકી દેવાયુ છે

મુંબઇ

યે જવાની હે દિવાની જેવી સફળ ફિલ્મ બનાવી ચુકેલા નિર્દેશક અયાન મુખર્જીએ રણબીર અને આલિયા દ્વારા અભિનિત ફિલ્મ ડ્રેગન પર હાલમાં કામ રોકી દીધુ છે. જો કે આ ફિલ્મ પડતી મુકવામાં આવી નથી. મળેલી માહિતી મુજબ ફિલ્મના બજેટને લઇને તકલીફ પડી છે. એવા અહેવાલ મળી રહ્યા છે કે અયાન રણબીરની સાથે ડ્રેગન નામની ફિલ્મ બનાવી રહ્યા હતા. જો કે ફિલ્મનુ બજેટ વધારે હોવાના કારણે ફિલ્મ રોકી દેવામાં આવી છે. ફિલ્મનુ શુટિંગ હાલમાં હાથ ધરવમાં આવ્યુ નથી. અયાન રણબીરની સાથે એક સુપરહિરો ફિલ્મ બનાવવાની યોજના પહેલા અયાન ધરાવતા હતા. હાલમાં રણબીર કપુર સંજય દત્તની લાઇફ પર બની રહેલી ફિલ્મમાં કામ કરી રહ્યો છે. આ ફિલ્મનુ શુટિંગ જોરદાર રીતે ચાલી રહ્યુ છે.

## ચન્કી પાન્ડેની પુત્રી અન્યાને સલમાન લોન્ચ કરવા તૈયાર

વિતેલા વર્ષોમાં આંખે અને આગ હી આગ જેવી અનેક ફિલ્મોમાં સફળ ભૂમિકા કરીને તમામ ચાહકોને પોતાના સમયમાં રોમાંચિત કરનાર ચન્કી પાન્ડેની પુત્રી અન્યા હવે બોલિવુડમાં એન્ટ્રી કરવા જઈ રહી છે. પ્રાપ્ત હેવાલ મુજબ બોલિવુડમાં દબંગ સ્ટાર સલામાન ખાન તેને પણ લોંચ કરવા માટે તૈયાર છે. બોલિવુડમાં કેટરીના કેફ સહિત અનેક અભિનેત્રીઓને સફળ અભિનેત્રી બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરનાર સલમાન હવે અન્યાની બોલિવુડમાં એન્ટ્રી કરવાને લઈને આશાવાદી બન્યો છે. તેના કારણે અન્યા બોલિવુડમાં ધમાકેદારરીતે અન્ટ્રી કરી શકે છે. નવા ટેલેન્ટને લોંચ કરવાને લઈને સલમાન હમેંશા તૈયાર રહે છે. અનેક કલાકારોની કેરિયર પણ તેના કારણે બની છે. મળેલી માહિતી મુજબ સલમાન ખાન અને ચન્કી પાન્ડે ખુબ સારા મિત્રો છે. બન્ને એકબીજાને ખુબ પહેલાથી સારીરીતે ઓળખે છે. જેથી સલમાને ચન્કી પાન્ડેની પુત્રીને લોંચ કરવા માટે ઈચ્છા વ્યક્ત કરી છે. અન્યા પોતે બોલિવુડની ફિલ્મ કેરિયરમાં એન્ટ્રી કરવા તમામ પ્રયાસ કરી રહી છે. તે જીમ ટ્રેનરની મદદ લઈ રહી છે. સાથે સાથે ન્યુટ્રીશન દ્વારા સુચવવામાં આવેલી ડાઈટ મુજબ તે આગળ વધી રહી થછે. બન્નેનુ સુચન સલામાન ખાન દ્વારા જ કરવામાં આવ્યુ હતુ. હવે સલમાન ખાને તેને ફિલ્મ મારફતે લોકોની સમક્ષ રજૂ કરવા માટે તૈયારી કરી છે. સલમાનની સાથે અનેક અભિનેત્રી કેરિયર શરૂ કરી ચુકી છે. જેમાં ડેઝી શાહ, જરીન ખાન, સોનાક્ષી સિંહાનો સમાવેશ થાય છે. આ તમામ અભિનેત્રી હવે ટોપ ક્લાસ અભિનેત્રી તરીકે ઉભરી આવી છે. ચન્કી પાન્ડેએ પોતાની કેરિયરમાં અનેક ફિલ્મો કરી હતી. જેમાં તેજાબ સામેલ છે.

## યમલા પગલા દિવાના-૩માં કાજલ મુખ્ય રોલમાં દેખાશે

વિતેલા વર્ષોની સુપરહિટ ફિલ્મ યમલા પગલા દિવાનાનો ત્રીજો ભાગ હવે બનાવવામાં આવી રહ્યો છે. આ ફિલ્મમાં મુખ્ય અભિનેત્રી કોણ રહેશે તેને લઈને ચાલી રહેલી અટકળોનો હવે અંત આવી ગયો છે. મળેલી માહિતી મુજબ આ ફિલ્મમાં કામ કરવા માટે કાજલ અગ્રવાલ તૈયાર થઇ ગઇ છે. તે ફિલ્મ સાઇન કરી ચુકી છે. તે ફિલ્મમાં બોબી દેઓલની પ્રેમિકાના રોલમાં નજરે પડનાર છે. સમીર કાર્ણિકે વર્ષ ૨૦૧૧માં યમલા પગલા દિવાના નામની એક્શન કોમેડી ફિલ્મ બનાવી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઇ હતી. ફિલ્મમાં ધર્મેન્દ્ર, સની દેઓલ અને બોબી દેઓલે ભૂમિકા અદા કરી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૩માં યમલા પગલા દિવાના-૨ ફિલ્મ બનાવવામાં આવી હતી. આ ફિલ્મ પણ હિટ રહી હતી. આ ફિલ્મમાં પણ આ ત્રણેયની જોડી જ ચમકી હતી. હવે ફરી આ ત્રિપુઠી જાદુ જગાવવા માટે તૈયાર છે. કાજલ ફિલ્મને લઇને ભારે ખુશ છે. એક મહિના અગાઉ તે આ ફિલ્મ સાઇન કરી ચુકી છે. તે આધુનિક યુવતિની ભૂમિકા અદા કરનાર છે. ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં ફિલ્મનુ શુટિંગ શરૂ થનાર છે. હૈદરાબાદના રામોજી સ્ટુડિયોમાં ફિલ્મનુ શુટિંગ કરવામાં આવનાર છે. કાજલ અગ્રવાલ દક્ષિણ ભારતની ફિલ્મોમાં સુપર હિટ રહી છે. તે કેટલીક તમિળ અને તેલુગુ ફિલ્મ કરી ચુકી છે. છેલ્લે રોહિત શેટ્ટીની સિંઘમમાં નજરે પડી હતી. જેમાં અજય દેવગનની ભૂમિકા અદા કરી હતી. નીરજ પાન્ડેની સ્પેશિયલ ૨૬માં પણ તે અક્ષય કુમારની સાથે દેખાઇ હતી. દિપક તિજોરીની દો લફજો કી કહાનીમાં તે રણદીપ હુડા સાથે નજરે પડી હતી. જો કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફલોપ સાબિત થઇ હતી.

**શ્રદ્ધા**

**અનુસંધાન ૫ નું ચાલુ**

તેની ફિલ્મો ભાગ મિલ્ખા ભાગ તમામ લોકોને પસંદ પડી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી. ફિલ્મમાં તેની સાથે સોનમ કપુરની મુખ્ય ભૂમિકા હતી. સોનમ કપુરની પણ આ ફિલ્મમાં એક્ટિંગ કુશળતાની નોંધ લેવાઈ હતી. ફરહાન સતત ફિલ્મ નિર્માણમાં પણ વ્યસ્ત રહ્યો છે. બીજી બાજુ કેટલીક જાહેરાતોમાં પણ ફરહાન હાલમાં કામ કરી રહ્યો છે. ફરહાન બોલિવુડમાં સૌથીકુશળ કલાકાર છે.

**શાહીદ**

**અનુસંધાન ૫ નું ચાલુ**

શાહિદને તમામ નિર્માતા અને નિર્દેશક એક કુશળ અભિનેતા તરીકે ગણે છે. આ જ કરાણસર તેની પાસે મોટા બેનરની ફિલ્મો આવી રહી છે પરંત કમનસીબે તેને સફળતા મળી રહી નથી. જો કે તે હજુ મોટી ફિલ્મોને લઈને આશાવાદી છે. શાહીદ કપૂરનું કહેવું છે કે કોઈ ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર સુપર હિટ થયા બાદ જ કલાકારને સફળ તરીકે ગણવામાં આવે છે.

કોઈ ફિલ્મના બોક્સ ઓફિસ ઉપર પરિણામને જ માપદંડ તરીકે જોવામાં આવે છે. એક મોટી હિટ માટે સંઘર્ષ કરી રહેલા શાહીદે પોતાની કેરિયરમાં અનેક ફિલ્મોમાં ભૂમિકા કરી છે જેમાંથી ત્રણ ફિલ્મો હિટ રહી છે જેમાં ઈશ્ક વિશ્ક (૨૦૦૩), વિવાહ (૨૦૦૬) અને જબ ભી મેટ (૨૦૦૭)નો સમાવેશ થાય છે. શાહીદ કપૂરની પ્રભુ દેવા સાથેની ફિલ્મ રાજકુમારને બોક્સ ઓફિસ પર સરેરાશ સફળતા મળી હતી.

**સોનમ**

**અનુસંધાન ૫ નું ચાલુ**

નવી ફિલ્મ સંજય દત્તની લાઈફ ઉપર આધારીત છે. જેમાં સોનમ કપૂરની સાથે સાથે રણબીર કપૂર, અનુષ્કા શર્મા, પરેશ રાવલ, મનિષા કોઈરાલા, મનિષા તન્ના, વિકી કૌશલ, દિયા મિરઝાનો સમાવેશ થાય છે. મનિષા કોઈરાલા ફિલ્મમાં સંજય દત્તની માતા તરીકેની ભૂમિકામાં નજરે પડકનાર છે. જ્યારે અનુષ્કા શર્મા, સોનમ કપૂર પ્રેમિકા તરીકે નજરે પડનાર છે. જ્યારે દિયા મિર્ઝા સંજય દત્તની પત્ની માન્યતાના રોલમાં નજરે પડનાર છે. સંજય દત્તના પડકારરૂપ રોલમાં રણબીર કપૂરે મુખ્ય ભૂમિકા અદા કરી છે. રણબીર કપૂરે અગાઉ રાજકુમાર હિરાનીની પીકે ફિલ્મમાં ટૂંકી ભૂમિકા અદા કરી હતી. રણબીર કપુરે તમામ તાકાત આ ફિલ્મ પર લગાવી છે. હાલમાં તેની જગ્ગા જાસુસ રજૂ થઈ છે.

## અથિયા શેટ્ટી મુબારકા ફિલ્મને લઈને વ્યસ્ત

રોમેન્ટિક કોમેડી ફિલ્મ મુબારકાને લઈને આશાસ્પદ સ્ટાર અને વિતેલા વર્ષોના લોકપ્રિય સ્ટાર સુનિલ શેટ્ટીની પુત્રી અથિયા શેટ્ટી વ્યસ્ત બનેલી છે. જો કે તેનુ કહેવુ છે કે તે આગામી સમયમાં એક્શન ફિલ્મમાં કામ કરવા માટે તૈયાર છે. હાલમાં રજૂ થયેલ નવી એડમાં તે એક બાઈકમાં નજરે પડી રહી છે. વિતેલા વર્ષોના સુપરસ્ટાર અભિનેતામાં સામેલ રહેલા સુનિલ શેટ્ટીની પુત્રી અથિયા શેટ્ટી પાસે હાલમા કોઈ મોટી ફિલ્મ આવી રહી નથી. અથિયા મુબારકામાં પીઢ અભિનેતા અનિલ કપુર, અર્જૂન કપુર અને ઈલિયાના ડી ક્રુઝની સાથે નજરે પડનાર છે. અનીસ બાઝમી દ્વારા નિર્દેશિત આ ફિલ્મનુ શુટિંગ હવે પૂર્ણ થવા આવ્યુ છે. મોટા ભાગે ફિલ્મના નિર્માણ બાદના કામ પર તૈયારી ચાલી રહી છે. અનિલ કપુર લાંબા સમય બાદ ફિલ્મમાં નજરે પડનાર છે. આ ફિલ્મ ૨૮મી જુલાઈના દિવસે રજૂ કરવામાં આવનાર છે. સુનિલ શેટ્ટીની પુત્રી અથિયાએ નિકિલ અડવાણી દ્વારા નિર્દેશિત રોમેન્ટિક એક્શન ફિલ્મ હિરો સાથે બોલિવુડમાં પ્રવેશી હતી. વર્ષ ૨૦૧૫માં આ ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. ફિલ્મમાં અભિનેત્રી તરીકે અથિયાની સાથે અભિનેતા તરીકે ફિલ્મમાં સુરજ પંચોલીએ ભૂમિકા અદા કરી હતી. આ ફિલ્મ પીઢ ફિલ્મ નિર્માતા સુભાષ ઘાઈની વર્ષ ૧૯૮૩માં આવેલી ફિલ્મની રિમેક હતી.

વિતેલા વર્ષોની હિરો ફિલ્મમાં અભિનેતા તરીકેની ભૂમિકામાં જેકી શ્રોફે ભૂમિકા અદા કરી હતી. અથિયાએ વિગત આપતા કહ્યુ છે કે એક કલાકાર હમેંશા કંઈક કંઈકને શિખે છે. તેમાં કુશળતા શિખવાની હોવી જોઈએ. દરેક બાબત પર તે વધારે ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. એક્ટિંગ અને ડાન્સિંગ કુશળતા હાલમાં તે વધારે રહી છે.

## હેપ્પી બર્થ-ડે રમીલાબેન



**નારાયણ ભારતી સ્વામી**
**જન્મ તા.૨૧/૭/૧૯૭૮**
**ઉ.વ.૩૯**
**મુ.ખરોડીયા તા.પાલનપુર જી. બનાસકાંઠા**

**નામ :......................... પતિ/પિતા :.........................**
**માતા : .........................જ.તા. .................ઉ.વ.**
**પરિચયઃ ..................................................................**
**સરનામુ : ..............................................................**
**મોકલનારની સહી : ..................................................**

## સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) |
| **ચાંદી ચોરસા** | **૩૭૨૦૦-૩૭૭૦૦** |
| રૂપુ કાચું | ૩૭૨૦૦-૩૭૭૦૦ |
| સોનુ તોલો | ૨૮૫૦૦-૨૮૮૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૯૦૦** |
| પામોલીન | ૯૦૦-૯૧૦ |
| સોયા રીફાઈન | ૧૨૧૦-૧૨૨૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૫૦-૧૧૫૫ |
| સીંગતેલ૧૫ કી. | ૧૬૦૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૫૦૦-૧૫૨૦ |
| સીગતેલ ૫ લી. | ૫૦૦ |
| તિરૂપતી કપા. | ૧૨૭૦ |
| ૫ લીટર | ૩૯૮ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૨૮૦ |
| ૫ કે. કોપરેલ | ૮૦૫ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૫૦૦ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૧૮૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૧૫૦ |
| ૫ લી. | ૩૭૦ |
| ૨ લી. | ૧૫૦ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| ગેટવે પ્રીમીયમ | ૮૫૦૦ |
| ગેટ વ. રોયલ | ૬૦૦૦ |
| ગેટવે રેગ્યુલર | ૫૨૦૦ |
| ગેટવે રીઝાના | ૪૪૦૦ |
| ગેટવે એવરેડી | ૪૦૦૦ |
| ગેટવે ડેઈલી | ૩૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |
| દુન તીબાર ૫ કી. | ૮૨૦૦ |
| દુન તીબાર ૧ કી. | ૮૨૦૦ |
| હાથી ૧૧૨૧ | ૬૮૦૦ |
| બેસ્ટ પ્રીમીયમ | ૭૫૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૮૦૦ |
| મગદાળ નર્મદા સુપર | ૫૮૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૫૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૫૦૦ |
| નર્મદા અડદદાળ | ૮૫૦૦ |
| અડદદાળ નર્મદા પ્રી. | ૮૦૦૦ |
| દુન દેહરાદુન દુબાર જુના | ૭૦૦૦ |
| દુન દહેરાદૂન મીની દુબારજુના | ૫૦૦૦ |
| દુન દહેરાદૂન સુ.મો.જુના | ૪૫૦૦ |
| દુન દહેરાદૂન મી.મો.જુના | ૩૮૦૦ |
| દુન કણકી જુની | ૩૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| હાથી ૮૧૭ આખા નવા | ૭૭૦૦ |
| હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | ૫૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૮૫૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૫૮૦૦ |
| દાવત સીલેકટનવા | ૮૮૦૦ |
| દાવત સુપર જુના | ૯૮૦૦ |
| દાવત દીલખુશ નવા | ૭૫૦૦ |
| દાવત દીલખુશ જુના | ૬૫૦૦ |
| દાવત દુબાર જુના | ૬૦૦૦ |
| દાવત રોઝાના જુના | ૫૫૦૦ |
| દાવત ૭૦ જુના | ૪૧૦૦ |
| દાવત ૬૦ મીની જુના | ૩૨૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૮૫૦૦ |
| હેરીટેજ તીબાર | ૭૨૦૦ |
| હેરીટેજ દુબાર | ૫૫૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૪૫૦૦ |
| કાયનાત પી | ૮૫૦૦ |
| કાયનાત સુપર | ૮૦૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૫૬૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૨૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૮૮૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૬૦૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૮૫૦-૩૯૦૦** |
| **ખાંડ એમ.** | **૪૦૦૦** |
| ખાંડએલ. | ૪૦૫૦-૪૦૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગઠ્ઠા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની ૧૦૫ | |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| મોરબી ખોળ | ૧૨૫૦-૧૨૮૦ |
| જીરાળુ | ૧૯૦૦-૨૦૦૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૯૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૬૦૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૬૦ |
| મેંદો | ૮૬૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૫૦-૨૪૦ |
| સાકરીયા | ૪૫૦૦ |
| ખાંડ બુરૂ | ૪૨૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૯૪ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૩૦૦-૩૪૦ |
| સુકી ડુંગળી | ૧૪૦-૧૫૦ |
| લસણ | ૮૦૦-૯૦૦ |
| ધાણા | ૯૦૦-૧૨૦૦ |
| મરચાં | ૮૦૦-૧૧૦૦ |
| લીંબુ | ૩૦૦-૪૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૪૦૦ |
| આદુ | ૧૦૦૦-૧૧૦૦ |
| રીંગણ | ૪૦૦-૫૦૦ |
| ટામેટા | ૧૪૦૦-૧૬૦૦ |
| ભીંડા | ૪૦૦-૫૦૦ |
| કોબી | ૨૪૦-૨૮૦ |
| વટાણા | ૯૦૦-૧૧૦૦ |
| ટીંડસા | ૪૦૦-૭૦૦ |
| **ગવાર** | **૧૦૦૦-૧૨૦૦** |
| બાદશાહ બટાકા | ૧૩૦-૨૦૦ |
| સાંગા બટાકા | ૧૨૦-૧૪૦ |
| ચોળી | ૧૪૦૦-૧૬૦૦ |
| તુરીયા | ૮૦૦-૧૦૦૦ |

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

# રાધનપુરમાં બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ ખાબક્યો


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં ગુરૂવારે વહેલી સવારથી જ હ્રદય બેસાડી દે તેવા બફારાના કારણે લોકો પરેશાન બની ગયા હતા અને વરસાદ થાય તો સારૂ એવી ઈચ્છા રાખી રહ્યા હતા. ત્યારે બપોરે બે વાગે આકાશમાં કાળા ભમ્મર વાદળો ખેંચાઈ આવ્યા હતા અને બે કલાકના ગાળામાં ૪૦ મી.મી. એટલે કે દોઢ ઈંચ કરતા વધુ વરસાદ પડ્યો હતો. જેના કારણે વાતાવરણમા ટાઢક પ્રસરી જવા પામી હતી. શહેરના મુખ્ય માર્ગો ઉપર પાણી ભરાતા શાળાના વિદ્યાર્થીઓએ છબછબીયા કરવાની મઝા માણી હતી.

# રાધનપુરમાં ગટરના પાણીથી વેપારીઓ રહીશો પરેશાન


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર શહેરમાં વરસાદી પાણી સુકાઈ જવા છતાંય ગટરના પાણીથી લોકો પરેશાન થઈ રહ્યા છે. એસ.ટી. સ્ટેન્ડ સામે વીર સાવરકર શોપિંગ આગળ ગટરના પાણી ઉભરાઈને બહાર આવતા ગૌરવ પથ ઉપર દુર્ગંધનું સામ્રાજ્ય ફેલાયેલું છે અને વાહન ચાલકો રાહદારીઓને ગંદા પાણીમાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તો લાલબાગ વિસ્તારના સકતાભાઈ દેવીપૂજકની દિવાલ પાસે આવેલી ગટર તૂટી ગઈ હોવાથી છેલ્લા દસ દિવસથી ગટરના ગંદા પાણી કેટલાંક મકાનોના ઝાંપા આગળ ફેલાયેલા છે. સફાઈ કામદારો સફાઈ કરતાં ના હોવાની રજૂઆત નગરપાલિકાના ચીફ ઓફિસરને ૩૭ જેટલા રહીશોએ કરી છે. તાત-કાલિક ગટર રીપેર કરીને મુશ્કેલી દૂર નહિં કરવામાં આવે તો આંદોલન કરવાની ચિમકી આપવામાં આવી છે.

# રાધનપુર અંજુમન સ્કુલના ૧૨૦૦ વિદ્યાર્થી એનીમલ વેસ્ટથી પરેશાન

## પાલિકાનું સેનિટેશન વિભાગ નિંદ્રામાં

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં અંજુમન ઈસ્લામિયા જલાલિયા પ્રાથમિક શાળા અને અંજુમન સાર્વજનિક હાઈસ્કુલમાં ધો.૧ થી ૧૨ માં અભ્યાસ કરતા ૧૨૦૦ વિદ્યાર્થીઓ અને શાળાનો સ્ટાફ વિચિત્ર સમસ્યાથી છેલ્લા કેટલાય વર્ષોથી પડાઈ રહ્યા છે. શાળાને અડીને આવેલા રોડ ઉપર એનિમલ વેસ્ટ એટલે કે મટન, મરઘી અને માછલીઓનો ગંદવાડ ફેંકવામાં આવતો હોવાથી શાળાનો સમગ્ર વિસ્તાર તેમજ આજુબાજુનો રહેણાંક વિસ્તાર પણ હાલાકી ભોગવી રહ્યા છે. વિદ્યાર્થીઓ આ ગંદવાડની દુર્ગંધને કારણે અભ્યાસ કરી શકતા નથી. વર્ગમાં બેસી શકાય તેવી પરિસ્થિતિ નથી અને વિદ્યાર્થીઓના આરોગ્ય ઉપર પણ ગંભીર ખતરો ઉભો થાય તેમ છે. કુમાર અને કન્યાઓ દિવસમાં છ કલાક સુધી ત્રાસદાયક પરિસ્થિતિનો સામનો કરે છે. ગંદવાડના લીધે નાના બાળકોને કૂતરાઓનો ભય સતાવતો હોય છે.

આ ગંદકી દુર કરવા માટે નગરપાલિકાનો અવાર-નવાર રજૂઆતો કરવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લા આરોગ્ય અધિકારી ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ મુખ્યમંત્રી ફરિયાદ નિવારણ કાર્યક્રમ, નાયબ કલેક્ટર સહિત રજૂઆત કરવા છતાં કોઈ કાયમી નિકાલ ના આવતા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવામાં આવતા હાઈકોર્ટે જિલ્લા કલેક્ટરને સમસ્યાનો ઉકેલ લાવવા જાણ કરેલ. જે અનુસંધાને નગરપાલિકાએ પણ આ રસ્તા ઉપર ગંદવાડ (એનિમલ વેસ્ટ) ન ફેંકાય તેવી વ્યવસ્થા કરવા સંમતિ આપેલ હોવા છતાં આજદિન સુધી પરિસ્થિતિ જૈસે થે જેવી જ છે તેમ શાળાના આચાર્ય વી.એ. સુલતાને જણાવ્યું હતું.

# રાધનપુર કોલેજમાં જી.એસ.ટી પર સેમિનાર યોજાયો


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં હિંમત વિદ્યાનગર સ્થિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં અમદાવાદના પ્રખ્યાત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અજીતભાઈ શાહ, પ્રિન્સીપાલ ડો. સી.એમ. ઠક્કર, મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર સહિતની ઉપસ્થિતિમાં જી.એસ.ટી.ના માર્ગદર્શન અંગે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અજીતભાઈ શાહે વિદ્યાર્થીઓને ટેક્ષના માળખામા ફેરફાર, ટેક્ષ ભરવાની પધ્ધતિઓ જેવી કે સી.જી. એસ.ટી.,એસ.જી.એસ.ટી, આઈ. જી.એસ.ટી. અને જી.એસ.ટી. વેપારીઓને કેવી રીતે લાભદાયી નિવડી શકે તે સમજાવ્યુ હતું આ સેમિનારનું આયોજન અને વ્યવસ્થા કોમર્સ વિભાગના અધ્યક્ષ કે.સી.ઠક્કરે અને ડો. ચિરાગ વી. રાવલ દ્વારા કરવામાં આવી હતી. જ્યારે કાર્યક્રમનું સંચાલન આર.એન.ગામિત અને આભારવિધિ રંજનબેન ગોહિલ દ્વારા કરવામાં આવી હતી. કોમર્સ વિભાગના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ પ્રશ્નોત્તરી પણ કરી હતી.

# બેચર- બેહુચરાજી પાટીદાર સમાજના આગેવાનોની બેઠક ઉમિયાવાડીમાં મળી



ચાણસ્મા

મહેસાણા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ધીમું પડી ગયેલું પાટીદાર અનામત આંદોલન ફરી એકવાર તેજ બની રહ્યું છે. ત્યારે આગામી સમયમાં અમદાવાદ તેમજ પાટણમાં યોજાનારા કાર્યક્રમોનો લઈ જિલ્લામાં ગતિવિધિ વેગ પકડી રહી છે. જે અંતર્ગત બહુચરાજીમાં મળેલી પાટીદારોની બેઠકમાં આગામી ૨૨ જુલાઈના રોજ બહુચરાજી તાલુકો તેમજ આસપાસના તાલુકાના પાટીદાર આગેવાનોની બેઠક યોજી આગામી રણનીતિ નક્કી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

બેચર- બહુચરાજી ગામના પાટીદારોની એક બેઠક સોમવારે રાત્રે ઉમિયા વાડીમાં મળી હતી. જેમાં અગામી ૨૯ જુલાઈના રોજ અમદાવાદના નિકોલ ખાતે યોજાનાર પાટીદાર ક્રાંતિ સંમેલન, અને ૨૬ મી ઓગસ્ટે પાટણમાં હાર્દિક પટેલની હાજરીમાં યોજાનાર પાટીદાર શહીદ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પાટીદારો હાજરી આપે તેના આયોજન માટે ૨૨ મી જુલાઈએ બહુચરાજીમાં બહુચરાજી તાલુકો તેમજ આસપાસના તાલુકાના ભાઈઓ અને બહેનોની બેઠક યોજવાનું નક્કી કરાયું હતું. પાસના કન્વીનર હર્ષદભાઈ એ.પટેલ અને જીમીત પટેલના જણાવ્યા મુજબ, આ કાર્યક્રમો ઉપરાંત, અમદાવાદથી કલોલ થઈને ઊંઝા ઉમિયા માતાજીના મંદિર સુધી પાટીદારોની બાઈક રેલી યોજવાની છે. તેમાં પણ બહુચરાજી તાલુકાના યુવાનો મોટી સંખ્યામા જોડાનાર છે.

# ડાભી ગામે સળગતો દીવડો ગર્ભવતી મહિલા પર પડતાં સિવીલમાં ખસેડાઈ

મહેસાણા

ઉંઝા તાલુકાના ડાભી ગામે વરસાદને કારણે લાઈટો જતાં સળગાવેલા કેરોસીનના દીવડા પર ઉંદર કૂદતાં દીવડાની બોટલનું ઢાંકણું ખુલી જતાં અને કેરોસીન ઢળતાં થયેલા ભડકામાં ગર્ભવતી મહિલા આખા શરીરે દાઝી ગઈ હતી. જેને બચાવવા જતાં દિયરના બંન્ને હાથ દાઝી ગયા હતા.

અગાઉના લગ્ન વિચ્છેદ બાદ ૨૫ વર્ષની આશાબેનના લગ્ન ૮ મહિના પૂર્વે ડાભીના બાસુજી ઠાકોર સાથે થયા હતા. ગત રવિવારે તેણી સાત માસના ગર્ભાવસ્થામાં ઘરમાં સુઈ રહી હતી. તે સમયે વરસાદના કારણે પતિએ બોટલમાં કેરોસીનનો દિવડો કર્યો હતો. આ સમયે દીવડા પર ઉંદર કૂદતાં બોટલનું ઢાંકણ ખુલી ગયેલ અને તેમાં રહેલ કેરોસીન ઢળતાં ભડકો થયો હતો. જેમાં સુઈ રહેલી ગર્ભવતી મહિલા આગની ઝપટમાં આવી જતાં સળગી ઉઠી હતી. ભાભીને બચાવવા જતાં દિયરના બંને હાથ દાઝી ગયા હતા.૧૦૦ ટકા દાઝી ગયેલી હાલતમાં મહિલાને મહેસાણા સિવીલમાં ખસેડવામાં આવેલ. ડીવાયએસપી અને પોલીસે મહિલાનું નિવેદન લીધેલ છે જો કે મહિલાની હાલત અતિ ગંભીર હોવાનું જાણવા મળેલ છે.

# શ્રાવણી પુનમે ચંદ્રગ્રહણ હોવાથી બહુચરાજી મંદિર વહેલું બંધ થશે

ચાણસ્મા

આગામી શ્રાવણ સુદ પુનમે ચંદ્ર ગ્રહણ હોવાથી બહુચરાજી બહુચર માતાજીનું મંદિર રાત્રે વહેલું બંધ થશે.

બહુચરાજી માતાજી મંદિર ટ્રસ્ટના વહીવટદારના જણાવ્યા મુજબ બહુચરાજીમાં દર પૂનમે રાત્રે ૯/૩૦ કલાકે ભવ્ય પાલખી નીકળે છે. જેમાં હજારો ભક્તો માતાના દર્શને ઉમટી પડે છે. ત્યારે આગામી ૭ ઓગસ્ટને સોમવારના રોજ શ્રાવણ સુદ પૂનમે ચંદ્ર ગ્રહણ હોવાથી સાંજની આરતી ૭/૩૦ ના બદલે ૫/૩૦ વાગે થશે., રાત્રે ૯/૩૦ વાગે નિકળતી માતાજીની પાલખી સાંજે સાત વાગે પૂજા બાદ નીકળશે. પાલખી મંદિરેથી નિકળી ગામના પરંપરાગત રૂટ પર પ્રદશિણા કરી પરત આવ્યા પછી તરત જ મંદિર બંધ કરવામાં આવશે.

# સિક્કિમ વિવાદ પર ચીનનો નવો પેંતરો, હિન્દુ રાષ્ટ્રવાદને બતાવ્યું કારણ

નવીદિલ્હી

ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલ સીમા વિવાદ પર ચીની મીડિયા ભારતની વિરૂદ્ધ સતત આક્રમક વલણ અપનાવી રહ્યું છે આ વખતે ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સે ભારતને લઈ એક નવો લેખ છાપ્યો છે. જેમાં કહેવાયું છે કે હિન્દુ રાષ્ટ્રવાદે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચીન નીતિને પ્રભાવિત કર્યું છે. જેને કારણે બંન્ને દેશો વચ્ચે યુધ્ધની સ્થિતિ પેદા થઇ શકે છે.

ગ્લોબલ ટાઈમ્સે લખ્યુ છે કે લાંબા સમયથી એ વાતને ફેલાવવામાં આવી રહી છે કે ચીને ચારેબાજુથી ભારતની ઘેરાબંદી કરી છે. બીજી તરફ ચીને મિત્રભાવ બતાવતા ભારતને વન બેલ્ટ,વન રોડમાં સામેલ થવા માટે આમંત્રિત કર્યું.

ભારતનું માનવું છે કે વન બેલ્ટ,વન રોડ ચીનની સામરિક રણનીતિનો હિસ્સો છે. આ લેખમાં કહેવામાં આવ્યું છે કે સિક્કિમ સીમા વિવાદ પર નવીદિલ્હી ચીનના રાષ્ટ્રીય શક્તિથી ખુબ નબળુ છે.

લેખ અનુસાર ૨૦૧૪માં નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બન્યા બાદ ભારતમાં હિન્દુ રાષ્ટ્રવાદની ભાવના ઝડપથી વધી રહી છે અને તેના માટે મોદી સરકાર કાંઇ પણ કરી શકતી નથી. આજ કારણ છે કે ૨૦૧૪ બાદ ભારતથી મુસ્લિમોની વિરૂધ્ધ હિંસા વધી છે. આ લેખમાં આગળ લખવામાં આવ્યું છે કે ૧૯૬૨માં ચીનના હાથે મળેલી હાર બાદ કેટલાક ભારતીય ત્યાં અટકેલા છે.આથી ભારતને ચીનના દરેક પગલામાં શંકા થવા લાગે છે. ચીન જેટલો તેજીથી વિકાસ કરી રહ્યો છે ભારતને એટલી જ ચિંતા થવા લાગી છે. ભારતમાં રાષ્ટ્રવાદી શક્તિ ચીનની વિરૂધ્ધ બદલો ઈચ્છે છે આજ કારણ છે કે સીમા પર બંન્ને દેશોની વચ્ચે તનાવ વધ્યો છે.

# મહેસાણામાં સોસાયટીના રસ્તા પર શૌચાલય બનાવવાના મામલે ઠપકો આપતા હુમલો

મહેસાણા

મહેસાણાના સોમનાથ મહાદેવ રોડ સ્થિત ધનલક્ષ્મી રો-હાઉસ વિભાગ-૧માં રોડ પર શૌચાલય બનાવવાના મુદ્દે પાડોશીઓ વચ્ચે તકરાર થઈ હતી.જેમાં આરોપી યુવકે સોમનાથ ચોકડી ઉપર પાડોશી સાથે તકરાર કરી ધોકાથી હુમલો કરતા હાથ પર ગંભીર ઈજા થઈ હતી.આ બાબતે આરોપી સામે શહેર એ ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોંધવામાં આવી હતી.

જાણવા મુજબ મહેસાણાની ધનલક્ષ્મી રો-હાઉસ વિભાગ-૧ માં રહેતા મનોજ મોહનલાલ સોલંકીએ સોસાયટીના રહીશ રાજુભાઈ શ્રીમાળી સામે મહેસાણા શહેર એ ડિવીઝન પોલીસ મથકે ફરીયાદ નોધાવી છે.

ફરીયાદમાં જણાવ્યા અનુસાર આરોપીએ તેના ઘરની બહાર જાહેર માર્ગ શૌચાલય બનાવેલ હોઈ તે સોસાયટી અને પાડોશીને અડચણરૂપ હોઈ અવાર નવાર તકરાર થયા કરે છે. ત્યારે ગત સોમવારે આરોપીના પાડોશી મનોજભાઈ સોલંકીએ તેને કહેલ કે તમે અડચણરૂપ શૌચાલય બનાવેલ છે અને તમારૂં સ્કૂટર ત્યાં મૂકો છો ત્યારે અમારે આવ-જા કરવામાં ભારે તકલીફ થાય છે આ બાબતે આરોપીએ ઉશ્કેરાઈને ગાળો બોલી ધોકાથી મનોજ સોલંકીને માર માર્યો હતો.તેથી હાથના ભાગે ગંભીર ઈજા થતાં શહેર એ ડિવીઝનમાં ફરીયાદ નોંધવામાં આવી હતી.

# મહેસાણામાં ૧૦૮ના કર્મચારીઓને પાસ દ્વારા સમર્થન અપાયું

મહેસાણા

મહેસાણામાં ૧૦૮ ના કર્મચારીઓ છેલ્લા સાત દિવસથી હડતાલ પર બેઠા છે. અને આ આંદોલન દિવસે દિવસે વેગ પકડતું જાય છે. મહેસાણા પાસ ના કન્વીનર સહિત પાટીદાર યુવકોએ હડતાલ પર ઉતરેલા કર્મચારીઓની મુલાકાત લીધી હતી. અને સમર્થન આપ્યું હતું જ્યારે બીજી બાજુ હડતાલ પર બેઠેલા કર્મચારીઓનું ડેલીગેશન ગાંધીનગરમાં આરોગ્ય મંત્રી સહીત ઉચ્ચ અધિકારીઓને મળેલ અને બેઠક યોજી હતી.

જાણવા મુજબ મહેસાણાના ૧૦૮ ના કર્મચારીઓ વિવિધ પ્રશ્નોને લઈને એક સપ્તાહથી હડતાલ પર ઉતરી જતાં ૧૦૮ ને લગતી આરોગ્ય સેવાઓ જિલ્લામાં કથળી છે. આ આંદોલનને વિવિધ સમાજ તથા સંગઠનોએ ટેકો જાહેર કર્યો છે. ત્યારે પાટીદાર અનામત આંદોલનના મહેસાણા કન્વીનર સતીષ પટેલ, પાટીદાર અગ્રણી સુરેશ પટેલ (ઠાકરે) સહીત યુવાનોએ સહયોગ સામે સમર્થન આપ્યું હતું આ બાબતે પાસના સતીષ પટેલે જણાવ્યું હતું કે સપ્તાહથી હડતાલ પર બેઠેલા કર્મચારીઓની વાત સરકારના બહેરા કાને અથડાતી નથી ત્યારે પાટીદારોએ ૧૦૮ ના કર્મચારીઓની મુલાકાત લઈ સમર્થન આપ્યું છે.

# પાટણમાં પંચાલ ભુવન નજીક ગટર ઉભરાતાં મુખ્ય માર્ગ પર વહેતુ થયેલ ગંદુ પાણી

પાટણ

પાટણમાં જુના ગંજ બજાર નજીકના પંચાલ ભુવન પાસેથી કુષ્ણ સોયાયટી તરફ જવના રસ્તા પર પાણીની ગટર ઉભરાઈ ગઈ હોવાથી ગટરનું ગંદુ પાણી રોડ પર વહેતુ થતાં અહીથી આવતા-જતા લોકોને ગંદા પાણીમાંથી નિકળવું પડે છે. કેટલીક ગટરોની સાફ સફાઈ ન થવાના પરિણામે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. પંચાલ ભુવનથી કુષ્ણ સોસાયટી તરફ જવાના વળાંક પર દર ચોમાસામાં પાણી ભરાય છે પરંતુ પાલિકા દ્વારા કોઈ યોગ્ય ઉપાય હાથ ધરવામાં ન આવતાં બાળકો અને વૃધ્ધો ભોગ બની રહ્યા છે. શહેરમાં ગોમશેરી અને ઝવેરી બજારના માર્ગ પર ગટરના પાણી વહેતા થતાં હોય છે પરંતુ નધરોળ પાલિકા તંત્ર દ્વારા આ બાબતે નિષ્ક્રિય રહેતા શહેરમા રોગચાળો થવાની સંભાવનાને નકારી શકાય તેમ નથી. હાલમાં ચોમાસાનું પાણી અમુક ઠેકાણે ભરાવો થયો છે તેના નિકાસ માટે પણ કોઈ આયોજન થતુ નથી જેથી લોકોમાં આક્રોશ વ્યક્ત થઈ રહ્યો છે.

# ચાણસ્મા તાલુકાના રૂપપુર ગામે જિલ્લા કક્ષાનો ૬૮ મો વન મહોત્સવ ઉજવાયો



પાટણ

પાટણ જિલ્લાના ૬૮ મા જિલ્લા સ્તરીય વન મહોત્સવની ઉજવણીનો કાર્યક્રમ ચાણસ્મા તાલુકાના રૂપપુર ખાતે જેઠીબા કે. પટેલ આર્ટસ અને કોમર્સ કોલેજના પરિસરમાં મુખ્યમંત્રીના સંસદીય સચિવ રણછોડભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે સંસદીય સચિવ ભરતસિંહ ડાભી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના ચેરમેન નંદાજી ઠાકોર, અધિક વન સંરક્ષક અધિકારી એન.શ્રીવાસ્તવ તથા મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસદીય સચિવ રણછોડભાઈ દેસાઈએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યુ હતુ કે સામાજીક વનીકરણ કાર્યક્રમને મળેલી જ્વલંત સફળતાને કારણે ગુ-જરાત રાજ્યને સામાજીક વનીકરણ પ્રવૃત્તિના વિશ્વ પ્રણેતા તરીકે ઓળખવામાં આવે છે. કુદરત ગ્લોબલ વોર્મિંગનો સામનો કરી રહ્યું છે. કુદરતી ઋતુચક્રમાં અનિયમિતતા, પૃથ્વીના તાપમાનમાં ઝડપથી વધારો, અતિવૃષ્ટિ, કુદરતી પ્રકોપો વિશ્વમાં જોવા મળી રહ્યા છે. જીવસૃષ્ટિને બચાવવાનો માત્ર અને માત્ર એક જ ઉપાય વૃક્ષારોપણ છે. વૃક્ષો આપણને આરોગ્ય માટે અનેક ઔષધિઓ પુરી પાડે છે. જેથી વૃક્ષો આપણા આરોગ્યધામ તરીકે ઓળખ ઉભી કરે છે. વૃક્ષો જીવસૃષ્ટિ માટે ઓક્સિજન પુરો પાડતી ફેક્ટરી છે. વાતાવરણમાં શુધ્ધતા કરવાનું કામ પરફ્યુમ તરીકે વૃક્ષો કરે છે. ધરતીને ખાતર એ ફળદ્રુપ બનાવવાનું કામ વૃક્ષો કરે છે. વધુમાં સંસદીય સચિવે જણાવ્યું હતું કે, ભરતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે ગુજરાત રાજ્યની ધુરા સંભાળી ત્યારથી આમુલ પરિવર્તન કરી લોક સહયોગથી રાજ્ય કક્ષાનો વન મહોત્સવ અલગ અલગ જિલ્લાઓમાં ઉજવવામાં આવે છે. જેનાથી ગાંધીનગર ખાતે પુનિત વન, અંબાજી ખાતે માંગલ્ય વન, તારંગા ખાતે તીર્થંકર વન, સોમનાથ ખાતે હરિહર વન, ચોટીલા ખાતે ભક્તિ વન, શામળાજી ખાતે શામળ વન, પાલીતાણા ખાતે પાવન વન, પાવાગઢ ખાતે વિરાસત વન, કાગવડ ખાતે શક્તિ વન, નવસારી ખાતે જાનકી વન અને ગુરૂ ગોવિંદ સ્મૃતિવન ધાર્મિક ભાવનાથી જોડીને ઉભા કરવામાં આવ્યા છે. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર આનંદ પટેલ, પોલીસ અધિક્ષક અશ્વિન ચૌહાણ, સંગઠનના ભાવેશ પટેલ, દશરથજી ઠાકોર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ડી.એલ.પરમાર, પ્રિન્સીપાલ ડૉ.રોહિત દેસાઈ, મંડળના સેક્રેટરી એલ.કે. પટેલ, વિનયસિંહ ઝાલા, મદદનીશ વન સંરક્ષક જે.જે. રાજપુત, નમ્રતા ઈટાલીયન, આઈ.એસ.પઠાણ, એન.એસ. ઘાસુરા, ડી.જે.ચૌધરી, એસ.એસ. ચૌધરી, વી.સી.ચૌધરી, એસ.એમ. પ્રજાપતિ, વન વિભાગના કર્મચારીઓ, આજુબાજુ ગામોના સરપંચો, કોલેજના વિદ્યાર્થીઓ, વાલીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# બિહારમાં ભાજપ નેતાની હત્યા કરી લાશ કુવામાં નાખી દીધી

પટણા

બિહારના ગોપાલગંજ જીલ્લાના હથુઆ પોલીસ સ્ટેશન વિસ્તારના બસવરિયા માઝા ગામમાંતી પોલીસે આજે એક કુવામાંથી ભાજપના એક સ્થાનિક નેતાનું શબ કાઢયુ હતું. હથુઆ પોલીસ સ્ટેશનના પ્રભારી વિમલકુમાર સિંહે જણાવ્યું હતું કે મૃતકનું નામ કૃષ્ણ શાહી છે અન તે ચૈનપુર ગામના નિવાસી હતી. તેમણે કહ્યું કે પોલીસે શબને પોસ્ટમાર્ટમ માટે ગોપાલગંજ ખાતે સદર હોસ્પિટલ મોકલવામાં આવ્યું છે. ઘટનાના સંબંધમાં મૃતકના ભાઈ અને પૂર્વ મુખ્યા ઉમેશ શાહીએ જણાવ્યું હતું કે તેમના ભાઈ કૃષ્ણા શાહી બસવરિયા માઝા ગામના નિવાસી દિવગંત લાલુ બાબુ રાયના શ્રાધ્ધમાં સામેલ થવા માટે આવ્યા હતાં. તેમણે કહ્યું કે કૃષ્ણા ઘર પાછા પર્યા નહીં અને તેમનો મોબાઈલ પણ સ્વીચ ઓફ આવતો હતો ત્યારબાદ અમને તેમના અપહરણની શંકા ઉભી થઇ અને અમે તેની માહિતી પોલીસને આપી પોલીસની તપાસના ક્રમમાં તેમનું શબ બસવરિયા માઝા ગામમાં આવેલા કુવામાંથી મળી.

કૃષ્ણા શાહી બિહાર ભાજપના વેપાર સેલના અધ્યક્ષ હતાં. આ મામલામાં પોલીસે કુલ પાંચ લોકોને હિરાસતમાં લીધા હતાં જેમાં ચાર મહિલાઓ છે. પોલીસે શંકા વ્યકત કરી છે કે શાહીની હત્યા અંગત અદાવતને કારણે થઈ હશે. એ યાદ રહે કે શાહીને પોતાના જીવનું જોખમ હતું અને તેમણે ચાર સુરક્ષા કર્મચારીઓ પર રાખ્યા હતાં.

# વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| થરા | | રજકાબા. | ૨૫૦ | સુવા | ૫૦૧-૮૫૫ |
| ઘઉં | ૩૦૫-૩૩૦ | જુવાર | ૩૭૬ | વરી. | ૭૯૧-૯૦૦ |
| બાજરી | ૨૧૦-૨૪૦ | મગફળી | ૫૧૧-૯૫૦ | રાજગરો | ૬૫૧-૭૯૨ |
| જુવાર | ૪૦૦-૪૫૫ | ધાનેરા | | અન્ય | ૬૧૧-૭૧૬ |
| ગવાર | ૬૦૦-૬૧૫ | ઘઉં | ૩૦૦ | રજકો | ૨૦૦૦-૨૯૭૨ |
| રાયડો | ૬૪૨-૬૬૦ | બાજરી | ૨૧૧-૨૬૩ | અજમો | ૫૦૦ |
| એરંડા | ૮૫૮-૮૭૦ | બીજડા | ૬૭૯ | સિદ્ધપુર | |
| જીરૂ | ૩૦૩૧-૩૫૫૦ | ગવાર | ૬૦૦-૬૨૪ | રાયડો | ૬૨૩-૬૪૦ |
| ભીલડી | | મગફળી | ૬૨૫-૮૭૬ | એરંડા | ૭૦૦-૮૭૦ |
| એરંડા | ૮૪૦-૮૬૬ | રાયડો | ૬૦૦-૬૮૭ | ગવાર | ૬૦૧-૬૦૭ |
| રાયડો | ૬૦૧-૬૩૦ | એરંડા | ૮૪૦-૮૬૦ | ઘઉં | ૨૪૦-૩૫૦ |
| રાજગરો | ૭૫૦-૭૯૦ | ઈસ. | ૧૭૦૦-૧૯૧૩ | બાજરી | ૧૭૦-૨૫૦ |
| બાજરી | ૧૮૦-૨૩૦ | જીરૂ | ૧૫૦૦-૩૩૦૦ | જુવાર | ૩૦૦-૫૨૯ |
| ઘઉં | ૨૯૭ | તલ | ૮૫૦-૧૦૫૦ | | |

# ડીસા સહિત જિલ્લામાં ફરી વરસાદી માહોલ સર્જાયો


ભરત સુંદેશા

**બંગાળની ખાડીમાં ઉભી થયેલી સિસ્ટમના પગલે આગામી દિવસોમાં ભારે વરસાદના એંધાણ**

ડીસા

ડીસા સહિત જિલ્લામાં બે દિવસના વરસાદના વિરામ બાદ ફરી એકવાર મેઘરાજાનું આગમન થતા જિલ્લામાં અનેક જગ્યાએ સામાન્યથી મધ્યમ વરસાદ થવા પામ્યો છે. જેમાં ડીસા તાલુકામાં સૌથી વધુ બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

મંગળવારે રાત્રે ગાજવીજ સાથે શરૂ થયેલા વરસાદના પગલે પ્રજાજનોમાં ખુશાલી વ્યાપી હતી દિવસભર ભારે ઉકળાટ અને બફારાના પગલે ત્રાહીમામ પોકારી ઉઠેલા પ્રજાજનોને રાતે થયેલા વરસાદ બાદ ઠંડક પ્રસરી ઉઠી હતી. ડીસા સહિત જિલ્લામાં અનેક જગ્યાએ ગાજવીજ સાથે શરૂ થયેલા વરસાદના કારણે વીજળી પણ ડુલ થઈ જવાના બનાવો બન્યા હતા. જેમાં ડીસા પંથકમાં થયેલા બેઈંચ જેટલા વરસાદના કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી પણ ભરાયા હતા ત્યારે હજુ આગામી દિવસોમાં ભારે વરસાદના એંધાણ જોવા મળી રહ્યા છે હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે બંગાળની ખાડીમાં ઉભી થયેલી વરસાદની સિસ્ટમ આગામી દિવસોમાં ગુજરાત તરફ ગતિ કરતાં ભારે વરસાદ પડવાની શક્યતાઓ જોવા મળી રહી છે ત્યારે ફરી એકવાર ગુજરાત રાજ્યમાં ઉભી થયેલી વરસાદી સિસ્ટમના પગલે વહીવટી તંત્ર પણ સજ્જ થઈ રહ્યું છે.

# પાલનપુરની સગીરાને ભગાડી જનાર યુવક પોલિસ પકકડથી દૂર

**સગીરાને ભગાડી જનાર યુવકને ઝડપી લેવા એસ.પી.ને કરાઈ રજુઆત**

પાલનપુર

પાલનપુર શહેરના સાતસંચા વિસ્તારની એક ૧૬ વર્ષીય સગીરાને ભગાડી જનાર યુવક સામે ફરિયાદ નોંધાવ્યા બાદ પણ તે પોલીસ પક્કડથી દૂર રહ્યો છે. ત્યારે આજે સગીરાના પરિવારજનોએ એસ.પી.ને રજુઆત કરી ન્યાયની ગુહાર લગાવી હતી.

પાલનપુરના સાતસંચા વિસ્તારની એક ૧૬ વર્ષીય સગીરા ગત ૧૫મી જુલાઈના રોજ ઘેરથી નીકળ્યા બાદ પરત ફરી નહતી. ત્યારે પરિવારજનોએ તેની શોધખોળ આદરી હતી. ત્યારે આ ૧૬ વર્ષીય સગીરાને પાલનપુરમાં દશામાંના મંદિર સામે અને ખોડિયાર માતાના મંદિરના બાજુમાં રહેતો જીતુ ઉર્ફે શોકી લાલાભાઈ ઠાકોર નામનો શખ્સ ભગાડી ગયો હોવાનું જાણવા મળતા પીડિત સગીરાના પરિવારજનોએ ફરિયાદ નોંધાવી હતી

જોકે, સગીરાને ભગાડી જવાના ગંભીર કેસમાં ૫-૫ દિવસ વીતવા છતાં પોલીસે કોઈ નક્કર કાર્યવાહી ન કરતા સગીરાના પરિવાજનો અકળાઈ ઉઠ્યા હતા. દરમિયાન, પોલીસની ઢીલી નીતિ સામે રોષ ઠાલવતા સગીરાના પરિવારજનોએ આજે ડી.એસ.પી. કચેરીએ દોડી આવી એસ.પી.ને રજુઆત કરી ન્યાયની ગુહાર લગાવી હતી.

# ધાનેરા પાલિકાના ઉપપ્રમુખ સામેની અવિશ્વાસની દરખાસ્તનો ફિયાસ્કો

**દરખાસ્ત દાખલ કરનાર કોગ્રેંસના કોર્પોરેટરો ગેરહાજર**


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા નગરપાલિકાના ઉપપ્રમુખ અને ઈન્ચાર્જ પ્રમુખ વિરૂધ્ધ દાખલ થયેલી અવિશ્વાસની દરખાસ્ત સંદર્ભે મળેલી મીટીંગમાં કોગ્રેંસના કોર્પોરેટરો ગેરહાજર રહ્યા હતા. તેથી અવિશ્વાસની દરખાસ્ત નો ફિયાસ્કો થયો હતો.

થોડાજ સમય અગાઉ ધાનેરા નગરપાલિકાના પ્રમુખ તરીકેનો ચાર્જ જગદીશભાઈ ઠક્કરે સંભાળ્યો હતો. તેની સામે કોગ્રેંસના આઠ જેટલા કાર્પોરેટરોએ સાત મુદાઓ સાથે અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરી હતી. જેથી નગરપાલિકામાં ગઈકાલે વિશ્વાસનો મત મેળવવા માટે પ્રમુખ આશાબેન પટેલના અધ્યક્ષ સ્થાને મીટીંગ મળી હતી. મીટીંગમાં ચીફ ઓફીસર ચિંતનભાઈ ચૌધરી સહિત ભાજપના તમામ કોર્પોરેટરો હાજર રહ્યા હતા. પરંતુ કોગ્રેંસનો એક પણ કોર્પોરેટર હાજર રહ્યો ન હતો. તેથી અવિશ્વાસની દરખાસ્તનો ફિયાસ્કો

અનુસંધાન પાના નં.૬

# ગ્રામ પંચાયત મંત્રીઓના પગારની વિસંગતતા દુર કરવાના મુદ્દે આવેદનપત્ર

**થરાદ તાલુકા તલાટી મંડળની બઢતીની તકો આપવાની માંગણી**


(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકા તલાટીકમ મંત્રી મંડળ દ્વારા ગ્રામપંચાયત મંત્રીઓના ઉચ્ચતર પગારની વિસંગતતા દુર કરીને બઢતીની તકો આપવાના મુદ્દે તાલુકા પંચાયતમાં આવેદનપત્ર આપ્યું હતું.આસી.ટીડીઓઓ સરકારમાં તેમની માંગણી મોકલવાની ખાત્રી આપી હતી.

થરાદ તાલુકા તલાટી મંડળ દ્વારા ગુરુવારે નાયબ ટીડીઓ ભીખાભાઈ બીજોરને ગ્રામ પંચાયત મંત્રીઓના સંદર્ભે આપેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે સરકાર દ્વારા એક સમાન શૈક્ષણિક લાયકાત ધરાવતા સંવર્ગની પંચાયત વિભાગના અને મહેસુલી મંત્રીઇ તરીકે વહેંચણી કરવામાં આવી છે.આ બંન્ને વિભાગના કર્મચારીઓ

અનુસંધાન પાના નં.૬

# શાળા ગુણોત્સવના પરિણામમાં બનાસકાંઠા જિલ્લાના શૈક્ષણિક સ્તરમાં સુધારો

**ડી ગ્રેડમાં ૪૧ ની જગ્યાએ માત્ર ૧૨ શાખાઓ આવી**



ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જિલ્લાની શાળાઓમાં ચાલુ વર્ષે યોજાયેલા ગુણોત્સવના કાર્યક્રમનું પરિણામ જાહેર થતાં તેમાં બનાસકાંઠા જિલ્લાના શૈક્ષણિક સ્તરમાં સારો એવો સુધારો જણાયો છે. અગાઉ ડી ગ્રેડમાં ૪૧ શાળાઓ આવી હતી. જે આ વખતે માત્ર ૧૨ શાળાઓનો જ ડી ગ્રેડમાં સમાવેશ થયો છે.

અગાઉ શૈક્ષણિક રીતે પછાત ગણાતા બનાસકાંઠા જિલ્લામાં શિક્ષણની વ્યાપક સુવિધાઓને લઈ હવે ધીમે ધીમે પછાતપણાનું કંઈક ભુસાતુ જઈ રહ્યું છે. જેના પરિણામના ફળ ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષામાં જોવા મળી રહ્યા છે. બનાસકાંઠાના વિદ્યાર્થીઓ બોર્ડમાં અવ્વલ આવી રહ્યા છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો દ્વારા કેવો અભ્યાસ કરાવવામાં આવે છે. તે જાણવા ગુણોત્સવ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં વર્ગ ૧ અને ૨ ના

અનુસંધાન પાના નં.૬

પ્રાંત અધિકારીનો સપાટો : જાહેર માર્ગો ખુલ્લા થયા

# છાપી હાઈવે ઉપર સતત બીજા દિવસે દબાણો હટાવાયા

**નિયંત્રણ રેખામાં કરાયેલા પાકા - કાચા દબાણોનો સફાયો**


સુરેશ અગ્રવાલ

પ્રતિ. છાપી

વડગામ તાલુકાના વેપારી મથક છાપી ખાતે છેલ્લા બે દિવસથી જાહેર માર્ગો આસપાસ બિન અધિકૃત રીતે કરાયેલ દબાણો હટાવવાની કામગીરી પ્રાંત અધિકારી આર.કે.પટેલની સીધી દેખરેખ અને છાપી પંચાયત તેમજ આર.એન્ડ બી.શાખા દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ ચાલી રહી છે. જેમાં નિયંત્રણ રેખાના કાચા - પાકા દબાણો દૂર થતા જાહેર માર્ગો સંપૂર્ણ ખુલ્લા થયા છે.

છેલ્લા ઘણા વર્ષોથી છાપી હાઈવે ઉપર તેમજ છાપી પીરોજપુરા એપ્રોચ રોડની નિયંત્રણ રેખાની અંદર કેબીનો તેમજ પાનના ગલ્લા સહીત પાકા બાંધકામ કરી જાહેર માર્ગોને બંધ કરી દેવાતા તંત્ર દ્વારા

અનુસંધાન પાના નં.૬

# થરાદના હાઇવે વિસ્તારમાંથી રૂા.૧.૨૨ લાખની ચોરીથી ચકચાર

**મોટરસાયકલને પંકચર કરીને ચોરીને અંજામ અપાયાનું અનુમાન**


(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદની એક હોટલના ભાગીદાર અને વડગામ તાલુકાના રહીશ યુવકની રૂપીયા ૧,૨૨,૬૦૦ ભરેલી થેલી તથા ચાર ચેકબુકની અજાણ્યા શખ્સે ચોરી કરી લઈ જતાં ચકચાર મચવા પામી હતી.થરાદ પોલીસે આ અંગે સીસી ટીવી કેમેરા ફંફોળી વધુ તપાસ હાથ ધરી છે.

મુળ વડગામ તાલુકાના નાંદોત્રા ગામના સુરેશભાઇ દલસંગભાઇ પટેલ થરાદની માધવનગર સોસાયટીમાં રહે છે અને થરાદમાં હોટલ સનફ્લાવરમાં ભાગીદારી ધરાવેછે.તેમને તેમના સંબંધીને આપવાના હોવાથી ગુરુવારની બપોરના દોઢેક વાગ્યાના સુમારે થરાદની બનાસબેંકમાં આવીને પોતાના ખાતામાંથી ૫૦ હજાર રૂપીયા તથા પત્નીના ખાતામાંથી ૪૦ હજાર ઉપાડ્યા હતા.તેમજ હોટલનો હિસાબ ૩૦ હજાર અને પોતાના ખિસ્સામાં પર્સમાં ૨૬૦૦ રૂપીયા હોઈ તેની સાથે ચેકબુક તથા

## ચોરે મોટરસાયકલને પંક્ચર કર્યાની આશંકા

સુરેશભાઈએ જણાવ્યું હતુંકે તેમના મોટરસાયકલને કોઈ તીક્ષ્ણ અણીથી આરપાર પંકચર પાડવામાં આવ્યું હતું.જોકે પંકચરની ખબર પડતાં તે આગળની સાઈડ બેસીને હાઈવે પરની માં હોસ્પીટલ સુધી પંકચર કરાવવા આવ્યા હતા.જ્યાં સીસી ફુટેજ જોતાં એક અજાણ્યો શખ્સ તેમના મોટરસાયકલની પાછળ દોડતો જોવા મળ્યો હતો.આમ ચોરનારની સુરેશભાઈ પર સતત દોઢ કલાક નજર રહી હોવાનું તથા તેણે જ પંકચર કરીને ચોરી કરવામાં સફળતા મેળવી હોવાનો તર્ક ચર્ચાસ્પદ બન્યો હતો.

# ડીસામાં ડેન્ગ્યુ અંગે આરોગ્ય વિભાગને ધારાસભ્યની તાકીદ

ડીસા

ડીસા તાલુકામાં અને શહેરમાં તાજેતરમાં ડેંગ્યુની બીમારીના કેસો નોંધાયા છે. આ અંગે ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ સરકારના આરોગ્ય તંત્રને ડેન્ગ્યુ બાબતે સજાગ રહી આવા કેસોની તાત્કાલિક યોગ્ય તબીબી સારવાર કરવા તથા શહેરમાં અને ગામડાઓમાં જરૂરી તપાસણી સર્વે કરી આવા દર્દીઓને મદદરૂપ બનવા અપીલ કરી છે. વધુમાં આવા કેટલાય દર્દીઓ ખાનગી દવાખાનાઓમાં સારવાર લઈ

અનુસંધાન પાના નં.૬

# પત્નીને મરવા મજબુર કરતા પતિને 3 વર્ષની સખત કેદ

**પતિના ત્રાસથી પત્નિએ મોત વ્હાલુ કર્યું હતુ : પાલનપુરની એડીશ્નલ સેસન્સ કોર્ટનો ચુકાદો**

પાલનપુર

અમીરગઢ તાલુકાના ખારચીતરા ગામની પરણિતાને મરવા મજબુર કરનાર પતિને પાલનપુરના પાંચમા એડીશ્નલ સેસન્સ મહિલા જજે વિવિધ ગુનામાં ત્રણ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી.

કેસની મળતી વિગતો મુજબ ખાપરા ગામના ભરતભાઈ કસાભાઈ અંગારીની પુત્રી મશરીબેનના લગ્ન ખારચીતરા ગામના વાઘાભાઈ બાબુભાઈ પરમાર(આદિવાસી) સાથે થયા હતા. પરંતુ તે દાંતા વિસ્તારની કોઈ મહિલાને ઘરમાં રાખતો હતો અને 'તને હવે રાખવી નથી કાઢી મૂકવી છે' તેમ કહી શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો. જેથી કંટાળીને મશરીબેને ગત તા. ૨૩/૮/૨૦૧૫ નારોજ ઘરના પાછળના ભાગે ઝાડે દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ અપઘાત કરી દીધો હતો. જે બાબતે ભરતભાઈ

અનુસંધાન પાના નં.૬

# પાલનપુરમાં ચોરીના બાઈક સાથે યુવક ઝડપાયો


સંજય જોષી

**વધુ બે બાઈક ચોર્યા હોવાની કબુલાત : બાઈક ચોરીના વધુ ભેદ ઉકેલવાની શકયતા**

પાલનપુર

પાલનપુર શહેર પૂર્વ પોલીસે વાહનોની ચકાસણી દરમ્યાન ચોરીના બાઈક સાથે એક યુવકને ઝડપી પાડયો હતો. તેણે વધુ બે બાઈક ચોર્યાની કબુલાત કરી હતી. તેથી બાઈક ચોરીના વધુ ભેદ ઉકેલાવાની શક્યતા છે.

જિલ્લા પોલીસ વડા નીરજકુમાર બડગુજરે વાહન ચોરીના બનાવો અટકાવવા સૂચના આપેલ જે સંદર્ભે શહેર પૂર્વ પોલીસનો ડી-સ્ટાફ શહેરના પાતાળેશ્વર મહાદેવના મંદિર પાસે આવેલ કિર્તીસ્તંભ રોડ ઉપર વાહનોની ચકાસણી હાથ ધરી હતી. તે દરમ્યાન બજાજ પ્લેટીના બાઈક (નંજી.જે.૮ એસી.૫૮૪૩) લઈને આવેલા જીતેન્દ્રકુમાર ઉર્ફે ગરી સરદારજી ઠાકોર (મૂળ રહે. ઊંઝા હાલ કોટ તા. સિધ્ધપુર) પાસે બાઈકના સાંધનિક કાગળો માગ્યાં હતા પરંતુ તે પુરાવા આપી શક્યો ન હતો. તેથી તેની કડક પૂછપરછ કરતાં તેણે આ બાઈક શહેરના પંચરત્નમાંથી રાતના સુમારે ચોર્યું હોવાનું જણાવ્યું હતું. તેની વધુ

અનુસંધાન પાના નં.૬

# ડીસાના બસસ્ટેન્ડમાં સાપ દેખાતા તમાશો સર્જાયો


ભરત સુંદેશા

ડીસા

'તમાશાને તેડું ન હોય' કહેવત કાંઈ પણ બાબત કેસામાન્ય બાબતમાં ટોળેટોળા ઉમટે તેને ઉદ્દેશીને કહેવાઈ હશે તેવોજ નજારો ગતરોજ ડીસામાં જોવા મળ્યો હતો. ડીસાના નવા બસસ્ટેશનના આદિત્ય કોમ્પલેક્ષમાં સવારે વેપારીઓએ સાપ જોયોને જોતજોતામાં લોકોમાં એટલાં ટોળે ટોળા ઉમટ્યા હતા. કે મુખ્ય રસ્તા પર ટ્રાફિક જામ થયો અને ટ્રાફિક દુર કરવા પોલીસ બોલાવવી પડી. ખરેખર દેશમાં બેકારી, નવરાશ, બેરોજગારીનુ આનાથી બીજુ ઉદાહરણ શું હોઈ શકે ?

રાંમાભાઈ વાલ્મિકી રહે.લોદરાણી તા.વાવ જણાવ્યું હતું.જોકે પોલીસે તેનું ટાયર ચેક કરતાં બરાબર હોઈ વધુ પુછપરછમાં ગલ્લાંતલ્લાં કરતાં શંકાસ્પદ જણાતાં ગાડીનાં કાગળો તથા માલિકીના આધારનો કોઈ પુરાવો આપી શક્યો ન હતો.આથી પોલીસે શંકાસ્પદ કે ચોરીની સમજી એક લાખની જીપ કબજે લઈ તેની અટકાયત કરી પોલીસ મથક લઈ આવ્યા હતા. જ્યાં પોલીસે કડક પુછપરછ કરતાં તેણે ઉપરોક્ત જીપ ભીલડીથી ચોરી હોવાનું જણાવ્યું હતું.આ અંગે થરાદ

અનુસંધાન પાના નં.૬

# વડગામ તાલુકા સહિત છાપી પંથકમાં પોણા કલાકમાં દોઢ ઈંચ વરસાદ ખાબક્યો

**છાપી હાઈવે ઉપર પાણી ભરાયા : તંત્ર કામે લાગ્યું**


સુરેશ અગ્રવાલ

પ્રતિ. છાપી

વડગામ તાલુકામાં ગુરૂવાર સવાર થી જ બફારા સાથે ગરમીમાં લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા જો કે બપોરે એકાએક જોરદાર વરસાદ પડતાં ઠેરઠેર પાણી ભરાવા સાથે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં ગરમીમાં રાહત થઈ હતી.

વડગામ સહિત છાપી પંથકમાં ગુરૂવાર બપોરે પોણા કલાકમાં દોઢ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં છાપી સહિત સમગ્ર તાલુકામાં ઠેરઠેર પાણી ભરાતા વાહન વ્યવહાર ઉપર માઠી અસર જોવા મળી હતી. ફરી એકવાર તંત્રની પોલ ખોલતાં છાપી હાઈવે ઉપર ઢીંચણ સમા પાણી ભરાયા હતા. જો કે દબાણ હટાવ ઝુંબેશ ચાલતી હોવાના કારણે તંત્ર દ્વારા તાત્કાલિક પાણીનો નિકાલ કરતાં ફરી ટ્રાફિક શરૂ થયો હતો. વારંવાર છાપી હાઈવે ઉપર ભરાતા પાણીનો કાયમી ઉકેલ લાવવા જનમાંગ ઉઠી છે.

## બેસણું (ઘડા)


સ્વ.હીરાલાલ આણંદરામ (હાલાણી) ઠક્કર
સ્વ.તા.૧૭-૭-૨૦૧૭ (દેવસરીવાળા)

**અમારા પૂજ્ય પિતાશ્રી હીરાલાલ આણંદરામ હાલાણી (ઠક્કર) નું દુઃખદ અવસાન તા.૧૭/૭/૨૦૧૭ ને સોમવારના રોજ થયેલ છે. (પ્રભુને ગમ્યું તે ખરૂં), સદ્‌ગતનું બેસણું તા.૨૩/૭/૨૦૧૭ ને રવિવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.**

સ્થળ : પારકરવાડી, વાવ (બ.કાં.)
સમય : સાંજે ૩.૦૦ થી ૫.૦૦

**લિ. શોકાતુર પરિવાર**

હાલાણી રમીલાબેન હીરાલાલ - પત્નિ
હાલાણી સ્વ.ન્યાલચંદ આણંદરામ - ભાઈ
હાલાણી પ્રવિણભાઈ હીરાલાલ - પુત્ર
હાલાણી ભરતભાઈ હીરાલાલ - પુત્ર
હાલાણી ઘનશ્યામભાઈ હીરાલાલ - પુત્ર
હાલાણી કમલેશભાઈ હીરાલાલ - પુત્ર
હાલાણી સુમિતભાઈ હીરાલાલ - પુત્ર
હાલાણી સુરેશભાઈ ન્યાલચંદ - ભત્રીજ
હાલાણી પ્રવિણભાઈ ન્યાલચંદ - ભત્રીજ
હાલાણી દશરથભાઈ ન્યાલચંદ - ભત્રીજ
તથા સમસ્ત હાલાણી પરિવાર

નોંધ : સામાજીક રિતરિવાજ મુજબ ઘડા તા.૨૮/૭/૧૭ ને શુક્રવારના રોજ રાખેલ છે.

# થરાદમાંથી જીપ ચોરનાર ચોરેલી જીપ સાથે ઝડપાયો : બીજી ચોર્યાની પણ કબુલાત

**થરાદ પોલીસે ધાનેરા રોડ પરથી શંકાસ્પદ ઝડપી લીધા બાદ અન્ય ભેદ પણ ઉકેલાયા**


(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદ પોલીસે બુધવારની રાત્રે ધાનેરા ત્રણ રસ્તા પરથી વાવ તાલુકાના એક રીઢા વાહનચોરને ચોરીની જીપ સાથે રંગેહાથે ઝડપી લીધો હતો.જેણે થરાદ બસસ્ટેશનમાંથી જીપ ઉપરાંત અન્ય જીપ ચોર્યાની પણ કબુલાત કરતાં પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

થરાદના પીએસઆઈ બીઆર પટેલ અને આર જી ચૌધરી બુધવારની રાત્રે પોલીસકર્મીઓ ખેમજીભાઈ તથા પ્રકાશભાઈ સાથે કોમ્બીંગ નાઈટ હોઈ થરાદના માર્ગો પર પેટ્રોલીંગમાં નિકળતાં રાત્રીના સુમારે થરાદ ધાનેરા રોડ પર રોડની સાઈડમાં પાર્ક કરેલી જીરછ ૬૯૯૭ નંબરની જીપનું આગળનું ટાયર એક માણસ ખોલતો હોઈ પોલીસે પુછતાં તેનું નામ કનુભાઈ

અનુસંધાન પાના નં.૬

## અમારા કહ્યામાં નથી



ઉપરોક્ત ફોટાવાળા મેઘરાજ વસંતકુમાર રાઠોડ અમારા કહ્યામાં નથી. તો તેમની સાથે કોઈ પણ જાતનો વ્યવહાર કરવો - કરાવવો નહીં. જો કોઈપણ જાતનો વ્યવહાર કરશો તો અમારી જવાબદારી રહેશે નહી. તેની સર્વેએ નોંધ લેવી.

લિ.
વસંતભાઈ મુલચંદભાઈ રાઠોડ
રહે.વાડીરોડ, ડીસા
મો.૯૭૨૩૬૧૫૧૪૮


